અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

ડસ્કી મોડેલે પ્રિયંકા ચોપરાનો વારાણસી ઈવેન્ટ લુક કર્યો રિક્રિએટ,પ્રિયંકાનો આઈવરી લહેંગામાં ટ્રેડિશનલ...


પેજ-09

સૈયદ મુશ્તાક અલી ટ્રોફી... રાજસ્થાન છોડી ચેન્નાઈ જવાની ચર્ચા વચ્ચે સંજુની...



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 18.00 |
| વડોદરા | 31.00 | 18.00 |
| સુરત | 31.00 | 21.00 |


પેજ 5




એર ઈન્ડિયા-એર કેનેડા વચ્ચે કોડશેર કરાર પુનઃસ્થાપિત ભારત-કેનેડા...


24 NOVEMBER-2025 MONDAY


ફ્રેન્ચ નૌકાદળે પાકિસ્તાને ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતનુ રાફેલ...




પેજ 10


.....સુવિચાર.....

ક્ષમા કરો, જેમણે ગઈકાલે તમને દુઃખ પહોંચાડ્યું છે, પરંતુ તેમને ભૂલશો નહીં જેઓ દરરોજ તમારી સંભાળ રાખે છે.


વર્ષ-15 । અંક-013 । વિક્રમ સંવત-2082 । માગસર સુદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## લખનઉમાં ડૉ. મોહન ભાગવતે કહ્યું- ધર્મ માટે લડવું પડશે : યોગીએ કહ્યું- RSS સમાજના સમર્થનથી ચાલે છે, વિદેશી ફંડિંગથી નહીં

# ગીતા માત્ર અભ્યાસ કરવાનું પુસ્તક નથી, જીવન જીવવાની એક રીત છે: ભાગવત

(એજન્સી) લખનઉ | તા.23

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે લખનૌમાં દિવ્ય ગીતા કાર્યક્રમમાં બોલતા કહ્યું કે ગીતા ફક્ત વાંચવા માટે નથી, પરંતુ તેને જીવનમાં અમલમાં મૂકીને જીવવા માટે છે. જ્યારે આ કાર્યક્રમ આજે પૂર્ણ થયો છે, ત્યારે આપણી ફરજ ફક્ત આ કાર્યક્રમ સુધી મર્યાદિત નથી. આપણે બધા અહીં ગીતાના સંદેશને આપણા જીવનમાં ઉતારવા માટે હાજર છીએ. ગીતામાં 700 શ્લોકો છે. જો આપણે દરરોજ બે શ્લોકોનો અભ્યાસ અને મનન કરીએ, આપણને મળેલા સારનો અમલ કરીએ અને આપણા જીવનમાં રહેલી દરેક ખામીને સુધારીએ, તો એક વર્ષમાં આપણું જીવન ગીતા જેવું બનવા તરફ નોંધપાત્ર રીતે આગળ વધી શકે છે. ભાગવત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ હતા.



### ગીતાના સારને સરળ ભાષામાં સમજવું જરૂરી

સરસંઘચાલક કહે છે કે ભગવદ્ ગીતા ઘણા ઉપનિષદો અને દર્શનનો સાર છે. જ્યારે અર્જુન જેવો ધીરજવાન, બહાદુર અને કર્તવ્યનિષ્ઠ માણસ ભ્રમમાં ડૂબી ગયો હતો, ત્યારે પણ ભગવાન કૃષ્ણએ તેને મૂળભૂત સત્ય, ધર્મ અને ફરજ શીખવીને સ્થિર જ્ઞાન આપ્યું. ગીતાના સારને સરળ ભાષામાં સમજવું જરૂરી છે જેથી તે જીવનમાં આત્મસાત થઈ શકે. જ્યારે પણ ગીતાનું ચિંતન કરવામાં આવે છે, ત્યારે તે દરેક પરિસ્થિતિને અનુરૂપ નવી પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડે છે. ડૉ. ભાગવતે કહ્યું કે ભગવાન કૃષ્ણનો પહેલો ઉપદેશ સમસ્યાઓનો સામનો કરવાનો છે, તેનાથી ભાગવાનો નથી. 'હું કરું છું' નો અહંકાર ન રાખો - કારણ કે સાચો કર્તા ભગવાન છે. મૃત્યુ અનિવાર્ય છે, પરંતુ શરીર પરિવર્તનશીલ છે. તેથી, ગીતા ફક્ત અભ્યાસ માટેનો ગ્રંથ નથી, પરંતુ જીવન જીવવા માટેનો અભ્યાસ છે. જો આપણે ગીતાને આચરણમાં મૂકીએ, તો આપણે ભય, આસક્તિ અને નબળાઈઓથી ઉપર ઉઠી શકીએ છીએ અને આપણા જીવનને સમર્પિત, અર્થપૂર્ણ અને સફળ બનાવી શકીએ છીએ. પરોપકારની ભાવનાથી કરવામાં આવેલું નાનું પણ કાર્ય ઉમદા માનવામાં આવે છે. વિશ્વ શાંતિ સ્થાપિત કરવી ફક્ત ગીતા દ્વારા જ શક્ય છે. દ્વિધાઓથી મુક્ત થઈને, રાષ્ટ્ર સેવામાં આગળ વધવું એ આપણું અંતિમ કર્તવ્ય છે, અને આ માર્ગ ફરી એકવાર ભારતને વિશ્વ નેતા બનાવી શકે છે.

### 'જીવો અને જીવવા દો' ની માનસિકતા હોવી જોઈએ - CM યોગી :

UPના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે ભારતમાં સનાતન ધર્મનો દરેક અનુયાયી ગીતાના 18 અધ્યાય અને 700 શ્લોક ખૂબ જ ભક્તિભાવથી વાંચે છે અને આત્મસાત કરે છે. આપણે ધર્મને ફક્ત પૂજાની પદ્ધતિ માનતા નથી, પરંતુ ધર્મ આપણા માટે જીવન જીવવાની કળા છે. આપણે દરેક ફરજને ન્યાયીપણાની ભાવનાથી નિભાવીએ છીએ. આપણે ક્યારેય આપણી શ્રેષ્ઠતાનો પ્રચાર કર્યો નથી. કોઈ અન્યાય ન હોવો જોઈએ. 'જીવો અને જીવવા દો' ની માનસિકતા હોવી જોઈએ. યુદ્ધો ફરજો માટે લડવામાં આવે છે. જ્યાં ન્યાયીપણું હોય છે, ત્યાં વિજય થશે. વ્યક્તિએ પોતાના ધર્મ અનુસાર કાર્ય કરવું જોઈએ. અધર્મ સાથેનું કોઈપણ કાર્ય વિનાશ તરફ દોરી જાય છે.

## તેજસ ક્રેશ : શહીદ વિંગ કમાન્ડર નમાંશને પત્નીએ યુનિફોર્મમાં અંતિમ સેલ્યુટ આપ્યું



(એજન્સી) સિમલા | તા.23

દુબઈ એર શોમાં લડાકુ વિમાન તેજસ ક્રેશમાં જીવ ગુમાવનાર વિંગ કમાન્ડર નમાંશ સ્યાલને રવિવારે અંતિમ વિદાય આપવામાં આવી. હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લામાં પૈતૃક ગામ પટિયાલકરમાં તેમના પિતરાઈ ભાઈ નિશાંતે તેમને મુખાગ્નિ આપી. બપોરે તેમનો પાર્થિવ દેહ ગામ પહોંચ્યો હતો. અંતિમ સંસ્કારના સમયે તેમની પાયલટ પત્ની યુનિફોર્મ પહેરીને અંતિમ દર્શન કરવા પહોંચ્યા. જેમને એરફોર્સના અધિકારીઓ સંભાળતા જોવા મળ્યા હતા. આ પહેલા બપોરે 1 વાગ્યે ગગ્ગલ એરપોર્ટ પર કેબિનેટ મંત્રી યાદવેન્દ્ર ગોમા, નગરોટા બગવાંના ધારાસભ્ય આરએસ બાલી અને શાહપુરના ધારાસભ્ય કેવલ સિંહ પઠાનિયાએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.

# 'સરહદો તો બદલાયા કરે.... કોણ જાણે કાલે સિંધ ભારતમાં હોય!', રાજનાથ સિંહનું નિવેદન

(એજન્સી) નવી દિલ્હી | તા.23

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનના સિંધ મુદ્દે રવિવારે મોટું નિવેદન આપ્યું છે. દિલ્હીમાં સિંધી સમાજના એક કાર્યક્રમમાં સંબોધન દરમિયાન તેમણે કહ્યું, કે આજે સિંધની જમીન ભલે ભારતનો ભાગ નથી પણ સિંધી સભ્યતા હંમેશા ભારતનો અંગ રહેશે. જ્યાં સુધી જમીનની વાત છે, સરહદો તો બદલાયા કરે છે. કોણ જાણે કાલે સિંધ ફરી ભારતમાં પાછું આવી જાય.' રાજનાથ સિંહે વધુમાં કહ્યું કે, 'મેં જોયું છે કે જ્યારે પણ લખનૌમાં રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમ થાય ત્યારે સિંધી સમાજના લોકો તેમાં ખાસ ભાગ લે છે. રામાયણમાં લખેલા શ્લોકથી એ સ્પષ્ટ થાય છે કે સિંધ પ્રદેશ રાજા દશરથના રાજ્યનો ભાગ હતો.



**સિંધી ભાષાની મીઠાશ, સંત કાવ્ય અને સિંધી કળા આપણી પરંપરાઓ દર્શાવે છે :** રાજનાથ સિંહે સિંધી લોકોના વખાણ કરતાં વધુમાં કહ્યું હતું, કે આજે ભારત અને વિશ્વભરમાં સિંધી સમાજની ઓળખ તેમની મહેનતના કારણે છે. તેમણે પોતાની એક આગવી ઓળખ બનાવી છે. સિંધી ભાષાની મીઠાશ, સંત કાવ્ય અને સિંધી કળા આપણી પરંપરાઓ દર્શાવે છે. નોંધનીય છે કે સિંધ પાકિસ્તાનનો ત્રીજો મોટો પ્રાંત છે. સ્વતંત્રતા સમયે સિંધ પાકિસ્તાનનું ભાગ બન્યો. તે સમયે અહીં મોટી સંખ્યામાં હિન્દુઓ પણ રહેતા હતા.

## 'બિહારની ચૂંટણીમાં ગડબડ થઈ, પરંતુ નક્કર પુરાવા નથી', પ્રશાંત કિશોર



(એજન્સી) પટના | તા.23

જન સુરાજના સંસ્થાપક અને પૂર્વ ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર (PK)એ બિહાર વિધાનસભા ચૂંટણીમાં પોતાની પાર્ટીની કારમી હાર બાદ પહેલીવાર ખુલીને નિવેદન આપ્યું છે. તેમણે દાવો કર્યો કે, ચૂંટણીમાં 'રિગ્ડ' એટલે પ્રભાવિત કે ગડબડ લાગે છે, તેમણે એ પણ સ્વીકાર્યું કે હાલમાં તેમની પાસે કોઈ જરૂરી પુરાવા નથી.

### અમને ધાર્યા પ્રમાણે પરિણામ ન મળ્યું: પ્રશાંત કિશોર

ખાનગી ન્યૂઝ એજન્સી સાથેની વાતચીતમાં પ્રશાંત કિશોરે કહ્યું કે, 'તેમની પાર્ટીની હાર જેટલી મોટી દેખાઈ રહી છે, જમીની હકીકત તેનાથી બિલકુલ અલગ છે. પ્રશાંત કિશોરે કહ્યું કે, 'ચૂંટણીમાં એવા પરિણામો જોવા મળ્યા જેનો કોઈ તાર્કિક આધાર નથી દેખાયો. કેટલીક અદ્રશ્ય શક્તિઓ હતી. એવી પાર્ટીઓને મત મળ્યા જેમને લોકો જાણતા પણ ન હતા. કેટલાક લોકો મને કહી રહ્યા છે કે બોલો EVMમાં છેડછાડ થઈ, પરંતુ મારી પાસે તેનો કોઈ પુરાવો નથી.

# દિલ્હીના ફાર્મહાઉસથી રૂ.200 કરોડનું ડ્રગ્સ જપ્ત : 2ની ધરપકડ

(એજન્સી) નવી દિલ્હી | તા.23

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ દિલ્હીમાં 200 કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. એક ફાર્મ હાઉસમાં રેડ દરમિયાન ડ્રગ્સનો મોટો જથ્થો મળી આવ્યો. ગુપ્ત જાણકારીના આધારે કાર્યવાહી શરૂ કરાઈ જેમાં ત્રણ દિવસ સુધી ઓપરેશન ચલાવવામાં આવ્યું. ઓપરેશનમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય સિન્થેટિક ડ્રગ્સ નેટવર્કનો ખુલાસો થયો છે. ભારતની અંદર આ ગેંગ વિદેશી ઓપરેટર્સના ઈશારે કામ કરી રહી હતી. દિલ્હી-NCRમાં શંકાસ્પદ ગતિવિધિઓને ટ્રેક કરવામાં આવી રહી છે. રેડ બાદ 25 વર્ષના શેન વારીસ નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તે મૂળ ઉત્તર પ્રદેશના અમરોહા જિલ્લાનો છે. શેન વરિસ નોઈડામાં એક કંપનીમાં સેલ્સ મેનેજરે તરીકે કામ કરી રહ્યો હતો. તે વિદેશમાં બેઠેલા તેના માલિકોના ઈશારે નકલી સીમ કાર્ડ અને વોટ્સએપની મદદથી સમગ્ર નેટવર્ક ચલાવતો હતો. શેનની પૂછપરછમાં એસ્ટર કિમીની નામની એક મહિલાનું નામ પણ સામે આવ્યું છે.

**ઈન્ટરનેશનલ નેટવર્કનો ખુલાસો**

## 'SIR સુધારો નથી, થોપવામાં આવેલો અન્યાય છે', રાહુલ ગાંધીનો મોટો પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી | તા.23

કોંગ્રેસે અલગ-અલગ રાજ્યોમાં મતદાર યાદીના SIRના કામમાં સામેલ BLOના મોતનો મુદ્દો ઉઠાવ્યો છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ X પર લખ્યું છે કે, મતદાર યાદીના SIRના નામ પર દેશભરમાં અફરાતફરી મચાવી દીધી છે. રાહુલ ગાંધીએ ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, 'SIRની પ્રક્રિયાને થોપવામાં આવેલો જુલમ અને લોકોને હેરાન કરવા માટેનું ઈરાદાપૂર્વકનું કાવતરું છે. બિનજરૂરી દબાણને કારણે BLO ના મૃત્યુને 'કોલેટરલ ડેમેજ' તરીકે અવગણવામાં આવી રહ્યું છે. ત્રણ અઠવાડિયામાં 16 BLOએ પોતાના જીવ ગુમાવ્યા છે. હાર્ટ એટેક, તણાવ, આત્મહત્યા - SIR એ કોઈ સુધારો નથી, તે લાદવામાં આવેલો અન્યાય છે.' કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષે લખ્યું કે ચૂંટણી પંચે એક એવી પ્રક્રિયા બનાવી છે જેમાં લોકોને તેમના નામ શોધવા માટે 22 વર્ષ જૂની મતદાર યાદીઓના હજારો સ્કેન કરેલા પાના ઉલટાવવા પડે છે. તેમણે આરોપ લગાવ્યો, 'હેતુ સ્પષ્ટ છે- મતદારો થાકીને હારી જાય અને વોટ ચોરી વગર રોક ટોકે ચાલુ રહે.'






# ગોવામાં 'કામસૂત્ર મહોત્સવ'માં ભારે હોબાળો : વિરોધ વધતાં રદ કરવો પડ્યો

(એજન્સી) ગોવા | તા.23

ગોવામાં 'ધ ટેલ્સ ઓફ કામસૂત્ર મહોત્સવ' નાતાલના સપ્તાહ દરમિયાન પ્રમોટ કરવામાં આવી રહ્યો હતો, જેને અનેક સંગઠનોએ સાંસ્કૃતિક અને ધાર્મિક રીતે અયોગ્ય ગણાવ્યો હતો. વધતા વિરોધને ધ્યાનમાં રાખીને, ગોવા પોલીસે તાત્કાલિક હસ્તક્ષેપ કર્યો અને સમગ્ર કાર્યક્રમ રદ કરવાનો આદેશ આપ્યો. 'ધ ટેલ્સ ઓફ કામસૂત્ર મહોત્સવ' 25 થી 28 ડિસેમ્બર દરમિયાન યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

'ધ ટેલ્સ ઓફ કામસૂત્ર મહોત્સવ' રજનીશ ફાઉન્ડેશનના નામ હેઠળ પ્રમોટ કરવામાં આવ્યો હતો અને તેનું સંચાલન ઓશો



લુધિયાણા મેડિટેશન સોસાયટી સાથે સંકળાયેલા સ્વામી ધ્યાન સુમિત દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કામસૂત્રની વાર્તાઓ, ધ્યાન સત્રો અને સુખાકારી પ્રવૃત્તિઓનો સમાવેશ થવાનો હતો. જો કે, નાતાલના સપ્તાહ સાથે તહેવારનું જોડાણ ઘણા લોકો દ્વારા ખૂબ જ વાંધાજનક માનવામાં આવ્યું હતું, જેના કારણે વિવાદ થયો હતો.

**NGOની ફરિયાદ પર કાર્યવાહી કરાઇ :** ગોવા સ્થિત NGO ARZના સ્થાપક અરુણ પાંડેએ આ કાર્યક્રમ સામે સૌપ્રથમ અવાજ ઉઠાવ્યો હતો. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે આ ઉત્સવનો પ્રચાર ગોવાને સેક્સ ટુરિઝમ ડેસ્ટિનેશન તરીકે દર્શાવે છે. પાંડેએ આરોપ લગાવ્યો હતો કે કામસૂત્ર જેવા વિષયને ક્રિસમસ જેવા ધાર્મિક તહેવાર સાથે જોડવો અસંવેદનશીલ અને ઉશ્કેરણીજનક છે. ત્યારબાદ તેમણે ગોવા પોલીસમાં ઔપચારિક ફરિયાદ નોંધાવી હતી અને કડક કાર્યવાહીની માંગ કરી હતી.

## AAP દ્વારા તાપીના સોનગઢ ખાતે આયોજિત કિસાન મહાપંચાયતનું આયોજન હજારો ખેડૂતો ઉમટી પડ્યા

# આ દેશ ખેડૂતોનો દેશ છે, ભાજપના નેતાઓનો દેશ નથી: ચૈતર વસાવા



અમદાવાદ/તાપી/નર્મદા/ભરૂચ/વલસાડ/ વડોદરા/ડાંગ/દાહોદ/છોટાઉદેપુર/

આદિવાસી વિસ્તારોમાં લોકોના અધિકાર-ન્યાય સહિત ખેડૂતોની દેવા માફી સહિત 10 અલગ અલગ માંગોને મુદ્દે આમ આદમી પાર્ટી દ્વારા તાપી જિલ્લાના ગુણસદા ગામે ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. લોકપ્રિય આદિવાસી નેતા અને ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા, પ્રદેશ મહામંત્રી સાગર રબારી, કાર્યકારી પ્રમુખ રાજુભાઈ સોલંકી, પ્રદેશ મહામંત્રી રાકેશ હિરપરા, વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા, પ્રદેશ યુવા પ્રમુખ બ્રીજરાજ સોલંકી, દક્ષિણ ઝોન પ્રભારી રામ ધડુક, સુરત મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા પાયલ સાકરીયા, રુસ્તમ ગામીત, કેતન પટેલ, મહેન્દ્ર ગામીત, સાયના ગામીત , ઉવેશ મુલતાની, દિનેશ પટેલ, કુંજન પટેલ, સ્નેહલ વસાવા, જિમ્મી પટેલ ખેડૂત મહાપંચાયતમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ખૂબ જ મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો સહિત તમામ સમાજના ખેડૂતો, યુવાનો, મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સભા અગાઉ ધારાસભ્ય ચૈતર વસાવાએ ગામડાઓમાંથી રેલી પણ કાઢી હતી અને ઠેર ઠેર લોકોએ ધારાસભ્ય ચૈતર વસાવાનું સ્વાગત કર્યું હતું અને રેલીમાં તથા કિસાન મહાપંચાયતમાં લોકોએ દિલ ખોલીને આમ આદમી પાર્ટીને સમર્થન જાહેર કર્યું હતું. જે રીતે લોકો આમ આદમી પાર્ટીના સમર્થનમાં આવી રહ્યા છે તેનાથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં અને વિધાનસભાની 2027ની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી નવો ઈતિહાસ રચશે.

ડેડીયાપાડાના ધારાસભ્ય અને લોકપ્રિય આદિવાસી નેતા ચૈતર વસાવાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતો સમક્ષ કિસાન મહાપંચાયતમાં પોતાની વાત રજુ કરતા જણાવ્યું હતું કે, આ દેશ કૃષિપ્રધાન દેશ છે અને આ દેશ ખેડૂતોનો દેશ છે, આ દેશ કોઈ ભાજપના નેતાઓનો દેશ નથી. ખેડૂતો દિવસ રાત મહેનત કરીને, દેવું કરીને, જોખમ ઉઠાવીને જ્યારે પોતાનો પાક ઉગાડે છે અને બજારમાં લઈ જાય છે ત્યારે બજારમાં એ પાકનો ભાવ નક્કી કરવાનો અધિકાર પણ ખેડૂતો પાસે હોતો નથી. માટે હું ઉદ્યોગપતિઓની સરકારને કહેવા માગું છું કે 2027ની ચૂંટણીમાં જગતના તાત એવા ખેડૂતો ભાજપની સરકારને ઉખાડીને ફેંકી દેશે. સંસદમાં આંકડા આપવામાં આવ્યા હતા કે ઉદ્યોગપતિઓના 16 લાખ કરોડના દેવા માફ કરવામાં આવ્યા હતા પરંતુ જ્યારે ખેડૂતોના બે-બે લાખની લોનની વાત આવે તો ખેડૂતોની જમીન જપ્ત કરવામાં આવે, ખેડૂતોના મકાન જપ્ત કરવામાં આવે છે ત્યારે આપણે તમામ લોકોએ સમજી જવું જોઈએ કે આ આપણા લોકોની સરકાર નથી પરંતુ આ અદાણી અંબાણીની સરકાર છે. આ દેશ ડોક્ટર બાબા સાહેબ આંબેડકર બનાવેલા બંધારણથી ચાલવો જોઈએ, આદિવાસી સમાજના આગેવાન જયપાલસિંહ મુંડાના આદિવાસીઓ દ્વારા કરવામાં આવેલા પ્રબન્ધન પ્રમાણે ચાલવો જોઈએ. પરંતુ 30 વર્ષના ભાજપના શાસનમાં આદિવાસીઓને આપવામાં આવેલા સંવિધાનિક અધિકારોનો અમલ થયો નથી. ગુજરાતમાં અનુસૂચિ પાંચ આજ દિન સુધી લાગુ કરવામાં આવી નથી. જો આવનારા દિવસોમાં ભાજપની સરકાર અંબાજીથી ઉમરગામ સુધી અનુસૂચિ પાંચ લાગુ નહીં કરે તો એનો બદલો 2027ની વિધાનસભાની ચૂંટણીમાં લેવામાં આવશે.

**જો આવનારા દિવસોમાં ભાજપની સરકાર અંબાજીથી ઉમરગામ સુધી અનુસૂચિ પાંચ લાગુ નહીં કરે તો એનો બદલો 2027ની વિધાનસભાની ચૂંટણીમાં લેવામાં આવશે: ચૈતર વસાવા**

1972 માં ઉકાઈ જળાશય બનાવવામાં આવ્યો તો તેના કારણે આપણા ગામડાને ગામડા ખાલી કરી દેવામાં આવ્યા અને એના માટે પોલીસનો ઉપયોગ કરવામાં આવ્યો, લોકોને વિસ્થાપિત કરવામાં આવ્યા. જેના કારણે આપણા લોકો પોતાના ગામ, પોતાની જમીન, પોતાની પ્રકૃતિ અને પોતાની સંસ્કૃતિથી છિન્ન ભિન્ન થઈ ગયા. આજે એ વિસ્તારમાંથી હું રેલી સ્વરૂપે તમામ લોકોને મળતો મળતો આવ્યો તો મેં જોયું કે મારી માતાઓ રડતી હતી મારા વડીલો રડતા હતા ત્યારે મેં તમામ લોકોને આહવાહન કર્યું કે હવે રડવાની કે જિંદાબાદ મુર્દાબાદ કરવાની જરૂરત નથી હવે આ લોકોને સત્તામાંથી ઉખાડી દેવાનો સમય આવ્યો છે. સોનગઢમાં સરકારે વેદાંત કંપની સાથે 10,000 કરોડના એમઓયુ કર્યા ત્યારે હું ધારાસભ્ય ન હતો તેમ છતાં પણ એ લડતમાં જોડાયો હતો, એ દરમિયાન આપણા યુવાનો પર ખોટા કેસો કરવામાં આવ્યા. ભલે યુવાનોએ જેલમાં જવું પડ્યું પરંતુ લડત આગળ વધી અને આખરે એમઓયુ રદ કરવા પડ્યા. આ વિસ્તારમાં બહારના લોકો નોકરી કરવા આવે છે તો બે મહિનામાં પરમેનેન્ટ થઈ જાય છે અને આ વિસ્તારના સ્થાનિક લોકોને 10-10 વર્ષ સુધી પર્મનેન્ટ કરવામાં આવતા નથી. તો આવનારા સમયમાં આ કંપની સામે પણ આપણે જઈશું અને જરૂરત પડી તો એને પણ તાળા લગાવી દઈશું. થર્મલ પાવરમાં પણ આદિવાસી લોકોની નોકરી આપવાની બાંયધરી આપવામાં આવી હતી પરંતુ આજે થર્મલ પાવરમાં આદિવાસી લોકોની નોકરીઓ આપવામાં આવતી નથી અને બહારના લોકો આવીને અહીંયા રાજ કરે છે તો અમે અહીંયાથી



ચેતવણી આપવા માંગીએ છીએ કે સ્થાનિક લોકોને થર્મલ પાવરમાં નોકરી આપવામાં નહીં આવે તો થર્મલ પાવર બંધ કરવા માટે પણ તૈયાર થઈ જાવ.

તાપી જિલ્લાના વ્યારા ખાતે માત્ર એક સુગર મીલ હતી ત્યાં આપણા ખેડૂતો એસ સુગર મીલમાં શેરડી નાખવા ગયા અને એ પ્રમુખોએ, ડિરેક્ટરોએ અને ભાજપના માણસોએ ખેડૂતોના બધા પૈસા ખાઈ ગયા અને એ ખેડૂતોને એક પણ રૂપિયા મળ્યો નહીં અને એ સુગર ભાજપના એક નેતાએ બારોબાર ટેન્ડર પાડીને મહારાષ્ટ્રના એક વ્યક્તિને સુગર વેચી દીધી. મહારાષ્ટ્રના માણસને એને ભાજપના નેતાઓને અમે કહેવા માંગીએ છીએ કે સુગર વ્યારામાં છે અને વ્યારા અમારો વિસ્તાર છે તો જ્યાં સુધી ખેડૂતોને ન્યાય નહીં મળે ત્યાં સુધી સુગર મીલમાં કોઈને પૂછવા નહીં દઈએ.

## સિવિલ હોસ્પિટલ જુનાગઢમાં ચાર બાળકોનાં મોત થયાના આક્ષેપ અંગે સત્ય હકીકત

### જુનાગઢ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષકની સ્પષ્ટતા

નરેન્દ્ર દવે | જૂનાગઢ

બનાવની વિગત એવી છે કે એક સગર્ભા બહેન ગુરુવારે રાત્રે પ્રાઈવેટ ના યુએસજી રિપોર્ટ સાથે સિવિલ હોસ્પિટલ જુનાગઢ ખાતે દાખલ થયેલ હતા. પ્રાઈવેટ ના યુએસજી રિપોર્ટમાં જ ગર્ભાશયમાં બાળકનું મૃત્યુ થયેલ છે તેવું લખેલું હતું. તેમની નોર્મલ ડિલિવરી કરાવવાનું સ્ટાફ દ્વારા પ્રયત્ન કરવામાં આવેલ હતું અને નોર્મલ ડિલિવરી ન થતા ત્યારબાદ દર્દીના સગા દર્દીને રાત્રેથી લઈ જતા સિઝેરિયન સેક્શન કરવામાં આવેલ ન હતું.

અન્ય એક કિસ્સામાં, સગર્ભા માતાની ડિલિવરી સિવિલ હોસ્પિટલ જુનાગઢ ખાતે થયેલ હતી અને બાળકનું જન્મ સમયે વજન ખૂબ જ ઓછું ૬૦૦ ગ્રામ હતું. આવા કિસ્સામાં બાળકને બચાવવું ખૂબ જ મુશ્કેલ હોય છે. આપણા નવજાત શિશુ સારવાર વિભાગ એનઆઈસીયુ દ્વારા બાળકને બચાવવાનો પૂરેપૂરો પ્રયત્ન કરવામાં આવેલ હતો. આપણા તમામ પ્રયત્નો કરવા છતાં બાળકને બચાવી શકેલ નહોતા. આમ, એક જ ઓછા મહિને જન્મેલા અને ખૂબ જ ઓછા વજનવાળા નવજાત બાળકનું મૃત્યુ થયેલ હતું.

અત્રેની સિવિલ હોસ્પિટલ ખાતે ગાયનેક વિભાગ દ્વારા દર મહિને 550 થી 600 ડિલિવરી કરાવવામાં આવે છે. તથા ગાયનેક વિભાગને નેશનલ લેવલ 'LaQshya' ઈન્સ્પેક્શન અંતર્ગત ક્વોલિટી બાબતે 94% સ્કોર સાથેનું સર્ટિફિકેટ પણ મળેલ છે.

તથા નવજાત શિશુ સારવાર વિભાગ દ્વારા પણ ખૂબ જ સારી ગુણવત્તા સભર સારવાર આપવામાં આવે છે. અત્રેની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે આવતા જરૂરિયાતમંદ તથા ગરીબ દર્દીઓની સિવિલ હોસ્પિટલની સારવાર પદ્ધતિમાં શ્રદ્ધા જળવાઈ રહે તેવા શુભ આશયથી આ સત્ય આપના મીડિયા દ્વારા વધુને વધુ લોકો સુધી પહોંચાડવા નમ્ર વિનંતી છે.

## ભુજના ઢોરી ગામે 28 વર્ષીય યુવતીની પ્રેમીએ હત્યા કરી



(એજન્સી) ભૂજ | તા.23

ભુજના ઢોરી ગામે 28 વર્ષીય યુવતીનો ઘાતકી હાલતમાં મૃતદેહ મળી આવતી ચકચાર મચી જવા પામી છે. સમગ્ર મામલે મૃતકના ભાઈને જાણ કરાતાં માધાપર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પ્રેમ પ્રકરણમાં પ્રેમીએ યુવતીને માથા અને મોંના ભાગે પથ્થરના ઘા મારીને હત્યા નીપજાવી હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપી પ્રેમીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, ભુજના ઢોરી ગામની ઝરીના દાઉદ નામની યુવતીના નિરોણા ગામે લગ્ન થયા બાદ પતિ સાથે મનમેળ ન આવતા ત્રણ વર્ષે છૂટાછેડા લીધા હતા. આ પછી તે પિયરમાં રહેતી હતી. ઝરીના ગામના હરેશ કાનજીભાઈ ગાગલ નામના યુવકના સંપર્કમાં આવી હતી અને બંને વચ્ચે પ્રેમ સંબંધ ચાલે છે. જોકે, આ દરમિયાન ઝરીનાના પરિવારે બીજા લગ્ન નક્કી કર્યા હતા.

ઘટના દિવસે હરેશે ઝરીનાને તેની ડેરી ખાતે મળવા બોલાવી હતી. આ દરમિયાન ઝરીના જણાવ્યું હતું કે 'આપણી હવે અંતિમ મુલાકાત છે. મારા પરિવાર વાળાએ બીજા લગ્નની વાત કરી છે.' એટલામાં હરેશ ઉશ્કેરાઈ જઈને 'તું મારી નહીં થાય તો બીજી કોઈની નહીં થવા દઉં' એમ કહીને ઝરીનાના માથાના ભાગે પથ્થર વડે ઘા કરીને મોતને ઘાટ પહોંચાડે.

## સાબરમતી-જોધપુર વંદે ભારત એક્સપ્રેસ 24 નવેમ્બર, 2025ના રોજ રદ

અમદાવાદ | ઉત્તર પશ્ચિમ રેલ્વેએ તાત્કાલિક સમારકામના કામને કારણે જોધપુર-સાબરમતી-જોધપુર વંદે ભારત એક્સપ્રેસ રદ કરી છે. વિગતો નીચે મુજબ છે: • ટ્રેન નં. ૧૨૪૬૧ જોધપુર-સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ ૨૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ રદ કરવામાં આવશે. • ટ્રેન નં. ૧૨૪૬૨ સાબરમતી-જોધપુર વંદે ભારત એક્સપ્રેસ ૨૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ રદ કરવામાં આવશે. • ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## જૂની પેન્શન યોજના અને ટેટની પરીક્ષા મુદ્દે રાજ્ય સરકાર સામે બાંયો ચઢાવી



(એજન્સી) ગાંધીનગર | તા.23

ટેટની પરીક્ષા અને જૂની પેન્શન યોજના મુદ્દે શિક્ષકો આકરા પાણીએ છે. ગુજરાતમાંથી બે હજાર જેટલા શિક્ષકો દિલ્હી પહોંચ્યા છે. તેઓ દિલ્હીમાં જંતર મંતર ખાતે ધરણા યોજીને વિરોધ નોંધાવશે. શૈક્ષિક સંઘે કેન્દ્ર સરકાર સામે દિલ્હીમાં આંદોલનની જાહેરાત કરી છે. જે સંદર્ભે આજે ગુજરાતમાંથી હજારો શિક્ષકો દિલ્હી પહોંચ્યા છે.

### શૈક્ષિક સંઘે સરકાર સામે આંદોલનનું હથિયાર ઉપાડ્યું

ગુજરાતમાં ટેટની પરીક્ષા અને જૂની પેન્શન યોજના મુદ્દે છેલ્લા બે મહિનામાં રાજ્યભરમાં શિક્ષકોએ જિલ્લા કક્ષાએ આવેદનપત્રો આપ્યા હતાં. સરકાર પાસે જૂની પેન્શન યોજના લાગુ કરવામાં આવે તેવી માગ કરાઈ હતી. અનેક રજૂઆતો બાદ પણ સરકારે માગ નહીં સ્વીકારતા શૈક્ષિક સંઘે સરકાર સામે આંદોલનનું હથિયાર ઉપાડ્યું છે. ગુજરાતમાં અનેક કાર્યક્રમો યોજ્યા જેમાં સફળતા નહીં મળતા શિક્ષકો હવે દિલ્હી કૂચ કરી છે.

### અન્ય શિક્ષક સંઘો પણ આ આંદોલનમાં જોડાશે

સુપ્રીમ કોર્ટ દ્વારા 2010 પહેલા નિમણૂક થયેલા શિક્ષકોને ટેટની પરીક્ષામાંથી મુક્તિ આપવાનો આદેશ કરાયો હતો. જે આદેશ કોર્ટે રદ કરતાં હવે 2010 પહેલાના તમામ શિક્ષકોને ટેટ પાસ કરવી ફરજિયાત થશે. આ ઉપરાંત તેમને પગાર ધોરણ પણ નહીં મળે. જેથી આવતીકાલે શિક્ષકો જંતર મંતર પર ધરણાં કરી વિરોધ નોંધાવશે. રાષ્ટ્ર વ્યાપી આંદોલનમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ સહિત અન્ય શિક્ષક સંઘો પણ આ આંદોલનમાં જોડાશે.

## ખાસ સઘન સુધારણા (SIR) કાર્યક્રમ-2025 અંતર્ગત જુનાગઢ જિલ્લામાં સમીક્ષા મુલાકાતો

(એજન્સી) જૂનાગઢ | તા.23

ખાસ સઘન સુધારણા (SIR) કાર્યક્રમ-2025 અંતર્ગત આજે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, જુનાગઢ શ્રી અનિલ રાણાવસિયા પ્રાંત અધિકારીશ્રી, કેશોદ શ્રી કિશન ગરસર દ્વારા કેશોદ વિસ્તારના અગતરાય અને વણપરિયા કન્યા વિદ્યામંદિર સહિતના વિવિધ મતદાન મથકોની મુલાકાત લીધી હતી. આ દરમ્યાન ખાસ કેમ્પમાં ચાલી રહેલી મેગા કલેક્શન કામગીરી તેમજ SIR ડિજિટાઈઝેશનની પ્રગતિની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

મેગા કલેક્શન કેમ્પ દરમિયાન , નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, નિકુંજકુમાર ધુળા અને મદદનીશ નોંધણી અધિકારી અને મામલતદારશ્રી, માંગરોળ દ્વારા સ્થાનિક આગેવાનોની ઉપસ્થિતિમાં મામલતદાર કચેરી ખાતે બેઠક યોજી હતી અને SIR બાબતે સમજૂતી આપી હતી . ત્યારબાદ માંગરોળ નગરપાલિકા વિસ્તારના વિવિધ બુથો તેમજ શેરીયાઝ તથા માળીયા તાલુકાના કૂકસવાડાના વિવિધ મતદાન મથકની મુલાકાત લઈને કલેક્શન તથા ડિજિટાઈઝેશન કામગીરીની સમીક્ષા કરી.

જિલ્લાના કુલ 13,00,344 મતદારોમાંથી 6,22,433 મતદારોના ગણતરી ફોર્મ ડિજિટાઇઝ થઈ ચૂક્યા છે, જે 47.87% જેટલી પ્રગતિ દર્શાવે છે. ગણતરી ફોર્મ જમા કરવાની અંતિમ તારીખ 04 ડિસેમ્બર, 2025 નજીક આવી રહી હોવાથી, મતદારોને સમયસર ફોર્મ જમા કરવાની જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવેલ છે. ગણતરી ફોર્મ જમા કરવાથી ડ્રાફ્ટ મતદારયાદીમાં મતદારનું નામ સુનિશ્ચિત થઈ જશે.

## ગોધરા રેલવે સ્ટેશને શન્ટિંગ મેળાનું આયોજન કરાયું



રેલવે મુસાફરોની સુરક્ષા હેતુ રેલવેના કર્મચારીઓ માટે ગોધરા રેલવે સ્ટેશને શન્ટિંગ મેળાનું આયોજન કરાયું હતું. જેમાં ૧૦૭કર્મચારીઓએ ભાગ લીધો. સેમિનારમાં પ્રશ્નોત્તરી સત્ર, શન્ટિંગ કાર્ય દરમિયાન લેવાતી સાવચેતીઓ, પાવર બ્લોક દરમિયાન સલામતી પગલાં, દિવસ અને રાત્રે હાથ સંકેતોનો ઉપયોગ વગેરે બાબતે ઉચ્ચ અધિકારીઓ દ્વારા ચર્ચા કરી સુરક્ષા મુદ્દે કર્મચારીઓને જાગૃત કરાયા હતા.

# મહાભારતનું યુદ્ધ રોકવા શ્રી કૃષ્ણની માફક બલરામજી એ પણ પ્રયત્ન કર્યાં હતા



અહિંસાના પ્રવર્તક ભગવાન ગૌતમ બુદ્ધ નું કહેવું હતું કે "વિશ્વ એ બુદ્ધ અને યુદ્ધ માંથી એકની પસંદગી કરવી પડશે" વર્તમાન સમય ની મુખ્ય સમસ્યા એ છે વિશ્વ ના દેશો ની અસ્થિરતા પાછળ નું મુખ્ય કારણ વ્યક્તિ એના અહમ ને પોષવા માટે વિશ્વ શાંતિ ને બદલે યુદ્ધ ના માર્ગે દોરવાઈ જાય છે. રક્ત રંજીત લોહીલુહાણ કુરુક્ષેત્ર ના મેદાનનું ગુનેગાર કોણ? આ પ્રશ્ન લોકોના મન ને આજ પણ વિચારવા મજબૂર કરી નાખે છે.વાસ્તવિકતા તો એ છે કે "યુદ્ધ" એ માણસ ના મન નો એ ડંખ છે કે જેને પોષવા માણસ સમગ્ર માનવ જાતિ ને બલિદાન ના ચાકડા માં હોમી નાખતા ક્ષણવાર નો પણ વિચાર કરતો નથી. મહાભારત ના યુધ્ધ નું વર્ણન કરતા વ્યાસ જી કહે છે કે કુરૂક્ષેત્ર ના મેદાન માં લોહીની નદીઓ વહતી હતી,મડદા ના તો ઊંચા ડુંગર થયા હતા ગિધ,સમડી વગેરે પક્ષીઓ આકાશ માં ચિચ્યારી કરતા મડદા ઉપાડી ને ઉડી રહ્યા હતા યુધ્ધ ના મેદાન માં શિયાળો, વરુ જેવા ક્રૂર જંગલી પશુઓની મિજબાની ચાલી રહી હતી. અંધારા માં દૂર દૂર થી સ્ત્રોઓના રડારોળ નો અવાજ નીરવ શાંતિ માં ગુંજતો હતો આખું કુરુક્ષેત્ર નું મેદાન મડદા ઓના ઢગલામાં ફેરવાઈ ગયું ભયાનક સંહારને લીધે પગ મૂકવાની જગ્યા નહતી.કદાચ પૃથ્વી પર મહાભારત જેવું હિંસક યુદ્ધ ક્યારેય થયું નથી ને થશે પણ નહી,કેમ? વર્તમાન માં થતા યુદ્ધ એ શાસ્ત્રો ના નથી કે ધર્મ અધર્મ,ન્યાય અન્યાય માટે લડાઈ છે. મહાભારત ના યુદ્ધ માં પણ કૌરવો ના દુશ્મન પાંડવો નહતા એના સગા મામા શકુનિ હતા. જ્યારે અંધ ધૃતરાષ્ટ્ર એ શકુનિ ના પિતા ના રાજ્ય માં આક્રમણ કરીને એના પિતા સહિત એના બધાં ભાઈઓને હસ્તિનાપુર ની જેલ માં બંદી બનાવી ને ભૂખ્યા તરસ્યા રાખીને મારી નાખ્યા હતા.અંધ ધૃતરાષ્ટ્ર તો શકુનિ ને પણ મારી નાખવા માંગતો હતો પરંતુ નાનકડા સાત વર્ષ ના ભાઈ શકુનિ બચાવવા માટે ગાંધારી એ પતિને અટકાવ્યા હતા. મૃત પિતા ના અગ્નિ શરીર ને અગ્નિમાં રાખ થતા જોઈને દુઃખી શકુનિ એ એના પિતા ની રીડ ના હાડકા ના પાસા બનાવી ને હાથ માં રમાડતા પ્રતિજ્ઞા લીધી હતી કે જ્યાં સુધી સમગ્ર કૌરવ વંશ નો વિનાશ નહી કરું ત્યાં સુધી પિતા ના અસ્થિ ને પાણી માં પધરાવીશ નહીં. જો તમે ધ્યાન થી 'મહાભારત' ગ્રંથ ને વાંચશો તો સમજાશે કે મહાભારત નું યુદ્ધ પાંચ ગામ કે હસ્તિનાપુર ની પ્રાપ્તિ માટે નહતું થયું મહાભારત ના યુદ્ધ નો ઉદ્ભવ શકુનિ ના ન્યાય વિરોધી પાસા ના કારણે થયું હતું. પાંડવો અને કૌરવો ને શકુનિ એ જુગાર ની લત એવી લગાડી દીધી હતી ને કે બન્નેની નબળાઈ 'જુગાર' બની ચૂકી હતી. જુગાર ની રમત માં કૌરવો તરફથી શકુનિ એના પિતા ને યાદ કરીને પાસા ફેંકતો હતો એટલે એણે જે આંકડો નક્કી કર્યો હોય એ પ્રમાણે પાસા પડતા હતા. શકુનિ ના ફેંકેલા પાસામાં પાંડવો હરતા હતા અને કૌરવો વિજયી થતા હતા એટલે અંધ ધૃતરાષ્ટ્ર નો વિશ્વાસ ખુદ નો દુશ્મન સમજતા શકુનિ પર વધવા લાગ્યો હતો. ત્યાં સુધી કે અંધ ધૃતરાષ્ટ્ર એના પુત્ર દુર્યોધન ની સલાહ કરતા શકુનિ ની સલાહ ને અનુસરવા લાગ્યો હતો.

મહાભારત નું યુદ્ધ અટકાવવા માટે ભગવાન શ્રી કૃષ્ણ ની માફક બલરામજી એ પણ પ્રયત્ન કર્યા હતા પરંતુ અફસોસ પ્રયત્ન નિષ્ફળ થયા હતા.મહાભારત નું યુદ્ધ થવાનું નક્કી થયું ત્યારે બલરામજી એ એના બન્ને શિષ્યો ભીમ અને દુર્યોધન ને સમજાવતા કહ્યું હતું કે દુર્યોધન તમારા પાસે ગદા યુદ્ધ નું જ્ઞાન વધારે છે ને ભીમસેન તમારા કરતા વધારે બળવાન છે એટલે મહાભારત ના યુદ્ધ માં તમારા માંથી કોણ જીતશે એ કહેવું અશક્ય છે. શું કામ બન્ને ભાઈઓ એકબીજા નો રક્ત ના પ્યાસા થયા છો? દુર્યોધન તમે ભીમ થી ઉંમર માં મોટા છો એટલે યુદ્ધ ની જીદ છોડીને પાંડવો ને પાંચ ગામ આપીને સમજાતો કરી લ્યો. ઘણું સમજાવવા છતાંય દુર્યોધન એ બલરામજીની વાત માની નહી ત્યારે બલરામજી મનોમન બોલ્યા હતા કે આના ભાગ્ય માંજ સર્વનાશ લખ્યો છે એટલે એના ભાગ્ય ને બદલી શકવા સમર્થ નથી. આ કારણોસર મહાભારત ના યુદ્ધ માં અધર્મ સ્વરૂપ ૧૦૦ કૌરવો ના સંપૂર્ણ પરિવાર સાથે એના સમગ્ર સહાયકનો સર્વનાશ થયો હતો.આજ પણ કુરુક્ષેત્ર ના મેદાન માં કાન મૂકી સાંભળશો તો આવજો સંભળાશે.



**યુદ્ધનું નિર્માણ**
**- રુપાલી દવે**

પ્રાચીન સમય કે વર્તમાન સમયના મોટાભાગ ના યુદ્ધો એ માનવ કલ્યાણ માટે થતા કે થયા નથી.દરેક યુદ્ધો એ માનવતાના વિનાશ સમાન જ સાબિત થયા છે. વર્તમાન સમયમાં વિશ્વના મોટાભાગ ના દેશ પાસે આધુનિક ટેક્નોલોજી હોવા છતાંય બાહરી દુશ્મનો કરતા આંતરિક દુશ્મનોથી વધારે પીડિત છે ઈતિહાસ કહે છે કે બાહરી કરતા આંતરિક દુશ્મનો મજબુત દેશ ને પણ મૂળ થી નુકશાન પહોંચાડી શકે છે.જે દેશ પોતાનું હિત ઈચ્છતો હોય એણે આંતરિક દુશ્મન ને ઊગતા ડામી દેવો અત્યંત જરૂરી છે. આ વાત પરથી "પાટલી પુત્ર એટલે પટના" ની ડેસ્ટની ની કથા યાદ આવતા થાય છે કે દેશ ની કથની જ વિનાશક હોય તો આંતરિક કે બાહરી દુશ્મન કોને કહી શકાય? પટના કે પાટલીપુત્ર ની કથા: એક વખત ભગવાન ગૌતમ બુદ્ધ એના જીવન ના આખરી દિવસોમાં એના અનુયાયીઓ સાથે પાટલીપુત્ર આગળ થી પસાર થયા ત્યારે નગરની સમૃદ્ધિ અને સુંદરતા ને નિહાળતા જ અનુયાયીઓ એ ભગવાન ગૌતમ બુદ્ધ ને રોકાઈ ને પડાવ નાખવા નું સૂચવ્યું હતું.ભગવાન ગૌતમ બુદ્ધ એ અનુયાયીઓ ને કહ્યું કે આ નગરી ની સમૃદ્ધિ અને સુંદરતા તો છે પરંતુ પડાવ માટે નગરની સ્થિરતા હોવી જરૂરી હોય છે. પાટલીપુત્ર ની ભવિષ્યવાણી કરતા ભગવાન ગૌતમ બુદ્ધ એ અનુયાયીઓને કહ્યું હતું કે માન્યું આ નગર સુંદર અને સમૃદ્ધ છે પરંતુ એની સ્થિરતા કાયમી નથી.આ નગર નું ભવિષ્ય ભલે આજ ઉજ્જવળ દેખાય પરંતુ ભવિષ્ય કુદરતી આફતો,આંતરિક દુશ્મનો અને અંદરો અંદર ના સંઘર્ષ માં કાળેક્રમે નગર બરબાદ થતું રહેશે. ચંદ્રગુપ્ત મૌર્ય ના શાસન કાળ ની સમાપ્તિ બાદ પટના ની ઉતરોતર બરબાદી થઈ છે ૧૨મી સદી માં મુઘલ શાસક બખ્તિયાર ખિલજીએ બિહાર પર આક્રમણ કરીને સાંસ્કૃતિક અને ધાર્મિક કેન્દ્ર ગણાતા પટના એટલે કે પાટલીપુત્રની સાંસ્કૃતિક અને ધાર્મિક ધરોહર નો પૂર્ણપણે વિનાશ કર્યો હતો.

કદાચ યુદ્ધ એ મનુષ્ય કે ભૂમિ નું ભવિષ્ય હશે ભૂમિ ના ભવિષ્ય ને બદલી શકાતું નથી પરંતુ માનવીય યુદ્ધ ના ભવિષ્ય ને બદલાવવા માટે સમાધાન,શાંતિ,અહિંસાનો ઉતમ માર્ગ મનુષ્યજાતિ ના વિનાશ ના માર્ગ ને અવરોધી શકે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# પાણીપુરી ખાવા ગયેલી મહિલાની માથું છૂંદી હત્યા

## રાજકોટમાં ઘરથી 200 મીટર દુર ખુલ્લા પટ્ટમાંથી બીજા દિવસે મૃતદેહ મળ્યો; છેલ્લા CCTV સામે આવ્યાં

(એજન્સી) રાજકોટ | તા. 23

રાજકોટમાં આજે હત્યાની વધુ એક ઘટના સામે આવી છે. શહેરના ભગવતીપરા વિસ્તારમાં આવેલા કોપર ગ્રીન સોસાયટીમાં રહેતા 33 વર્ષીય સ્નેહાબેન આસોડીયાનો માથું છૂંદેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો છે. સ્નેહાબેનની તેઓના ઘરથી 200 મીટર દૂર ખુલ્લા પટમાં તીક્ષ્ણ હથિયારના ઘા મારી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યાં છે. ગઈકાલે સાંજે પોતાના પતિને પાણીપૂરી ખાવા જાઉં છું, કહી ઘરેથી નીકળ્યાં હતાં અને બાદમાં પરત ફર્યા જ નહોંતાં. જે બાદ આજે (23 નવેમ્બર) સવારે તેનો મૃતદેહ મળી આવ્યો હતો, જેથી પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા અને DCP ક્રાઈમ જગદીશ બાંગરવા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. હત્યા કોણે કરી તે હજુ અકબંધ છે, ત્યારે પોલીસે હત્યારાને ઝડપી પાડવાં ચક્રો ગતિમાન કર્યા છે.

મહિલાના પતિ હિતેશભાઈ આસોડિયાએ જણાવ્યું હતું કે, મારી પત્નીએ ગઈકાલે રાત્રે મને ફોન કરી કહ્યું હતું કે પાણીપુરી ખાવા જાઉં છું. મને એમ પણ કહ્યું હતું કે, મને ત્યાંથી તેડતા જજો, જેથી હું બહારથી ઘરે આવતો હતો, ત્યારે ત્યાંથી નીકળ્યો પરંતુ મારી પત્ની મને ક્યાંય ન મળી. જે બાદ હું ઘરે આવ્યો ત્યારે ઘરની લાઈટ ચાલુ હતી. લોક ખોલ્યા બાદ હું અંદર ગયો તો તેનો મોબાઈલ પણ ચાર્જિંગમાં પડેલો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમારે નાના-મોટા ઝઘડો થતા હતા, પરંતુ આવો સ્વપ્નમાં પણ નહોતું વિચાર્યું કે મારી પત્નીનું મૃત્યુ થઈ જશે. મને માનવામાં આવતું નથી કે મારી પત્નીનું મૃત્યુ થયું છે. મારા ત્રણ વર્ષ પહેલાં લગ્ન થયા છે અને હું મારા પત્ની અને પુત્ર સાથે અહીં રહું છું. મારો બે વર્ષનો પુત્ર શિવાંશ છે.



### આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ પણ નથી અને CCTV પણ નથીઃ સ્થાનિક

અહીં રહેતા એક સ્થાનિક અને પડધરી તાલુકાના થોરીયાળી ગામના સરપંચ મનોજ પેઢડિયાએ જણાવ્યું હતુ કે, અહીં પોપટ ગ્રીન સોસાયટીની બાજુમાં અવાવરું જગ્યા આવેલી છે, ત્યાં સ્ટ્રીટ લાઈટ નથી અને સીસીટીવી પણ નથી. આ રસ્તા પર દરરોજ યુવાનો રસ્તા વચ્ચે કેક કાપી બર્થડે ઉજવે છે અને કોઈ તેમને કંઈ કહે તો ઝઘડો કરે છે. અહીં લુખ્ખા તત્વોનો ખૂબ જ ત્રાસ છે. પોલીસનું પેટ્રોલિંગ પણ અહીં હોતું નથી. જેથી પોલીસ અને વહીવટી તંત્રને વિનંતી છે કે અહીં સ્ટ્રીટ લાઈટ નાખવામાં આવે.

## બચકાં ભરીને માથું ફાડી નાખ્યું, શરીર પર પગથી લઈને માથામાં 50થી વધુ ઈજાઓ, હાલત ગંભીર

# સુરતમાં ચાર શ્વાનનો 4 વર્ષના બાળક પર જીવલેણ હુમલો



(એજન્સી) સુરત | તા. 23

સુરત શહેરમાં રખડતા શ્વાનોનો આતંક યથાવત્ જોવા મળી રહ્યો છે. શહેરના સચિન વિસ્તારમાં એક અત્યંત કરુણ અને ગંભીર બનાવ સામે આવ્યો છે, જ્યાં 4 વર્ષના એક માસૂમ બાળક પર 4થી 5 જેટલાં શ્વાનોના ટોળાએ જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં બાળક ગંભીર રીતે ઘાયલ થયો છે અને તેને સારવાર અર્થે તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. માથા સહિત શરીર પર 50થી વધુ ઈજાના નિશાનો છે. હાલ બાળકની હાલત ગંભીર છે. માતા હોસ્પિટલ દોડી આવી દીકરાની હાલત જોઈને માતા આક્રંદ સાથે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા હતા.

મળતી માહિતી અનુસાર, સચિન વિસ્તારમાં 4 વર્ષીય બાળકનું નામ શિવરાજ ઉર્ફે શિવાય રાજેશ પ્રજાપતિ પરિવાર સાથે રહે છે. આજે શિવાય તેના પિતા રાજેશ પ્રજાપતિ સાથે સચિન વિસ્તારમાં આવેલા ઈકો ડાયમંડ પાર્ક પાસે આવેલી કંપની નજીક ગયો હતો. કંપનીની બહારના ભાગમાં જ અચાનક 4 કે તેથી વધુ શ્વાનોના ટોળાએ આ બાળક પર હુમલો કરી દીધો હતો. શ્વાનોએ બાળકને ફાડી ખાવાનો પ્રયાસ કર્યો અને તેનું આખું માથું ગંભીર રીતે ફાડી નાખ્યું હતું. બાળકના શરીરના અન્ય ભાગો પર પણ શ્વાનોએ બચકાં ભર્યા હતા, જેના કારણે તેને પૂરા શરીરમાં 50થી વધુ ગંભીર ઈજાઓ પહોંચી છે. બાળક પર હુમલો થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને મહામહેનતે શ્વાનોની ચુંગાલમાંથી બાળકને છોડાવ્યો હતો.

લોહીલુહાણ હાલતમાં સિવાયને તાત્કાલિક સારવાર માટે સુરતની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. તબીબોના જણાવ્યા મુજબ, બાળકનું માથું ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયું હોવાથી તેની હાલત અત્યંત ગંભીર છે. આ બનાવને પગલે પરિવારમાં શોક અને માતમનો માહોલ છવાયો છે.

સુરત મહાનગર પાલિકાએ છેલ્લા ત્રણ વર્ષમાં કૂતરાંઓના રસીકરણ અને ખસીકરણ માટે પાંચ કરોડ રૂપિયાથી વધારનો ખર્ચ કર્યા બાદ પણ શહેરીજનો માટે સમસ્યા ઠેરની ઠેર છે. દર રોજે પ્રાઈવેટ અને સરકારી હોસ્પિટલોમાં ડોગ બાઈટના કેસો નોંધાઇ રહ્યા છે જેમાં નાના બાળકોથી લઈ વૃદ્ધો સહિતને કૂતરાઓ બચકા ભરી રહ્યા છે. ઈજાગ્રસ્ત બાળકના પિતાના સહકર્મી વિશાલ વિશ્વકર્માએ જણાવ્યું કે, અમારી કંપનીમાં આ માસ્ટર છે, તેમનો નાનો બાળક હતો. તેઓ તેને કંપનીમાં લઈને આવ્યા હતા. અમે કામ કરી રહ્યા હતા અને ખબર ન પડી કે આ બાળક ક્યારે બહાર નીકળી ગયું. બહારના કૂતરા થોડા ખતરનાક છે. ત્યાં ત્રણ-ચાર કૂતરા હતા અને તેમણે તેને ગંદી રીતે કરડ્યો, બહુ ખરાબ રીતે. આખી બોડીમાં તેને કરડ્યો છે.

### દરરોજે મોટી સંખ્યામાં કૂતરાંઓ લોકોને કરડી રહ્યા છે

ભલે પાલિકાએ કરોડોનો ખર્ચ કર્યો હોય પરંતુ કુલ મળીને સરવાળે એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે લોકોને રાહત મળી નથી. શહેરીજનો માટે સમસ્યારૂપ બની ગયેલા રખડતા કૂતરાંઓની સંખ્યા પણ નિયંત્રણ માટે તેમના રસી અને ખસીકરણ પાછળ પાલિકાએ વર્ષ 2022-23થી 2024-25 સુધીમાં પાંચ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ્યા છે. પરંતુ દરરોજે મોટી સંખ્યામાં કૂતરાંઓ લોકોને કરડી રહ્યા છે.

ખાસ કરીને સચિન, ડિંડોલી સહિતના વિસ્તારોમાં કૂતરાંઓ લોકો માટે આફતરૂપ સાબિત થઈ રહ્યા છે. ખાસ કરીને રાતના સમયે વાહનચાલકોનો પીછો કરી તેમને નીચે પાડી દે છે અને લોકોને ગંભીર ઈજા પહોંચે છે. પાલિકાના આંકડાઓ મુજબ છેલ્લા 2022થી 2024 સુધીમાં કુલ 79,846 ડોગ બાઈટના કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ કેસ 2024માં 29,418 નોંધાયા છે. તે ઉપરાંત 2022માં 24,231, 2023માં 26,107 લોકો ડોગબાઈટના શિકાર બન્યા હતા.

## ન્યૂઝ ફ્લેશ

### મોરબીમાં લગ્નના ત્રીજા દિવસે દુલ્હન ફરાર :અમદાવાદની યુવતીએ 3 લાખની છેતરપિંડી કરી

મોરબી | મોરબી શહેરમાં લુટેરી દુલ્હન દ્વારા છેતરપિંડીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. એક યુવકના લગ્ન કરાવ્યા બાદ અમદાવાદની યુવતી લગ્નના ત્રીજા જ દિવસે ફરાર થઈ ગઈ હતી. આ ઘટનામાં યુવકના પિતા પાસેથી લગ્નના નામે ત્રણ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતા. ભોગ બનેલા યુવકના પિતાએ મોરબી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રભુ કૃપા રેસીડેન્સી, રોયલ પાર્ક, મહેન્દ્રનગર ગ્રામ, મોરબી ખાતે રહેતા 55 વર્ષીય સુંદરજીભાઈ દેવજીભાઈ જસાપરાએ આ અંગે રાજુભાઈ તન્ના અને ચાંદની (બંને રહે. અમદાવાદ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. સુંદરજીભાઈ તેમના પુત્ર રાહુલના લગ્ન કરાવવા માંગતા હતા, તે દરમિયાન તેમનો સંપર્ક અમદાવાદના રાજુભાઈ તન્ના સાથે થયો હતો.

રાજુભાઈ તન્નાએ ચાંદની નામની યુવતી સાથે રાહુલના લગ્ન અમદાવાદ ખાતે રજિસ્ટ્રાર કચેરીમાં કરાવ્યા હતા. આ લગ્ન પેટે સુંદરજીભાઈ પાસેથી ત્રણ લાખ રૂપિયા લેવામાં આવ્યા હતા. લગ્ન બાદ ચાંદની માત્ર ત્રણ દિવસ સુધી સુંદરજીભાઈના ઘરે તેમના પુત્ર રાહુલ સાથે રોકાઈ હતી. ત્યારબાદ, તેણે પોતાના પિતાનું અવસાન થયું હોવાનું બહાનું કાઢીને ઘર છોડી દીધું હતું અને ત્યારથી તે પરત આવી નથી. આમ, પુત્રના લગ્ન કરાવી દેવાનું કહીને વૃદ્ધ સુંદરજીભાઈ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવામાં આવી હતી. સુંદરજીભાઈની ફરિયાદના આધારે મોરબી બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા માટે તપાસ શરૂ કરી છે.

### ઈટોલા ગામમાંથી 10 ફૂટ લાંબા મહાકાય અજગરનું રેસ્ક્યૂ કરાયું

વડોદરા | વડોદરા નજીક આવેલા ઈટોલા ગામમાં 10 ફૂટ લાંબો મહાકાય અજગર ઘુસી આવ્યો હતો. જેને પગલે વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટની ટીમે મગરને ભારે જહેમત બાદ રેસ્ક્યુ કર્યો હતો અને વન વિભાગને સોંપ્યો હતો.

વડોદરા જિલ્લાના ઈટોલા ગામે શનિવારે મોડી રાત્રે લગભગ 10.30 વાગ્યે ગામના ફળિયા પાસે કોતરમાંથી નીકળી આવેલો આશરે 10 ફૂટ લાંબો મહાકાય અજગર સ્થાનિક લોકોમાં દહેશત ફેલાવી દીધી હતી. આ ઘટનાની જાણ ગામના સરપંચ ગણપતભાઈએ તાત્કાલિક વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રમુખ અરવિંદ પવારને ફોન કરીને કરી હતી. અજગર ગામમાં ઘૂસી આવ્યો હોવાની સૂચના મળતાં જ ટ્રસ્ટની ટીમના સભ્યો હાર્દિક પવાર, ઈશ્વર ચાવડા તથા પ્રવીણ પરમારે તુરત જ સ્થળ પર પહોંચીને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. લગભગ એક કલાકની સઘન મશક્કત અને કુશળતા પછી ટીમે અજગરને સલામત રીતે રેસ્ક્યુ કર્યો હતો અને તેને વડોદરા વન વિભાગના અધિકારીઓને સોંપી દીધો હતો. વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રમુખ અરવિંદ પવાર અને સભ્ય હાર્દિક પવારે જણાવ્યું હતું કે, આવા મહાકાય અજગરનું રેસ્ક્યૂ જોખમી હોય છે, પરંતુ અમારી ટીમે સ્થાનિક લોકોના સહકારથી તેને સલામત રીતે બચાવી લીધો છે.

## વડોદરામાં પતિને ઊંઘની ગોળી આપી હત્યા કર્યાનો પરિવારનો આક્ષેપ...

# કબરમાંથી 5મા દિવસે મૃતદેહ બહાર કાઢ્યો

(એજન્સી) વડોદરા | તા. 23

વડોદરાના તાંદલજા વિસ્તારમાં વધુ એક સનસનાટીપૂર્ણ ચોકાવનારો બનાવ સામે આવ્યો છે, તાંદલજામાં દફન કરાયેલો એક પુરુષનો મૃતદેહ પાંચમાં દિવસે પોલીસ દ્વારા બહાર કાઢવામાં આવ્યો છે. મોબાઈલની તપાસ કરતા શંકા થઈ હતી. પત્નીએ પતિની હત્યા કરી હોવાનો પરિવારે આક્ષેપ કર્યો છે.

મળતી માહિતી અનુસાર, 18 નવેમ્બરની રાત્રે 15થી 1 વાગ્યા વચ્ચે આ ઘટના બની હતી, પરિવારે આરોપ લગાવતાં કહ્યું છે કે, ઈર્શાદને પહેલા ઊંઘની ગોળીઓ આપીને બેહોશ કરવામાં આવ્યો હતો અને પછી ગળું દબાવીને તેની હત્યા કરવામાં આવી છે. મૃતકના પરિવારે આક્ષેપ કર્યો છે કે 32 વર્ષીય ઈર્શાદ વણઝારાની હત્યા તેની પત્ની ગુલબાનુએ મુંબઈ સ્થિત પોતાના મિત્ર તોસિફ અને અન્ય એક શખ્સ સાથે મળીને ષડયંત્ર રચીને કરી હતી.જોકે, પરિવારજનોએ આકસ્મિક મોત થયું હોવાનું માનીને 19 નવેમ્બરના રોજ ઈર્શાદની દફનવિધિ પણ કરી દીધી હતી.

દફનવિધિ બાદ મૃતકના પરિવારને શંકા જતાં તેને પત્ની ગુલબાનુના મોબાઈલ ફોનની તપાસ કરી હતી. આ તપાસમાં તેમને જાણવા મળ્યું કે પત્ની ગુલબાનુએ સતત કોઈ એક જ નંબર પર લાંબા સમય સુધી ફોન કર્યા હતા, જેના કારણે તેમની શંકા વધુ ગાઢ બની હતી.આ શંકાના આધારે, હત્યાની સઘન તપાસ કરવા માટે પોલીસ અને મેજિસ્ટ્રેટની હાજરીમાં 32 વર્ષીય યુવકના મૃતદેહને કબરમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

વડોદરાના તાંદલજા ચોક પાસે રહેતા ઈર્શાદ અબ્દુલ કરીમ બંજારાનું કુટુંબ 18 નવેમ્બરની રાત્રે મોત થતા ઊંડી શોકમાં ગરકાવ થઈ ગયું હતું. પાંચ સભ્યોના હસતા-રમતા પરિવારમાં અચાનક એક એવો સન્નાટો છવાઈ ગયો હતો. ઈર્શાદ બંજારાનું મૃત્યુ શરૂઆતમાં એક સામાન્ય અંત જેવું લાગ્યું. પરંતુ પત્નીના ચહેરા પર કોઈ પ્રકારનો શોક ન જોવા મળતા પરિવારજનોના મનમાં શંકા ગઈ હતી. જેથી તેમણે જેપી પોલીસ સ્ટેશનના દરવાજા ખખડાવ્યા હતા. પોલીસ અધિકારીએ મૃતદેહને કબરમાંથી બહાર કાઢવાનો નિર્ણય કર્યો હતો, જેથી મૃતદેહને કબરમાંથી કાઢવામાં આવ્યો હતો.



### 'નોર્મલ મૃત્યુ સમજીને અમે તેની દફનવિધિ કરી'

મૃતકના ભાઈ ઈમ્તિયાઝ અબ્દુલ કરીમ બંજારાએ જણાવ્યું હતું કે, 18 નવેમ્બરના રોજ રાત્રે મારા નાના ભાઈને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. ત્યારબાદ તેને પાણી પીધું હતું અને ચક્કર આવ્યા બાદ તે પડી ગયો હતો. ત્યારબાદ તેની પત્નીએ તેને બેડ ઉપર સુવડાવી દીધો હતો. ત્યારબાદ વહેલી સવારે ત્રણ વાગે તેની પત્નીએ કહ્યું હતું કે, તેના પતિનું મૃત્યુ થયું છે. ત્યારબાદ સગા સંબંધીઓને બોલાવવામાં આવ્યા હતા અને નોર્મલ મૃત્યુ સમજીને અમે તેની દફનવિધિ કરી હતી.

### પત્નીના ચહેરા પર કોઈ પણ પ્રકારનો શોક નહીં

ઈમ્તિયાઝે વધુમાં કહ્યું કે, મારા ભાઈના મૃત્યુ બાદ તેની પત્નીના ચહેરા પર કોઈ પણ પ્રકારનો શોકનું ભાવ દેખાતો નહોતો. તેને કોઈ ફરક જ પડ્યો નહોતો. જેથી અમને શંકા ગઈ હતી. જેથી અમે મારી ભાઈની પત્નીના મા-બાપને બોલાવ્યા હતા અને તેમની હાજરીમાં પૂછપરછ કરી હતી. જેમાં તેને પતિની હત્યા કરી હોવાની કબુલાત કરી હતી.

મૃતકના ભાઈએ કહ્યું કે, મારું કહેવું છે કે મારા ભાઈની પત્ની અને બે લોકોએ મળીને મારા ભાઈની હત્યા કરી છે. અમને ન્યાય મળવો જોઈએ. પોલીસે મારા ભાઈના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

જેપી રોડ પોલીસે યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને આગળની તપાસ બાદ જ આ સમગ્ર હત્યાના ષડયંત્રની હકીકત સામે આવશે.

## વેસુમાં થારમાં અચાનક આગ ફાટી નીકળી : કારમાં સવાર બે યુવક બહાર નીકળી જતા બચાવ

(એજન્સી) સુરત | તા. 23

વાહનોમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાના બનાવો અવારનવાર બનતા હોય છે. આવો જ એક બનાવ સુરતના વેસુ વિસ્તારમાં મોડી રાત્રે બન્યો હતો, જ્યાં એક મહિન્દ્રા થાર ગાડીમાં અચાનક આગ ફાટી નીકળતાં દોડધામ મચી ગઈ હતી. કારમાં આગ લાગી ત્યારે બે યુવક સવાર હતા. જે સમયસુચકતા વાપરીને બહાર નીકળી જતા બચાવ થયો હતો.

સુરતના વેસુ વિસ્તારમાં મોડી રાત્રે એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. એક મહિન્દ્રા થાર ગાડી જ્યારે રસ્તા પરથી પસાર થઈ રહી હતી, તે દરમિયાન અચાનક તેમાં આગ લાગી ગઈ હતી. ગાડીમાં તે સમયે બે



વ્યક્તિઓ સવાર હતા. આગ લાગવાની જાણ થતાં જ ગાડીમાં સવાર બંને વ્યક્તિઓ તાત્કાલિક બહાર નીકળી ગયા હતા, જેના કારણે કોઈ પણ પ્રકારની જાનહાનિ થતાં ટળી ગઈ હતી. જોકે, આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં ગાડીના આગળના ભાગ (બોનેટ)ને સંપૂર્ણપણે લપેટમાં લઈ લીધી હતી.

## અમરેલીના સાંસદ ભરત સુતરિયાનો વિરોધીઓ પર પ્રહાર : કહ્યું- 'ચૂંટણી સમયે મને ઘેરી લીધો, એ લોકોએ એવો આહાર અને સેવન મને કરાવી દીધો, જે મેં ક્યારે કર્યો નથી'

(એજન્સી) અમરેલી | તા. 23

અમરેલીના સાંસદ ભરત સુતરિયાએ બાબરા નગરપાલિકા બિલ્ડીંગના લોકાર્પણ કાર્યક્રમમાં વિરોધીઓ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે લોકસભા ચૂંટણી દરમિયાન થયેલા વિરોધનો ઉલ્લેખ કરતા કહ્યું કે, હવે પછી વિરોધીઓએ સહન કરવાની શક્તિ રાખવી પડશે.

લોકસભાની ચૂંટણી વખતે સાંસદ ભરત સુતરિયા પર વિરોધીઓએ આક્ષેપ કર્યો હતો કે, તેઓ એવા પ્રકારનો આહાર અને સેવન કરે છે અને વ્યસન કરે છે. જેનો જવાબ આપતા સાંસદ ભરત સુતરિયાએ જણાવ્યું હતું કે, લોકસભા ચૂંટણી સમયે તેમને એટલો ઘેરી લેવામાં આવ્યા હતા કે, તેમને એવો આહાર અને સેવન કરાવી દીધો હતો જે તેમણે ક્યારેય કર્યો નહોતો. મે જિંદગીમાં જે વસ્તુ જોઈ ન હતી તેની સામે મને બેસાડી દીધો હતો. તેમણે ઉમેર્યું કે, 'હું ખેડૂતનો દીકરો છું, ખેડૂત ખેતી કરી જાણે છે અને લોકોને ભેળસેળવાળું નથી ખવડાવતા.'

સાંસદે શાયરીના અંદાજમાં વિરોધીઓને જવાબ આપતા



જણાવ્યું કે, 'કયું ના મેં બદલું તુમ વહી હો ક્યાં, માના મેં ગલત હું તુમ સહી હો ક્યાં.' તેમણે ભારપૂર્વક કહ્યું કે, હવે સહન કરવાની શક્તિ હોવી જોઈએ.

ભરત સુતરિયાએ અમરેલી જિલ્લામાં થયેલા વિકાસ કાર્યોનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે દાવો કર્યો કે, 'અત્યારે 2500 કરોડ રૂપિયાના વિકાસ કાર્યો થયા છે. હું ગમે ત્યાં જાવ છું, લોકો કહે છે કે અમરેલીમાં ભરપૂર વિકાસ દેખાય છે.' તેમણે જિલ્લાના પાંચ ધારાસભ્યો અને જિલ્લા પ્રમુખની ટીમ દ્વારા થયેલા સંયુક્ત પ્રયાસોને પણ બિરદાવ્યાં હતા.

બીજી તરફ રાજ્ય કક્ષાના મંત્રી કૌશીક વેકરીયાએ જણાવ્યું કે, વિકાસ માટે આપણે દેશી ભાષામાં કહીએ તો કોથળો ભરી દીધો છે, ગાસડી ખોલી દીધી છે એ પ્રકારની શરૂઆત લાંબા સમય પછી અમરેલી જિલ્લામાં જોવા મળી છે. માત્ર બાબરા નગરપાલિકામાં જ 47 કરોડના વિકાસના કામોના ખાતમૂર્હત અને કામો થયા છે તે કોઈ નાની વાત ન કહેવાય.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2024ની લોકસભા ચૂંટણી સમયે ભાજપના નેતા અને પૂર્વ સાસંદ નારણ કાછડિયાની ટીકીટ કપાઈ જતા ભાજપમાં જ અંદરો અંદર વિવાદ થયો હતો. ભરત સુતરિયા ઉપર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યાં હતા. ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષના નેતાઓએ ભરત સુતરિયાને જે તે વખતે આડે હાથ લીધા હતા. તેમનો અભ્યાસ, આહાર, વ્યસન સહિતના મુદ્દે આક્ષેપો કરાયા હતા. કેટલાક ગામડામાં ભરત સુતરીયાના વિરોધમાં કાર્યકરોએ બેનરો પણ લગાવ્યાં હતા.

## એક્ટિવા પર રહેલાં યુવકને ફડાકો માર્યો, વચ્ચે આવેલા ભાઈ-ભત્રીજાને પણ માર્યા; ઈન્સ્ટા. પર 'માફિયા'ની રીલ મૂકી સીનસપાટા

# ભાઈગીરીના ચક્કરમાં 3 યુવકની મારામારી

(એજન્સી) વડોદરા | તા 23

વડોદરા શહેરના નવાયાર્ડ વિસ્તારમાં શનિવારે રાત્રે એક રિક્ષાચાલક, તેના ભાઈ અને ભત્રીજાને માથાભારે શખસ શહેબાઝ પઠાણ સહિત ત્રણ યુવકે માર માર્યો હતો. જેમાં રિક્ષાચાલકને ઈજાઓ પહોંચી હતી, જેથી તેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડાવ્યો હતો. હુમલાની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આ બનાવ અંગે ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

આરોપી શહેબાઝ પઠાણે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ ઈન્સ્ટાગ્રામ પર 'માફિયા કા મતલબ મેં, મેં કા મતલબ માફિયા' સોંગ પર રીલ મૂકેલી છે, જેમાં તે ટોળા સાથે કેક કાપતો દેખાય છે. આરોપી શહેબાઝ ભાઈગીરી સાથે સોનું પહેરવાનો પણ શોખીન છે.

### મારા ભાઈનો કોલ આવતા મેં એક્ટિવા રોકી હતીઃ નાઝીમ

નાઝીમ પઠાણે જણાવ્યું હતું કે, હું અમે મારા ફોઈના દીકરો નવાયાર્ડ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, એ સમયે મારા ભાઈનો કોલ આવતા મેં એક્ટિવા રોકી હતી. આ સમયે શહેબાઝ ત્યાં આવ્યો હતો અને મને કહ્યું હતું કે, મારા ઘર પાસે કેમ બાઈક રોકી છે, તેમ કરીને મને માર્યો હતો. મારા ફોઈના દીકરા અને મારા ભાઈને પણ માર માર્યો હતો. આ લોકો સાથે અમારો કોઈ ઝઘડો નહોતો. આ લોકો ભાઈગીરી કરે છે અને કહે છે કે, અમારા ઘર પાસે ઊભું નહીં રહેવાનું.

વડોદરા શહેરના નવાયાર્ડ વિસ્તારમાં રહેતા રિક્ષાચાલક નાઝીમ અબ્દુલ કાદીર ખલીલ ખાન પઠાણ (ઉં.વ. 21)એ ફરિયાદમાં જણાવ્યું છે કે, 22 નવેમ્બરના રોજ રાત્રે 9 વાગ્યાની આસપાસ તે પોતાના ભાઈના દીકરા અજીમખાન આસમોહમ્મદ પઠાણ સાથે એક્ટિવા પર ફૂલવાડી ચોકડી પાસે કામ અર્થે ગયો હતો. કામ પૂરું કરીને રાત્રે લગભગ 9:30 વાગ્યે ઘરે પરત ફરતાં ડી-કેબીન માર્ગે આવતા હતા.

અજીમી મસ્જિદ અને ગરીબ નવાજ પાર્ક પાસે ડી-કેબીન સામે અજીમખાનને ફોન આવતાં તેણે એક્ટિવા રોડની સાઈડમાં ઊભી રાખી હતી. તે સમયે શહેબાઝ નામનો યુવક મોપેડ પર આવીને ઊભો રહ્યો હતો અને બંનેને ગંદી ગાળો આપવા લાગ્યો હતો. યુવકે ગાળો ન આપવા કહેતાં શહેબાઝ વધુ ગુસ્સે થયો હતો અને અજીમખાનને ગાલ પર ઝાપટ મારી હતી. નાઝીમે તેને રોકવાનો પ્રયાસ કરતાં શહેબાઝે તેને પણ છુટ્ટા હાથે અને લાતો-ઘૂંટણથી મારવાનું શરૂ કર્યું હતું.

આ દરમિયાન શહેબાઝના બે અન્ય મિત્રો બીજા વાહનમાં ત્યાં પહોંચી ગયા હતા અને ત્રણેયે મળીને નાઝીમને રોડની સાઈડમાં લઈ જઈને ગાળો આપી હતી અને ગડદાપાટુ માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તે જ સમયે નાઝીમનો મોટો ભાઈ નાસીરખાન ત્યાં પહોંચીને બચાવવા વચ્ચે પડ્યો હતો/

## ગ્રામજનોએ રાહત અનુભવી, દીપડાની હાજરીથી ગામમાં ભયનો માહોલ છવાયો હતો

(એજન્સી) નવસારી | તા. 23

નવસારી નજીકના કાછીયાવાડી ગામમાં ત્રણ દિવસથી દહેશત ફેલાવનાર એક દીપડો આખરે પાંજરે પુરાયો છે. આ ઘટનાથી ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ત્રણ દિવસ પહેલા ગામની પાછળ આવેલા વાડી વિસ્તારમાં ગ્રામજનોએ દીપડાના આંટાફેરા જોયા હતા. દીપડાની હાજરીથી ગામમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ગ્રામજનોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. વન વિભાગના અધિકારીઓએ પરિસ્થિતિની ગંભીરતા પારખીને દીપડાને પકડવા માટે યોગ્ય સ્થળે પાંજરું ગોઠવ્યું હતું.

ગત મોડી રાત્રે આશરે બે કલાકે આ દીપડો ગોઠવેલા પાંજરામાં ફસાયો હતો. દીપડો પાંજરે પુરાયાની જાણ થતાં જ વન વિભાગને ફરીથી જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ વન વિભાગના



અધિકારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા અને દીપડાનો કબજો લીધો હતો. દીપડાને સુરક્ષિત સ્થળે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ડાંગના જંગલોમાંથી દીપડાઓ શિકારની શોધમાં નવસારી જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારો તરફ આવવા માંડ્યા છે. અહીં શેરડી અને ડાંગરના ખેતરો, ચીકુ અને આંબાવાડીઓ, નદીઓ અને કોતરો તેમને રહેવા માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે.

**વૃષભ : બ. વ. ઉ.**

સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો.

**મિથુન : ક. છ. ઘ.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે.

**કર્ક : ડ. હ.**

એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું.

**સિંહ : મ. ટ.**

તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય.

**કન્યા : પ. ઠ. ણ.**

દરેકેદરેક જણને મદદ કરવાની તમારી તૈયારી તમને થકવી નાખશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.

**તુલા : ર. ત.**

ખિન્ન તથા નિરાશ ન થાવ. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈઓ પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. આજે કોઈક તમારા વખાણ કરશે. કાર્યસ્થળે ઊભા થનારા વિરોધ સામે ખાસ કરીને ચોકસાઈભર્યા અને હિંમતવાન બનો.

**મકર : ખ. જ.**

તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે.

**કુલ ચાર આરોપી સંડોવાયા**

## સિહોર લાંચ કૌભાંડમાં પોલીસ કોન્સ્ટેબલ સહિત બે રંગે હાથે ઝડપાયા

ભાવનગર: ભાવનગર જિલ્લાના સિહોર ખાતે એન્ટિ કરપ્શન બ્યુરો (એસીબી) દ્વારા કરવામાં આવેલી એક સફળ રેડમાં લાંચ લેતા પોલીસ કોન્સ્ટેબલ સહિત બે વ્યક્તિઓને રંગે હાથે ઝડપી લેવામાં આવ્યા છે. નોકરીમાં પરત લેવા, બાકી પગાર ચૂકવવા અને પોલીસ ફરિયાદ ન કરવાના બદલામાં આ લાંચની માગણી કરવામાં આવી હતી. આ સિહોર લાંચ કૌભાંડમાં કુલ ચાર આરોપીઓ સંડોવાયેલા છે, જેમાંથી મુખ્ય આરોપીઓ એસીબીની રેડ દરમિયાન ફરાર થતાં તેમને વોન્ટેડ જાહેર કરવામાં



આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી ક્લસ્ટર કો-ઓર્ડીનેટર તરીકેની નોકરી કરતા હતા. આરોપીઓએ ફરિયાદીને તેમની નોકરીમાં પરત લેવા, તેમનો બાકી રહેલો પગાર ચૂકવી દેવા અને તેમની સામે કોઈ પણ પ્રકારની પોલીસ ફરિયાદ ન કરવાના બદલામાં મોટી રકમની લાંચ માગી હતી.આરોપીઓએ ફરિયાદી પાસે કુલ ૨ લાખની માગણી કરી હતી. ભ્રષ્ટાચાર આચરતા આ તત્ત્વો સામે ઝૂકવાને બદલે ફરિયાદીએ સીધો એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબી દ્વારા આ મામલે કાયદેસરનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. એસીબીની ટીમે ગોઠવેલા છટકા મુજબ, લાંચની રકમ સ્વીકારતી વખતે સ્થળ પરથી બે આરોપીઓને રંગે હાથે ઝડપી લેવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં ઋતુરાજસિંહ પરમાર નામના પોલીસ કોન્સ્ટેબલ અને જીગર ઠક્કરનો સમાવેશ થાય છે. એસીબીની ટીમે સ્થળ પરથી લાંચની માગણી કરેલી રકમ પૈકી ૧.૫૦ લાખની રિકવરી પણ કરી હતી, જે લાંચ તરીકે સ્વીકારાઈ હતી. જોકે, આ ભ્રષ્ટાચારના મૂળમાં રહેલા અન્ય બે મુખ્ય આરોપીઓ એસીબીની રેડની ગંધ આવી જતાં ઘટનાસ્થળેથી ફરાર થવામાં સફળ રહ્યા હતા.સિહોર લાંચ કૌભાંડમાં સંડોવાયેલા અને રેડ દરમિયાન ભાગી છૂટેલા બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

**ગ્રામીણ ભારતની યુવા પેઢી ડિજિટલ ક્રાંતિની મશાલ**

# ડિજિટલ બેન્કિંગ અને નાણાકીય સાક્ષરતાથી ગામડાંમાં ક્રાંતિ, ૪૬% યુવાનો અગ્રેસર

### ગામડાઓમાં 78.6 ટકા પુરૂષો અને 21.4 ટકા મહિલાઓ ડિજિટલ બેન્કિંગનો ઉપયોગ કરતા થયા




ભાવનગર : મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના એક મહત્ત્વપૂર્ણ સંશોધને ગ્રામીણ ભારતમાં આવી રહેલા નાણાકીય પરિવર્તનનો નક્કર ચિતાર રજૂ કર્યો છે. 'ડિજિટલ બેન્કિંગ અને નાણાકીય સાક્ષરતા ૨૦૪૭ માટે ગ્રામીણ ભારતનું પરિવર્તન' વિષય પર યુનિવર્સિટીના કોમર્સ વિભાગના વિદ્યાર્થી વાઘમસિં અરવિંદે કરેલા આ અભ્યાસ મુજબ, હવે ગામડાંની યુવા પેઢી જ દેશની ડિજિટલ ક્રાંતિનું સુકાન સંભાળી રહી છે. પરંપરાગત રોકડ વ્યવહારોને તિલાંજલિ આપીને, ગામડાંના લોકો હવે સગવડભર્યા ડિજિટલ બેન્કિંગ પ્લેટફોર્મ અપનાવી રહ્યા છે, જે 'ડિજિટલ ઈન્ડિયા'ના સ્વપ્નને મૂર્ત સ્વરૂપ આપી રહ્યું છે.ભાવનગર યુનિવર્સિટીના આ સંશોધનના તારણો દર્શાવે છે કે, ગામડાંના લોકોમાં ડિજિટલ બેન્કિંગ તરફનો ઝુકાવ નોંધપાત્ર રીતે વધ્યો છે. ખાસ કરીને ૩૧ થી ૪૦ વર્ષના યુવાનો (૪૬.૪%) અને ૨૧ થી ૩૦ વર્ષના નવયુવાનો (૩૨.૧%) આ પરિવર્તનમાં અગ્રેસર છે. આંકડાઓ મુજબ, ગ્રામીણ વિસ્તારોમાં ૭૮.૬% પુરુષો અને ૨૧.૪% મહિલાઓ હવે ડિજિટલ બેન્કિંગનો સક્રિય રીતે ઉપયોગ કરી રહ્યાં છે. આ ટકાવારી સ્પષ્ટ કરે છે કે, ગામડાંમાં પણ હવે પુરુષોની સાથે મહિલાઓ પણ આધુનિક નાણાકીય વ્યવહારો અપનાવી રહી છે. ધીમે ધીમે મોટા ભાગના વ્યવહારો ઓનલાઈન પેમેન્ટ દ્વારા થઈ રહ્યા છે, જે પરિવર્તનનો સ્પષ્ટ સંકેત છે. ડિજિટલ બેન્કિંગના વધતા વ્યાપ વચ્ચે, ગ્રામજનોનો બેન્કિંગ સિસ્ટમ પરનો ભરોસો જળવાઈ રહ્યો છે. અભ્યાસ મુજબ, ૮૯.૩% ગ્રામજનો બચત ખાતું (સેવિંગ એકાઉન્ટ) ધરાવે છે. બેન્કોની પસંદગીમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (૪૬.૪%) અને આપણી સ્થાનિક ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્ક (૩૫.૭%) લોકોની પહેલી પસંદ બની છે.રોકડ વ્યવહારોની જગ્યા હવે આધુનિક ઓનલાઈન પેમેન્ટ પ્લેટફોર્મે લઈ લીધી છે. ગ્રામીણ ભારતની પ્રગતિમાં આ એક સીમાચિહ્નરૂપ પરિવર્તન છે. સંશોધન દર્શાવે છે કે, પેમેન્ટ માટે ગ્રામજનોમાં ગૂગલ પે (૪૮.૨%) અને ફોન પે (૧૯.૬%) જેવાં પ્લેટફોર્મ લોકપ્રિય બની રહ્યાં છે. આ આંકડાઓ સૂચવે છે કે નાણાકીય સાક્ષરતા અને આધુનિક ટેક્નોલોજી અપનાવવાની ગતિ ગ્રામ્ય સ્તરે પણ વેગ પકડી ચૂકી છે.

**બે પરિવારો સામસામે ધમકી અને હુમલાનો ગુનો**

## અપશબ્દો બોલવા મુદ્દે ઉમરેઠના અહિમા મારામારી બે પરિવાર વચ્ચે લોહિયાળ સંઘર્ષ

આણંદ: ઉમરેઠ તાલુકાના અહિમા ગામે એકદમ નજીવી બાબતને લઈને બે પરિવારો વચ્ચે ભીષણ મારામારી થતાં વિસ્તારમાં તંગદીલી ફેલાઈ ગઈ છે. માત્ર અપશબ્દો બોલવા મુદ્દે શરૂ થયેલા આ ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં બંને પક્ષના કુલ ચાર વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા છે. ઘટનાની ગંભીરતાને જોતાં ખંભોળજ પોલીસ મથકમાં બંને પક્ષો દ્વારા સામસામે ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.અહિમા મારામારીની ઘટના ભાથીજી મંદિર નજીક બની હતી. અહિમા ગામે રહેતા આશાબેન ગજેન્દ્રસિંહ ચૌહાણ તેમની પુત્રી દીપિકાબેન સાથે તબેલા પરથી પોતાના ઘરે પરત આવી રહ્યા હતા. આ સમયે રસ્તામાં સવિતાબેન જગદીશભાઈ ચૌહાણ, દક્ષાબેન કરણસિંહ ચૌહાણ, પ્રકાશભાઈ જગદીશભાઈ ચૌહાણ અને જગદીશભાઈ મણીભાઈ ચૌહાણ સહિતના લોકોએ તેમને અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. આશાબેને જ્યારે અપશબ્દો બોલવાની ના પાડી, ત્યારે મામલો બિચક્યો હતો. સવિતાબેન અને દક્ષાબેને ભેગા મળીને આશાબેનની પુત્રી દીપિકાબેનને માર માર્યો હતો, જ્યારે પ્રકાશભાઈએ આશાબેનને પણ માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટનાથી પ્રથમ પક્ષે ચૌહાણ પરિવારની મહિલાઓને ઈજા પહોંચી હતી.

# એકતા યાત્રા પૂર્વે આણંદમાં 150 વૃક્ષોનું કટિંગ પર્યાવરણ પ્રેમીઓમાં રોષ

(એજન્સી) આણંદ | તા.23

ગુજરાતમાં કરમસદથી કેવડિયા કોલોની સુધી આયોજિત 'એકતા યાત્રા'ના ભવ્ય પ્રારંભ પૂર્વે વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી એક કામગીરીએ પર્યાવરણ પ્રેમીઓમાં ભારે આક્રોશ ફેલાવ્યો છે. યાત્રાના રૂટને અનુકૂળ બનાવવાના બહાને વિદ્યાનગર સહિત આસપાસના વિસ્તારોમાં આવેલા અંદાજે ૧૫૦ જેટલા વૃક્ષોનું મોટા પાયે વૃક્ષોનું કટિંગ અને ટ્રિમિંગ કરી દેવામાં આવ્યું છે. જે વર્ષો જૂના વારસાગત વૃક્ષોની કુરબાની સમાન ગણાય છે.તંત્ર દ્વારા આગામી ૨૬મી નવેમ્બરે યોજાનારી એકતા યાત્રાની તૈયારીના ભાગરૂપે બે દિવસ અગાઉ કટિંગની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ કામગીરી જીટોડીયાથી શરૂ કરીને અંધારીયા ચોકડી, નાવલી, નાપાડ, આસોદર ચોકડી અને ઉમેટા સુધીના 'એકતા માર્ગ' પર કરવામાં આવી હતી. વહીવટી તંત્રનું કહેવું છે કે, આ માત્ર નમેલી ડાળખીઓ કાપવાનું કામ છે, પરંતુ વાસ્તવિકતામાં અનેક સ્થળે વર્ષો જૂના આખેઆખા વૃક્ષોનું કટિંગ કરી નાખવામાં આવ્યું છે.કરમસદ-આણંદ મહાનગરપાલિકા દ્વારા તો શનિવારના રોજ વિદ્યાનગરના હૃદય સમાન શાસ્ત્રી બાગની ચારેબાજુ આવેલા વૃક્ષો પર પણ કુહાડી



ચલાવવામાં આવી હતી. અહીં પચાસ વર્ષથી પણ વધુ જૂના અનેક કિંમતી વૃક્ષો હતા, જેમાંથી ૨૮ વૃક્ષોનું સીધું જ વૃક્ષોનું કટિંગ કરી નાખવામાં આવ્યું છે.આણંદ અને વિદ્યાનગરની સ્થાપના સમયે જે પર્યાવરણ પ્રેમીઓએ અથાગ મહેનત કરીને આ કિંમતી વૃક્ષોનો ઉછેર કર્યો હતો, તેમનામાં આ ઘટનાને કારણે ભારે નારાજગી અને આક્રોશ ફેલાયો છે.

સ્થાનિક પર્યાવરણ સંરક્ષણ જૂથના એક અગ્રણીએ મીડિયા અહેવાલને ટાંકીને જણાવ્યું હતું કે, 'અમે એકતા યાત્રાનો વિરોધ નથી કરતા, પરંતુ માર્ગની સુંદરતા જાળવવા કે કોઈ મહાનુભાવને નડતરરૂપ ન થાય તે માટે આટલા મોટા પાયે પર્યાવરણને નુકસાન પહોંચાડવું કેટલું યોગ્ય છે? ડાળખીઓનું ટ્રિમિંગ કરવું અલગ વાત છે, પરંતુ આખેઆખા વૃક્ષો કાપી નાખવા એ પર્યાવરણની હત્યા સમાન છે.'આ કટિંગ માત્ર પર્યાવરણને જ નુકસાન નથી કરતું, પરંતુ ઉનાળામાં છાંયડો આપતા અને જીવસૃષ્ટિને આશરો આપતા આ વૃક્ષોના અભાવે સ્થાનિક હવામાન પર પણ લાંબા ગાળે ગંભીર અસર પડી શકે છે. વિદ્યાનગર જેવા શિક્ષણના ધામમાં જ્યાં પ્રકૃતિ અને વિજ્ઞાનનો સમન્વય હોય છે, ત્યાં જ આ પ્રકારનું પગલું ભરવામાં આવતા તંત્રની બેદરકારી સામે સવાલો ઊભા થયા છે.તંત્ર દ્વારા તાત્કાલિક આડેધડ વૃક્ષોનું કટિંગ બંધ કરવામાં આવે અને વન વિભાગના નિયમોનું પાલન થાય તેવી સ્થાનિકો દ્વારા જોરદાર માગણી કરવામાં આવી રહી છે.

**નોટરી વકીલ ભીમજી ચૌહાણની ધરપકડ ખોટા આધારકાર્ડ અને LC બનાવતો**

## લૂંટેરી દુલ્હન કૌભાંડમાં મોટો ખુલાસો ખોટા દસ્તાવેજ બનાવનાર નોટરી વકીલ ઝડપાયો

બહુચરાજી: સમગ્ર ગુજરાતમાં લગ્નના નામે યુવકોને નિશાન બનાવનાર 'લૂંટેરી દુલ્હન' ચાંદનીની આંતરજિલ્લા ટોળકીનો પર્દાફાશ થયા બાદ હવે આ કૌભાંડના મૂળ સુધી પહોંચવામાં બહુચરાજી પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે આ કેસમાં ખોટા દસ્તાવેજો બનાવીને કાયદેસરતા પ્રદાન કરવામાં મદદ કરનાર એક નોટરી વકીલ ભીમજી ચૌહાણને ઝડપી પાડ્યો છે, જેના કારણે આ લૂંટેરી દુલ્હન કૌભાંડના અનેક પડદા ઉકેલાશે. પ્રાથમિક પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે, આ ટોળકી લગ્ન માટે જરૂરી એવા ખોટા આધાર કાર્ડ અને લિવિંગ સર્ટિફિકેટ (એલ.સી.) જેવા સંવેદનશીલ દસ્તાવેજો ઊભા કરવા માટે ઝડપાયેલા નોટરી વકીલ ભીમજી ચૌહાણની મદદ લેતી હતી. પોલીસના જણાવ્યા મુજબ, મુખ્ય આરોપી ચાંદની રાજ્યભરમાં ૧૫થી વધુ યુવકોને પોતાનો શિકાર બનાવી ચૂકી છે. આ ટોળકીની મોડસ ઓપરેન્ડી પણ ચોંકાવનારી હતી. લગ્ન કર્યા બાદ ચાંદની માત્ર ચાર જ દિવસમાં 'પિતાની બીમારી'નું ખોટું બહાનું કાઢીને ઘરમાંથી રોકડ રકમ અને દાગીનાની લૂંટ કરીને ફરાર થઈ જતી હતી.અંદાજ છે કે આ આંતરજિલ્લા ટોળકીએ લગ્નના નામે અત્યાર સુધીમાં ૫૨ લાખ રૂપિયાથી વધુની રકમ ખંખેરી છે.



આ કૌભાંડને અંજામ આપવા માટે આરોપીઓએ અમદાવાદમાં આવેલા 'શુભમ' અને 'જયમાડી' નામના મેરેજ બ્યુરોની પણ મદદ લીધી હતી. લૂંટેરી દુલ્હન કૌભાંડની ગંદી મોડસ ઓપરેન્ડી માત્ર લૂંટ સુધી સીમિત નહોતી. જ્યારે છેતરાયેલા પીડિત યુવકો છૂટાછેડાની માંગણી કરતા અથવા પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપતા, ત્યારે આ ટોળકી તેમને બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને તોડ પણ કરતી હતી

.બહુચરાજી પોલીસની ઝીણવટભરી તપાસના અંતે આ કૌભાંડનો પર્દાફાશ થયો છે. પોલીસે અગાઉ મુખ્ય સૂત્રધાર દુલ્હન ચાંદની, તેની માતા, મુખ્ય દલાલ રાજેશ અને અન્ય એક મહિલા સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. હવે નોટરી વકીલ ભીમજી ચૌહાણની ધરપકડ થતાં આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય કાયદાકીય મદદગારો અને મેરેજ બ્યુરોના સંચાલકો સુધી તપાસ લંબાવવામાં આવશે. આ ધરપકડથી પોલીસને આ સમગ્ર ટોળકીના નેટવર્ક અને તેના મૂળ સુધી પહોંચવામાં મોટી મદદ મળશે.

**બોટાદ દંપતી પરત ફરતું હતું ત્યાં જ કાળ બની કાર ત્રાટકી**

## સાળંગપુર રોડ અકસ્માતમાં બોટાદના દંપતી ખંડિત પત્નીનું કરુણ મોત

(એજન્સી) ભાવનગર | તા.23

આસ્થાનું પ્રતીક ગણાતા સાળંગપુર ધામથી પરત ફરી રહેલા બોટાદના એક પરિવાર પર કાળ ત્રાટક્યો હોય તેવી કરુણ ઘટના સામે આવી છે. સાળંગપુર રોડ અકસ્માત માં એક બાઈક અને કાર વચ્ચે જોરદાર ટક્કર થતાં બોટાદના દંપતી પૈકી પત્નીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું છે, જ્યારે પતિ અને પૌત્રને પણ ગંભીર ઈજાઓ પહોંચી છે. આ અકસ્માતને પગલે રજાનો દિવસ આ પરિવાર માટે માતમમાં ફેરવાઈ ગયો છે.બોટાદ શહેરના ખસ રોડ પર આવેલા શંકરપરા વિસ્તારમાં રહેતા રમેશભાઈ ખીમજીભાઈ ચાવડા તેમના પત્ની રેખાબેન અને પૌત્ર ધ્યેયને લઈને ધાર્મિક સ્થળ સાળંગપુરથી પરત બોટાદ તરફ આવી રહ્યા હતા. તેઓ પોતાનું મોટરસાયકલ લઈને બોટાદ દંપતી શાંતિથી મુસાફરી કરી રહ્યું હતું, પરંતુ બોટાદ-સાળંગપુર રોડ પર આવેલ ૧૦ નંબરના ખૂંટા પાસે નિયતિએ તેમનો પીછો કર્યો.સૂત્રો દ્વારા મળેલા અહેવાલ મુજબ, આ સમયે સામેની દિશામાંથી પૂરઝડપે અને બેફિકરાઈથી આવી રહેલી એક કારના ચાલકે પોતાનું વાહન કાબૂ બહાર જતાં સીધું જ મોટરસાયકલ સાથે અથડાવી દીધું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે બાઈક પર સવાર ત્રણેય વ્યક્તિઓ રોડ પર ફંગોળાઈ ગયા હતા.આ જીવલેણ સાળંગપુર રોડ અકસ્માત બાદ તાત્કાલિક ત્રણેય ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ડોક્ટરો દ્વારા તપાસ કરવામાં આવતા રમેશભાઈના પત્ની રેખાબેનને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. તેમના કરુણ મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. જે પૌત્રને સાથે લઈને ખુશી ખુશી દર્શન કરવા ગયા હતા, તેની નજર સામે જ દાદીનું નિધન થતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. અકસ્માતમાં રમેશભાઈ અને તેમના પૌત્ર ધ્યેયને પણ ઈજાઓ પહોંચી છે, જેમની સારવાર ચાલી રહી છે.પત્નીને ગુમાવનાર રમેશભાઈ ખીમજીભાઈ ચાવડાએ આ મામલે બોટાદ ટાઉન પોલીસ મથકમાં કાર ચાલક વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદના આધારે, પોલીસે બેફામ અને પૂરઝડપે વાહન ચલાવી અકસ્માત સર્જી માનવ દંપતીને ખંડિત કરવા બદલ કાર ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે વાહન નંબરના આધારે આરોપી કાર ચાલકને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ગ્રામીણ વિસ્તારોમાં બેફામ ગતિએ ચાલતા વાહનોને કારણે સર્જાતા અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. સ્થાનિક નાગરિકોની માગ છે કે પોલીસ દ્વારા આવા વાહન ચાલકો સામે કડક પગલાં લેવામાં આવે અને રોડ પર સુરક્ષાના નિયમોનું કડક પાલન કરાવવામાં આવે.

**મહેમદાવાદ ઝઘડામાં આખો પરિવાર નિશાને આરોપીઓએ લાકડી-પાઈપથી માર માર્યો**

## બાઈક ઝડપી ચલાવવા મુદ્દે કતકપુરા હુમલો એક જ પરિવારના ત્રણ સભ્યો ઘાયલ

(એજન્સી) નડિયાદ | તા.23

મહેમદાવાદ તાલુકાના કતકપુરા ગામમાં એકદમ સામાન્ય બાબતે મોટો ઝઘડો થયો હતો, જેણે હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. માત્ર બાઈક ઝડપથી ચલાવવાના મુદ્દે શરૂ થયેલા તકરારમાં, પાંચ શખ્સોએ એક પરિવાર પર જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલાના કારણે પરિવારના ત્રણ સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમને તાત્કાલિક સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવાની ફરજ પડી હતી. સમગ્ર મામલે પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.મળતી માહિતી મુજબ, કતકપુરા હુમલો ૨૧ નવેમ્બરના રોજ સાંજના સમયે શરૂ થયો હતો. ફરિયાદી કાંતિભાઈ રયજી ખાંટના ભત્રીજા દશરથ મુકેશભાઈ ખાંટ દૂધની ડેરી પાસેથી પસાર થતા હતા. આ સમયે આરોપીઓ ગીરધરભાઈ મહોતભાઈ ખાંટ અને વરૂણભાઈ ચીમનભાઈ ખાંટ સાથે તેમનું બાઈક ઝડપથી ચલાવવા બાબતે બોલાચાલી થઈ હતી. વાત વણસતા બંને આરોપીઓએ દશરથને અપશબ્દો બોલીને માર માર્યો હતો.આ ઘટના બાદ ફરિયાદી કાંતિભાઈ જ્યારે આરોપી ગીરધરભાઈના ઘર પાસે રોડ પર પહોંચ્યા, ત્યારે ત્યાં હાજર આરોપી ચીમનભાઈ મહોતભાઈ ખાંટે તેમને રોક્યા હતા. ચીમનભાઈએ ઉશ્કેરાઈને કાંતિભાઈને 'જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી હતી અને પાવડાના હાથા વડે માર મારવાનું શરૂ કર્યું. આ જોઈને વચ્ચે પડેલા કાંતિભાઈના પત્ની અંકુબેન અને પિતરાઈ ભાઈ કિરણ બાબુભાઈને પણ ચીમનભાઈએ પાવડાના હાથા વડે બેરહમીપૂર્વક માર માર્યો હતો.આ હુમલામાં અન્ય આરોપીઓ જયેશભાઈ ગીરધરભાઈ ખાંટ અને સાગરભાઈ ગીરધરભાઈ ખાંટે પણ જોડાઈ ગયા હતા. તેમણે લાકડી વડે ફરિયાદીના ભાઈ મુકેશ ચંદુભાઈ ખાંટને માર માર્યો, જ્યારે ગીરધરભાઈએ મુકેશભાઈના માતા સવિતાબેનને પણ છોડ્યા નહોતા અને તેમને પણ માર માર્યો હતો. આ સામૂહિક કતકપુરા હુમલો એટલો ગંભીર હતો કે, માતા સવિતાબેન અને ભાઈ મુકેશભાઈને માથાના ભાગે અને શરીર પર ગંભીર ઈજાઓ પહોંચી હતી.બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક મહેમદાવાદ સી.એચ.સી. (કોમ્યુનિટી હેલ્થ સેન્ટર) ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ઈજાની ગંભીરતાને જોતાં તેમને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.આ સંદર્ભે ઈજાગ્રસ્ત પરિવારના સભ્ય દ્વારા ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં પાંચ શખ્સો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

**તળાજા લૂંટ કેસમાં રમેશ ભરવાડ સહિત ૬ શખ્સો સામે ગુનો**

# ઘેટાંને ગાડી અડવાના મામલે યુવકને પાઇપ વડે માર ૬ સામે ફરિયાદ

(એજન્સી) ભાવનગર | તા.23

તળાજા તાલુકાના દિહોર ગામ નજીક આવેલા દિહોર-વરલ રોડ પર ગુંડાગીરીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક સામાન્ય બાબત, એટલે કે ઘેટાંને ગાડી અડી જવાના મુદ્દે, કેટલાક અસામાજિક તત્ત્વોએ ખાખરીયા ગામના એક યુવકને બેફામ માર મારીને તેની પાસેથી રોકડ રકમની લૂંટ ચલાવી હતી. બનાવ અંગે પીડિત યુવકે તળાજા પોલીસ મથકમાં રમેશ ભરવાડ નામના ઈસમ સહિત પાંચ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.સિહોર તાલુકાના ખાખરીયા ગામના રહેવાસી યોગેશભાઈ જીવાભાઈ કુવાડિયા ગતરોજ બપોરના એક વાગ્યાની આસપાસ તેમની પીકઅપ ગાડી (નંબર GJ-04-AW-1043) લઈને સખવદરથી ચુડી ગામે ભેંસ ભરવા જઈ રહ્યા હતા. આ દરમિયાન, જ્યારે તેઓ દિહોર-વરલ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે રસ્તા વચ્ચે ઘેટાંનો એક ધણ ઊભું હતું.

યોગેશભાઈએ ઘેટાંને હટાવવા માટે હોર્ન વગાડ્યું. આટલી સામાન્ય વાત પર ઉશ્કેરાઈને દિહોર ગામના રહેવાસી રમેશ ભરવાડ અપશબ્દો બોલવા લાગ્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તેમનું ઘેટું ગાડીને અડી ગયું હોવાના બહાને રમેશ ભરવાડ અને તેમની સાથે રહેલા અન્ય પાંચ અજાણ્યા શખ્સોએ યોગેશભાઈની ગાડી ઉભી રખાવી હતી. ત્યાર બાદ, લાકડી અને પાઈપ જેવા હથિયારો વડે તેમના પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો. આ હુમલામાં યોગેશભાઈને મૂઢ ઈજાઓ પહોંચી હતી. મારપીટ કર્યા બાદ હુમલાખોરોએ યોગેશભાઈની ગાડીમાં રહેલી રોકડ રકમની લૂંટ ચલાવી હતી. તેમણે યોગેશભાઈ પાસેથી રોકડા રૂપિયા ૧૦,૫૦૦ છીનવી લીધા હતા. આ ઉપરાંત, આ શખ્સો યોગેશભાઈની પીકઅપ વાહનની ચાવી પણ જબરદસ્તીથી લઈ ગયા હતા. આ સમગ્ર બનાવને પગલે દિહોર-વરલ રોડ પર સનસનાટી ફેલાઈ ગઈ હતી. હુમલાખોરો લૂંટ કરીને ગણતરીની મિનિટોમાં ત્યાંથી ફરાર થઈ ગયા હતા.ઈજાગ્રસ્ત યોગેશભાઈ કુવાડિયાએ આ અંગે તાત્કાલિક તળાજા લૂંટ અને મારપીટની ફરિયાદ નોંધાવી છે. તેમણે રમેશ ભરવાડ અને અન્ય પાંચ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાવ્યો છે. તળાજા પોલીસે ફરિયાદના આધારે આઈ.પી.સી.ની કલમો હેઠળ ગુનો નોંધીને, હુમલાખોરોને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ખાસ કરીને અજાણ્યા પાંચ શખ્સોને ઓળખી કાઢવા માટે પોલીસ દ્વારા બાતમીદારો અને સ્થાનિક નેટવર્કની મદદ લેવામાં આવી રહી છે. ગ્રામીણ વિસ્તારમાં બનેલી આ ઘટનાથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

**ગેરકાયદે દબાણો દૂર કરાયા**

## ભાવનગર ડિમોલિશનમાં મદરેસાના ૬ ફ્લેટ ૮ હોસ્ટેલના રૂમ દૂર કરાયા

ભાવનગર: ભાવનગર મહાનગરપાલિકા (મનપા) દ્વારા શહેરના તરસમિયા ટીપી રોડ હેઠળના માર્ગ પર વહેલી સવારથી જ મેગા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જાહેર માર્ગને ખુલ્લો કરવાના ભાગરૂપે મનપાએ દારુલ ઉલમ મદરેસા સંકુલના ગેરકાયદેસર બાંધકામો પર જેસીબી ફેરવી દીધું હતું, જેમાં મદરેસાના ૬ ફ્લેટ, ૮ હોસ્ટેલના રૂમ તેમજ કમ્પાઉન્ડ હોલ અને રસોડા સહિતના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ ભાવનગર ડિમોલિશનની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ૧૦૦થી વધુ પોલીસ કર્મચારીઓનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.મહાનગરપાલિકાના દબાણ વિભાગ દ્વારા શહેરમાં ગેરકાયદેસર દબાણો સામે લાલ આંખ કરવામાં આવી છે. આ કાર્યવાહી ખાસ કરીને અકવાડા નજીકની જગ્યાઓ પર કરવામાં આવી હતી, જે તરસમિયા ટીપી રોડ હેઠળ આવે છે. આ ટીપી રોડ ઘોઘા રોડ અકવાડા લેકથી અધેવાડા ગામ સુધીનો વિસ્તાર આવરી લે છે. મનપાના અધિકારીઓ, કર્મચારીઓ અને વિવિધ વિભાગોની ટીમો વહેલી સવારથી જ સ્થળ પર પહોંચી ગઈ હતી. દબાણ હટાવવા માટે ૪ જેસીબી મશીન અને ૩ હીટાચી મશીન સહિત ભારે મશીનરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શરૂ થયેલી આ કામગીરીના કારણે મદરેસા અને ફ્લેટની અંદર રહેતા લોકોને પોતાનો માલસામાન સાથે બહાર નીકળવાની ફરજ પડી હતી.

હાર્વર્ડના અર્થશાસ્ત્રીએ 'X' પર ચાર્ટ શેર કરી ભારતીય અર્થતંત્રને આપ્યું ટોચનું સ્થાન

# વૈશ્વિક મહાસત્તાઓને પછાડી ભારતમાં આર્થિક તેજી +૫% ના દરે પહોંચવાનો માર્ગ સ્પષ્ટ

## વૈશ્વિક મંદીના માહોલમાં પણ ભારત સતત ઉચ્ચ વૃદ્ધિદર જાળવવામાં સફળ

(એજન્સી) નવી દિલ્હી | તા 23

સમગ્ર વિશ્વ જ્યારે વૈશ્વિક મંદી અને આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે, ત્યારે ભારતીય અર્થતંત્રે એક અનપેક્ષિત ચમત્કાર દર્શાવીને વિશ્વભરના અર્થશાસ્ત્રીઓનું ધ્યાન ખેંચ્યું છે. અમેરિકા, ચીન, રશિયા અને યુરોપિયન યુનિયન જેવા વિકસિત અને મહાસત્તા ગણાતા દેશો મહામારીના આઘાતોમાંથી હજી ઉભરી શક્યા નથી, ત્યારે ભારતમાં આર્થિક તેજીની ચમક સ્પષ્ટ જોવા મળી રહી છે. ભારત એકમાત્ર એવો દેશ બન્યો છે, જેણે કોવિડ-૧૯ પછીના સમયમાં સતત ઉચ્ચ વૃદ્ધિદર જાળવીને વિશ્વના અર્થતંત્રોમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું છે.ભારતમાં આર્થિક તેજીની આ વાત માત્ર દેશના સૂત્રો જ નહીં, પરંતુ હાર્વર્ડ યુનિવર્સિટીના જાણીતા અર્થશાસ્ત્રી જેસન ફર્મને પણ તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર શેર કરેલા આંકડાકીય ચાર્ટ દ્વારા પ્રમાણિત કરી છે. આ ચાર્ટ ૨૦૧૯ની મહામારી અગાઉની સ્થિતિ અને ૨૦૨૫ના ત્રીજા ત્રિમાસિક ગાળા (નોમિનલ જીડીપી) સુધીના પ્રદર્શનની તુલના રજૂ કરે છે.



હાર્વર્ડના અર્થશાસ્ત્રી જેસન ફર્મના ડેટા મુજબ, ભારત એકમાત્ર એવો દેશ છે જે કોવિડ-કાળમાં ભયંકર હદે નીચે (લગભગ -૨૫%) ગયા પછી પણ ૨૦૨૨ સુધીમાં કોવિડ અગાઉની વૃદ્ધિ-રેખાને સફળતાપૂર્વક પાર કરી ગયું હતું. હવે ભારત ૨૦૨૫ના મધ્ય સુધીમાં +૫% ના દરે પહોંચવાના માર્ગ પર છે. ફર્મે ભારપૂર્વક જણાવ્યું કે આ ઉચ્ચ વૃદ્ધિ કોઈ ક્ષણિક ઘટના નથી, પરંતુ દેશની મજબૂત મૂળભૂત આર્થિક રચના, લાંબાગાળાના સુધારાઓ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વ્યાપનું પરિણામ છે.

વૈશ્વિક મંદીના માહોલમાં અન્ય મહાસત્તાઓ સંકોચનનો સામનો કરી રહી છે. ફર્મના ચાર્ટ મુજબ:

અમેરિકા: વિવિધ આર્થિક પગલાંઓ છતાં, અમેરિકા ૨૦૨૫ સુધીમાં માત્ર -૨% વૃદ્ધિદર સુધી પહોંચી શક્યું છે.

ચીન: લાંબા સમય સુધી ચાલેલા કોવિડ નિયંત્રણો અને રિયલ એસ્ટેટ સંકટને કારણે ચીન -૫% ના સંકોચનનો સામનો કરી રહ્યું છે.

રશિયા અને યુરોપ: યુક્રેન યુદ્ધના પરિણામે રશિયા એક તબક્કે -૮% ની નકારાત્મક સ્થિતિ સુધી પહોંચી ગયું હતું, જે હાલમાં -૩% પર છે. યુરોપની અર્થવ્યવસ્થા પણ -૩% ની આસપાસ અટકેલી છે.

આ આંકડાઓ સ્પષ્ટ કરે છે કે, જ્યાં વિશ્વના મોટા અર્થતંત્રો મહામારીના આઘાતોમાંથી બહાર આવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, ત્યાં ભારત અસાધારણ આર્થિક પ્રગતિ હાંસલ કરી રહ્યું છે.

### આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો ભારત પર વિશ્વાસ

હાર્વર્ડના અર્થશાસ્ત્રીના આશાવાદી અંદાજોને આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સીઓ પણ સમર્થન આપે છે. આઈસીઆરએ (ICRA) એ અપેક્ષા વ્યક્ત કરી છે કે ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૨૦૨૫-૨૬ના બીજા ત્રિમાસિક ગાળામાં ૭% પર રહેશે. એ જ રીતે, મૂડીઝ રેટિંગ્સે પણ ભારતનો વૃદ્ધિ દર ૨૦૨૫માં ૭% અને ૨૦૨૬માં ૬.૪% રહેવાની આગાહી કરી છે. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો આ વિશ્વાસ ભારતના સ્થિર મેક્રોઈકોનોમિક વાતાવરણ, રોકાણ સંબંધી સુધારા અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મજબૂત પાયા પર આધારિત છે. ભારતમાં આર્થિક તેજી હવે કોઈ માત્ર સરકારી દાવો નથી, પરંતુ વૈશ્વિક સ્તરે સ્વીકૃત હકીકત બની ગઈ છે, જે 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા તરફનો માર્ગ મોકળો કરે છે.

## મ્યુ ફંડ અને બ્રોકર માટે સેબી નિયમોમાં ફેરફાર પારદર્શિતા વધારવા તખ્તો ગોઠવાયો

નવી દિલ્હી: ભારતના મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) હવે બજારના માળખાને વધુ સુસંગત અને કાર્યક્ષમ બનાવવા માટે સજ્જ છે. આ માટે મ્યુચ્યુઅલ ફંડ અને શેર બ્રોકર નિયમોમાં વ્યાપક સમીક્ષા કરવા માટેનો તખ્તો ગોઠવાઈ ગયો છે. સેબીના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, સેબી નિયમોમાં ફેરફાર કરવાના આ મહત્ત્વના મુદ્દાઓ પર આગામી ૧૭, ડિસેમ્બરના રોજ મળનારી સેબી બોર્ડની મીટિંગમાં ચર્ચા કરવામાં આવશે. સેબીએ તાજેતરમાં જ આ બંને નિયમો પર કન્સલ્ટેશન પેપર્સ બહાર પાડ્યા હતા, હાલની વ્યવસ્થા મુજબ, મેનેજમેન્ટ ફી પર લાગતો GST TER મર્યાદાથી ઉપર લેવાની મંજૂરી છે, જ્યારે અન્ય કાનૂની શુલ્ક મ્યુચ્યુઅલ ફંડ સ્કીમો માટે નિર્ધારિત મર્યાદામાં આવે છે. નવા પ્રસ્તાવનો હેતુ આ તમામ કાનૂની ખર્ચને TER મર્યાદામાંથી બાકાત રાખીને રોકાણકારો માટે ખર્ચનું માળખું વધુ સ્પષ્ટ બનાવવાનો છે. વધુમાં, બ્રોકરેજ, એક્સચેન્જ અને નિયમનકારી ફી માટે હાલમાં માન્ય ખર્ચ પણ આ માળખામાં છે, અંતિમ તારીખ પણ તાજેતરમાં ૧૭, નવેમ્બરથી વધારીને ૨૪, નવેમ્બર કરવામાં આવી હતી. સેબી નિયમોમાં ફેરફારનો આ તખ્તો ભારતીય મૂડી બજારમાં કાર્યક્ષમતા, પારદર્શિતા અને પાલનની સરળતા વધારવાની દિશામાં એક મોટું પગલું સાબિત થશે.

# News Brief

## બ્રાઝિલમાં CoP30: ભારતે ક્લાયમેટ ઈક્વિટી અને ન્યાય પર ભાર મૂકી વૈશ્વિક પ્રતિબદ્ધતા દોહરાવી

નવી દિલ્હી : બ્રાઝિલના બેલેમ ખાતે યોજાયેલી યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાયમેટ ચેન્જ (UNFCCC) ની 30મી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (CoP30) માં ભારતે આબોહવા પરિવર્તન સામેની લડતમાં ક્લાયમેટ ઈક્વિટી (સમાનતા), ક્લાયમેટ જસ્ટિસ અને વૈશ્વિક એકતાની પોતાની પ્રતિબદ્ધતા ભારપૂર્વક દોહરાવી છે. ભારતે CoP30 ના મુખ્ય પરિણામોને આવકાર્યા છે અને સમાપન પ્લેનરીમાં સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ક્લાયમેટ એક્શન વૈજ્ઞાનિક આધારિત હોવી જોઈએ અને 'સામાન્ય પણ વિભિન્ન જવાબદારીઓ' (CBDR) ના સિદ્ધાંતનું સન્માન કરનારી હોવી જોઈએ.પર્યાવરણ, વન અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલય દ્વારા જારી કરાયેલા અખબારી યાદી મુજબ, ભારતે CoP30 ના પ્રમુખપદના સમાવેશી અને સંતુલિત નેતૃત્વની પ્રશંસા કરી છે, જે 'બ્રાઝિલિયન સ્પિરિટ ઓફ મ્યુટીરાઓ' (સામૂહિક પ્રયાસની ભાવના) દ્વારા માર્ગદર્શન પામ્યું હતું.ભારતે વિકસિત રાષ્ટ્રોને ક્લાયમેટ ફાઈનાન્સ (આબોહવા માટેનું ભંડોળ) અંગેના તેમના લાંબા સમયથી પડતર વચનો પૂર્ણ કરવા આગ્રહ કર્યો. ભારતે પેરિસ કરારના આર્ટિકલ ૯.૧ (વિકસિતથી વિકાસશીલ દેશોને નાણાકીય સહાય) પર ચર્ચાઓ શરૂ કરવાના પ્રમુખપદના પ્રયાસોની સરાહના કરી અને આશા વ્યક્ત કરી કે ત્રણ દાયકા પહેલાના રિયો અર્થ સમિટના વચનો હવે સાકાર થશે. ભારતે ગ્લોબલ ગોલ ઓન એડેપ્ટેશન (GGA) હેઠળ થયેલી પ્રગતિને આવકારી, અને ભારપૂર્વક જણાવ્યું કે આ નિર્ણય વિકાસશીલ રાષ્ટ્રોની તાત્કાલિક અનુકૂલન (adaptation) જરૂરિયાતોને માન્યતા આપે છે.

## એક જ દિવસમાં ૮૧,૦૨૪ ટન કોલસાનો ડિસ્ચાર્જ કંડલા પોર્ટ પર નવો રાષ્ટ્રીય વિક્રમ



નવી દિલ્હી: દેશના સૌથી વ્યસ્ત બંદરો પૈકીના એક, દીનદયાળ પોર્ટ ઓથોરિટી (ડીપીએ), કંડલા પોર્ટએ ફરી એકવાર તેની ઓપરેશનલ કાર્યક્ષમતા અને મેરીટાઇમ નેતૃત્વનું ગૌરવવંતુ પ્રદર્શન કર્યું છે. ડીપીએ કંડલાએ એક જ દિવસમાં (૨૪ કલાકમાં) વિશાળ ૮૧,૦૨૪ ટન કોલસાનો ડિસ્ચાર્જ કરીને નવો રાષ્ટ્રીય વિક્રમ સ્થાપિત કર્યો છે. આ સિદ્ધિ કાર્ગો બર્થ નંબર ૭ પર M V MARATHOS નામના જહાજમાંથી હાંસલ કરવામાં આવી હતી. આ જાહેરાત કંડલા પોર્ટ માટે થોડા દિવસોમાં મળેલી બીજી મોટી સફળતા છે. ૧૭ નવેમ્બરના રોજ, ડીપીએ કંડલાએ એક જ દિવસમાં ૪૦ જહાજોનું સંચાલન કરીને ડિસેમ્બર ૨૦૨૩માં સ્થાપિત થયેલા પોતાના જ ૩૮ જહાજોના અગાઉના વિક્રમને તોડ્યો હતો. આ બે બેક-ટુ-બેક સિદ્ધિઓ બંદરની વધતી કાર્યક્ષમતા અને મોટા જથ્થાને સરળતાથી હેન્ડલ કરવાની ક્ષમતા દર્શાવે છે.ડીપીએના ચેરમેન શ્રી સુશીલ કુમાર સિંહે તમામ હિસ્સેદારો, પોર્ટ યુઝર્સ, ટ્રેડ યુનિયનો, કર્મચારીઓ અને પરિશ્રમી શ્રમિકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો, જેમણે આ સિદ્ધિને શક્ય બનાવી.

## ટેક જાયન્ટ્સ વચ્ચે મોટી ડીલ: LG-એમેઝોન પેટન્ટ ડીલ પર હસ્તાક્ષર

નવી દિલ્હી: કનેક્ટિવિટીના વધતા યુગમાં, એલજી ઈલેક્ટ્રોનિક્સ અને એમેઝોન વચ્ચે એક મહત્ત્વપૂર્ણ પેટન્ટ લાઈસન્સિંગ ડીલ કરવામાં આવી છે. એલજી ઈલેક્ટ્રોનિક્સે તેના Wi-Fi સ્ટાન્ડર્ડ-એસેન્શિયલ પેટન્ટ્સના ઉપયોગ માટે એમેઝોન સાથે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. મેઈલ બિઝનેસ ન્યૂઝ કોરિયાના એક રિપોર્ટ મુજબ, આ ડીલ વૈશ્વિક ટેકનોલોજી ધોરણોમાં એલજીની સ્થિતિને વધુ મજબૂત કરવાના કંપનીના પ્રયાસોમાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.આ સમજૂતી એમેઝોનને એલજીની Wi-Fi ટેકનોલોજીનો ઉપયોગ તેના અનેક કનેક્ટેડ ઉત્પાદનોમાં કરવાની પરવાનગી આપે છે. આમાં એલેક્સા સ્પીકર્સ, ફાયર ટીવી સ્ટિક્સ અને ફાયર ટેબ્લેટ્સ જેવા ઉપકરણોનો સમાવેશ થાય છે. આ તમામ ઉત્પાદનો કાર્ય કરવા માટે Wi-Fi પર આધાર રાખે છે. એલજીના આ પેટન્ટ્સ તે ટેકનોલોજીને આવરી લે છે જે આંતરરાષ્ટ્રીય Wi-Fi ધોરણોને પૂર્ણ કરવા માટે જરૂરી છે.રિપોર્ટ દર્શાવે છે કે આ LG-એમેઝોન પેટન્ટ ડીલ Wi-Fi ધોરણોના ક્ષેત્રમાં એલજીના સતત પ્રભાવને દર્શાવે છે. Wi-Fi સ્ટાન્ડર્ડ-એસેન્શિયલ પેટન્ટ્સ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે જ્યારે કોઈ ટેકનોલોજી આંતરરાષ્ટ્રીય ધોરણનો ભાગ બની જાય છે, ત્યારે તે ધોરણ સાથે કામ કરતા તમામ ડિવાઈસ નિર્માતાઓએ સમાન કોર ટેકનોલોજી પર આધાર રાખવો પડે છે, જેનાથી પેટન્ટ માલિકના યોગદાનને સ્પષ્ટ માન્યતા મળે છે.એલજી ઈલેક્ટ્રોનિક્સના ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી સેન્ટરના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ ચો હ્વી-જેએ કહ્યું કે, આ ડીલ આ ક્ષેત્રમાં કંપનીના કામના મૂલ્યને પ્રતિબિંબિત કરે છે. તેમણે જણાવ્યું, 'આ સમજૂતી એલજીની Wi-Fi સ્ટાન્ડર્ડ-એસેન્શિયલ પેટન્ટ્સની ક્ષમતાની વૈશ્વિક માન્યતા સાબિત કરે છે.

ટેરિફની પ્રતિકૂળ અસર:

## અમેરિકા ઉત્પાદન પ્રવૃત્તિ ધીમી પડી ચાર મહિનાની નીચી સપાટીએ

મુંબઈ : ઊંચા ટેરિફની પ્રતિકૂળ અસર હવે અમેરિકાના ઉત્પાદન ક્ષેત્ર પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. આયાત પરના વધેલા ટેરિફને કારણે માલસામાન મોંઘા થતાં તેની સીધી અસર માગ પર પડી છે, જેના પરિણામે અમેરિકામાં નવેમ્બર મહિનામાં ફેક્ટરી પ્રવૃત્તિ ધીમી પડીને ચાર મહિનાની નીચી સપાટીએ પહોંચી ગઈ છે. આયાત મોંઘી થતાં માલસામાનની માગ નબળી પડી છે અને તેની અસર ઉત્પાદન પ્રવૃત્તિ પર પડી હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે. એસએન્ડપી ગ્લોબલ (S&P Global) દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રાથમિક અંદાજ મુજબ, અમેરિકા ઉત્પાદન પ્રવૃત્તિ ઓક્ટોબરની સરખામણીમાં સાધારણ નબળી પડી હોવાના સંકેતો મળ્યા છે. PMI માં ઘટાડો: PMI (પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ) જે ઉત્પાદન ક્ષેત્રની ગતિવિધિ દર્શાવે છે, તે નવેમ્બરમાં નરમ પડીને ૫૧.૯૦ રહ્યો છે, જે ઓક્ટોબરમાં ૫૨.૦૦ હતો.નોંધનીય છે કે, ૫૦થી નીચેના ઈન્ડેક્સને જે તે ક્ષેત્રનું સંકોચન (Contraction) કહેવાય છે. અમેરિકાના અર્થતંત્રમાં ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો લગભગ ૧૦.૨૦ ટકાની આસપાસ રહે છે.નવા ઓર્ડર અને સ્ટોક: એસએન્ડપી ગ્લોબલના સર્વેમાં ભાગ લેનારા ઉત્પાદકોએ જણાવ્યું હતું કે, નવા ઓર્ડર મળવાનું ઘટી ગયું છે, એટલું જ નહીં પરંતુ તૈયાર માલ (ફિનિશ્ડ ગુડ્સ) નો સ્ટોક પણ વધી રહ્યો છે.

સરકાર અને નિકાસકારોના પ્રયાસો સફળ નિકાસ મથકોમાં વૈવિધ્યતાની શરૂઆત

## વૈશ્વિક પડકારો વચ્ચે ભારતમાં મોટી સફળતા હોંગકોંગ નિકાસ વૃદ્ધિ ૨૦ ટકા વધી

મુંબઈ: વૈશ્વિક મંદી અને આર્થિક અનિશ્ચિતતાના માહોલમાં પણ ભારતના નિકાસ ક્ષેત્ર માટે એક સારા સમાચાર સામે આવ્યા છે. ખાસ કરીને અમેરિકા જેવા દેશો સાથેના ટેરિફ વોરના પડકારો વચ્ચે, દેશે વ્યૂહાત્મક રીતે પોતાના નિકાસ મથકોમાં વૈવિધ્યતા લાવવાના પ્રયાસો શરૂ કર્યા છે, જેના સકારાત્મક પરિણામો હવે જોવા મળી રહ્યા છે. વાણિજ્ય મંત્રાલયના ડેટા મુજબ, વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી ઓક્ટોબરના ગાળામાં દેશમાંથી હોંગકોંગ નિકાસ વૃદ્ધિ વાર્ષિક ધોરણે જંગી ૨૦ ટકા નોંધાઈ છે.દેશના ટોચના દસ નિકાસ મથકોમાં સ્થાન ધરાવતા હોંગકોંગ ખાતેની નિકાસમાં આ વધારો ખાસ કરીને જેમ્સ અને જ્વેલરી તેમજ ટેલિકોમ સાધનો જેવા માલસામાનની વધતી માગને આભારી છે. નાણાં વર્ષ ૨૦૨૫ના સમાન ગાળામાં જ્યાં નિકાસ આંક ૩.૬૦ અબજ ડોલર હતો, તે વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી ઓક્ટોબરમાં વધીને ૪.૩૬ અબજ ડોલર રહ્યો છે.જ્યાં એક તરફ વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે ઓક્ટોબરમાં ભારતની કુલ નિકાસ ૧૧.૭૫ ટકા ઘટીને ૩૪.૩૫ અબજ ડોલર પર પહોંચી છે, ત્યાં હોંગકોંગ નિકાસ વૃદ્ધિએ રાહત આપી છે, જે દર્શાવે છે કે આ બજારમાં ભારતની પકડ સતત મજબૂત થઈ રહી છે.

અમેરિકા દ્વારા ભારતીય માલસામાન પર ઊંચા ટેરિફ લાદવામાં આવ્યા બાદ, ભારત સરકાર અને નિકાસકારોએ નિકાસને માત્ર એક કે બે દેશો પર નિર્ભર રાખવાને બદલે નિકાસ મથકોમાં વૈવિધ્યતા લાવવાની વ્યૂહરચના અપનાવી છે. આ વ્યૂહરચનાનું હકારાત્મક પરિણામ છે કે ભારત અમેરિકા સિવાયના અન્ય દેશોમાં પોતાની નિકાસ વધારી રહ્યું છે. આ પ્રયાસો અમેરિકા ખાતેના નિકાસ ઘટાડાને ભરપાઈ કરવામાં મદદરૂપ થઈ શકે છે. નવા નિકાસ મથકોની શોધ ઉપરાંત, હાલના મથકો ખાતે નિકાસ વધારવાના પ્રયાસોમાં ભારતને સફળતા મળી રહી છે. સરકારી સૂત્રો દ્વારા મળેલા અહેવાલ મુજબ, વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં દેશે ૧૧૧ રાષ્ટ્રોમાં ટેક્સટાઈલની નિકાસમાં ૧૦ ટકાનો વધારો હાંસલ કર્યો છે.

## બાયજુ રવીન્દ્રન પર US કોર્ટનો USD ૧.૦૭ બિલિયન ચૂકવવાનો ડિફોલ્ટ જજમેન્ટ

નવી દિલ્હી:બાયજુસના સ્થાપક બાયજુ રવીન્દ્રનએ યુએસની નાદારી કોર્ટના (US Bankruptcy Court) ડિફોલ્ટ જજમેન્ટને પડકાર્યો છે, જેમાં તેમને BYJU's Alpha અને GLAS ટ્રસ્ટ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર USD ૧.૦૭ બિલિયન (અંદાજે ૮,૯૦૦ કરોડ) થી વધુની રકમ ચૂકવવા માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. બાયજુ રવીન્દ્રનની કાનૂની ટીમ દ્વારા જારી કરાયેલા અખબારી નિવેદન મુજબ, આ ચુકાદા અને સંબંધિત આદેશો સામે રવીન્દ્રન તાત્કાલિક અમેરિકી કોર્ટમાં અપીલ દાખલ કરશે. નિવેદનમાં જણાવાયું છે કે, કોર્ટે બાયજુ રવીન્દ્રનને પોતાનો બચાવ રજૂ કરવાની મંજૂરી આપ્યા વિના જ આ ડિફોલ્ટ જજમેન્ટ ઝડપી ધોરણે જારી કર્યો છે. રવીન્દ્રને તમામ આરોપોને નકાર્યા છે અને આરોપ લગાવ્યો છે કે GLAS ટ્રસ્ટ ડેલવેર કોર્ટ્સ અને જનતાને સતત ગેરમાર્ગે દોરી રહ્યું છે. નિવેદનમાં એમ પણ જણાવાયું છે કે, 'અમારા મતે, કોર્ટે બાયજુ રવીન્દ્રન સામે નાણાકીય ચુકાદો અકાળે જારી કર્યો છે.

વિશ્વની ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા સાથે નવા દ્વાર ખુલ્યા

## ભારતીય સમુદાય અને યહૂદી સમુદાય લોક-થી-લોક જોડાણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે

ઈઝરાયેલ : કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલનો ત્રણ દિવસીય ઈઝરાયેલ પ્રવાસ અત્યંત સફળ રહ્યો છે. તેમણે જણાવ્યું કે ઈઝરાયેલમાં વસતો ભારતીય સમુદાય અને ભારતમાં રહેતો યહૂદી સમુદાય બંને દેશો વચ્ચેના ભારત-ઈઝરાયેલ સંબંધોને મજબૂત બનાવવામાં અને લોક-થી-લોક જોડાણને વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ પ્રવાસ દરમિયાન, બંને દેશોએ પ્રસ્તાવિત મુક્ત વ્યાપાર સમજૂતી (FTA) માટે ઔપચારિક વાટાઘાટો શરૂ કરવાના 'ટર્મ્સ ઓફ રેફરન્સ'ને અંતિમ સ્વરૂપ આપીને તેના પર હસ્તાક્ષર કર્યા છે.મંત્રી પીયૂષ ગોયલએ જેરુસલેમમાં ભારતીય સમુદાયના એક વિશેષ સંમેલનને સંબોધિત કર્યું હતું, જેમાં તેમના ઈઝરાયેલના સમકક્ષ, અર્થતંત્ર અને ઉદ્યોગ મંત્રી નિર બરકત પણ હાજર રહ્યા હતા. ગોયલે ડાયસ્પોરાનો આભાર માન્યો અને કહ્યું કે તેમના કારણે જ બંને દેશો વચ્ચેનું જોડાણ મજબૂત રહ્યું છે. ગોયલે ભારતીય ડાયસ્પોરાને 'વિકસિત ભારત'ના ધ્યેય તરફ વધુ યોગદાન આપવા માટે આહ્વાન કર્યું હતું, કારણ કે બંને રાષ્ટ્રો પોતાની ભાગીદારીની સંપૂર્ણ સંભાવનાઓ પ્રાપ્ત કરવા માટે કાર્ય કરી રહ્યા છે.ઈઝરાયેલ પ્રવાસને 'અત્યંત સફળ' ગણાવતા ગોયલે પત્રકારોને જણાવ્યું હતું કે, ઈઝરાયેલના ઉદ્યોગ અગ્રણીઓ અને સરકારી પ્રતિનિધિઓ બંનેએ ભારત સાથે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા માટે તીવ્ર ઉત્સાહ વ્યક્ત કર્યો છે. સૌથી મોટી સફળતા એ રહી કે, મુક્ત વ્યાપાર સમજૂતી (FTA) પર ઔપચારિક વાટાઘાટો શરૂ કરવા માટેના 'ટર્મ્સ ઓફ રેફરન્સ'ને આખરી ઓપ આપીને તેના પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ પગલું હવે બંને દેશો વચ્ચે વ્યાપાર અને રોકાણના નવા યુગના દ્વાર ખોલશે.

## એર ઈન્ડિયા-એર કેનેડા વચ્ચે કોડશેર કરાર પુનઃસ્થાપિત ભારત-કેનેડા કનેક્ટિવિટીને મળશે વેગ

નવી દિલ્હી: હવાઈ મુસાફરો માટે સારા સમાચાર છે. એર ઈન્ડિયાએ શનિવારે તેના સ્ટાર એલાયન્સના ભાગીદાર એર કેનેડા સાથે કોડશેર કરાર પુનઃસ્થાપિત કરવાની જાહેરાત કરી છે. આ કરારથી મુસાફરોને વધુ ફ્લાઈટ વિકલ્પો મળશે અને ભારત-કેનેડા કનેક્ટિવિટીને નોંધપાત્ર પ્રોત્સાહન મળશે.કોડશેર ફ્લાઈટ એ એરલાઈન્સ વચ્ચેનો એક કરાર છે, જેના દ્વારા તેઓ એકબીજાની ફ્લાઈટ્સ પર બેઠકોનું વેચાણ કરે છે, જેનાથી એરલાઈન્સને ગંતવ્ય સ્થળોની વિશાળ શ્રેણી સુધી ઉડાન ભરવામાં મદદ મળે છે.નિયમનકારી મંજૂરીઓને આધીન, આ કોડશેર કરાર ૨ ડિસેમ્બર, ૨૦૨૫ થી અમલમાં આવશે. એર ઈન્ડિયા વેનકુવર અને લંડન (હીથ્રો) થી આગળ કેનેડાના ૬ શહેરો સુધી સરળ પહોંચ આપી શકશે. એર કેનેડાના ગ્રાહકો માટે: એર કેનેડાના ગ્રાહકોને દિલ્હી થઈને ભારતના પાંચ ઘરેલું સ્થળો - અમૃતસર, અમદાવાદ, મુંબઈ, હૈદરાબાદ અને કોચી, તેમજ લંડન (હીથ્રો) થઈને દિલ્હી અને મુંબઈ માટે સીમલેસ કનેક્ટિવિટીનો લાભ મળશે.

તહેવારોની સીઝન દરમિયાન રિટેલ વેચાણમાં વધારો પશ્ચિમી વિસ્તારમાં સૌથી વધુ વૃદ્ધિ

## GST બચત મહોત્સવની અસર રિટેલ વેચાણમાં વધારો ૧૧ ટકાનો જંગી ઉછાળો

મુંબઈ: વર્તમાન વર્ષની તહેવારોની સીઝન ભારતીય રિટેલ બજાર માટે ખૂબ જ ફળદાયી નીવડી છે. રિટેલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (RAI) દ્વારા હાથ ધરાયેલા ૬૬મા રિટેલ બિઝનેસ સર્વે મુજબ, ૧ ઓગસ્ટથી ૨૬ ઓક્ટોબરના ૮૭ દિવસના ગાળા દરમિયાન દેશમાં રિટેલ વેચાણમાં વધારો ૧૧ ટકા જેટલો જંગી નોંધાયો છે. આ વૃદ્ધિ ૨૦૨૪ના સમાન તહેવારોની સીઝન (૯ ઓગસ્ટથી ૩ નવેમ્બર)ની તુલનામાં નોંધપાત્ર છે.RAI ના સૂત્રોએ જણાવ્યું કે, વેચાણમાં આ દ્વીઅંકી વૃદ્ધિ પાછળનું મુખ્ય કારણ GST બચત મહોત્સવના ગાળામાં ઉપભોગમાં થયેલો નોંધપાત્ર વધારો છે. સર્વે દર્શાવે છે કે, નીચા જીએસટી દર (૧૨ ટકા) સાથેના મૂલ્યવાન માલસામાન પ્રત્યે ગ્રાહકોનું આકર્ષણ વધુ રહ્યું હતું. ખાસ કરીને રૂપિયા ૨૫૦૦થી નીચેની કિંમતના એપરલ (વસ્ત્રો) અને પગરખાંની માગમાં ઉછાળો આવ્યો હતો, જ્યારે ઊંચી કિંમતના એપરલ માટેની માગ ધીમી પડી હતી. વર્ષના પ્રારંભથી જુલાઈ સુધી વેચાણમાં એક અંકી વૃદ્ધિ રહેતી હતી, જે આ મહોત્સવને કારણે દ્વીઅંકમાં પહોંચી છે.



સ્થાનિક સ્તરે, તહેવારોની સીઝન દરમિયાન સૌથી વધુ વેચાણ પશ્ચિમી વિસ્તારોમાં થયું છે. અહીં રિટેલ વેચાણમાં વધારો અન્ય પ્રદેશો કરતાં વધુ નોંધાયો છે: વધુમાં, તહેવારોની મોસમના ગાળામાં ક્વીક સર્વિસ રેસ્ટોરન્ટ્સ (QSRs)ની કામગીરી સૌથી શ્રેષ્ઠ રહેવા પામી છે, જે શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં ઉપભોક્તાની ખર્ચ કરવાની ક્ષમતામાં થયેલા વધારા તરફ નિર્દેશ કરે છે. GST બચત મહોત્સવ અને મજબૂત તહેવારોની સીઝનએ ભારતીય અર્થતંત્રમાં ઉપભોગના મોરચે હકારાત્મક સંકેતો આપ્યા છે.

ભારતની '૫-ઈન-૧ સિલ્ક સ્ટોલ' વૈશ્વિક બજારમાં પ્રસ્તુત પાંચ પ્રકારના રેશમનું સંયોજન

## ટેક્સટાઈલ અને સેરીકલ્ચરમાં ભારત-જ્યોર્જિયા સહયોગ વધારવા પાંચ દિવસીય પ્રવાસ સફળ

નવી દિલ્હી: ભારત સરકારે કાપડ-રેશમ (ટેક્સટાઈલ અને સેરીકલ્ચર) ક્ષેત્રમાં જ્યોર્જિયા સાથેના સહયોગને મજબૂત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. **કેન્દ્રીય રેશમ બોર્ડ (CSB)**ના સભ્ય સચિવ અને આંતરરાષ્ટ્રીય સેરીકલ્ચર કમિશન (ISC)ના મહાસચિવ પી. શિવકુમારના નેતૃત્વ હેઠળના કાપડ મંત્રાલયના એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે ૧૭ થી ૨૧ નવેમ્બર દરમિયાન જ્યોર્જિયાનો પાંચ દિવસીય સફળ પ્રવાસ પૂર્ણ કર્યો છે.

આ પ્રવાસનો મુખ્ય હેતુ ભારત-જ્યોર્જિયા સહયોગને સેરીકલ્ચર, કાપડ, એપરલ અને કાર્પેટના વેપારમાં વધુ ગહન બનાવવાનો હતો.

પ્રતિનિધિમંડળે ૧૧મી BACSA આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ - કલ્ટ્યુસેરી (CULTUSERI 2025) માં ભાગ લીધો હતો, જ્યાં પી. શિવકુમારે ઉદ્ઘાટન સંબોધનમાં ભારત અને ISCનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતનું



પરંપરાગત રેશમ જ્ઞાન આજે પણ દેશના સર્જનાત્મક અને સાંસ્કૃતિક ઉદ્યોગોને આકાર આપે છે. આ કોન્ફરન્સ દરમિયાન, તેમણે 'ધ ક્રોનિકલ્સ ઓફ વાઈલ્ડ સિલ્ક' શીર્ષક સાથે એક શોધપત્ર પણ રજૂ કર્યો, જે વૈશ્વિક સેરીકલ્ચર પદ્ધતિઓમાં ભારતના યોગદાનને રેખાંકિત કરે છે.કેન્દ્રીય રેશમ બોર્ડના ટેકનિકલ ડિરેક્ટર એસ. મંથીરા મૂર્થીએ ભારત અને બલ્ગેરિયા વચ્ચેના સંયુક્ત સંશોધન અંગે માહિતી આપી હતી. તેમણે ભારતીય પરિસ્થિતિઓ માટે અનુકૂળ ઉત્પાદક 'બાઈવોલ્ટાઈન સિલ્કવોર્મ હાઈબ્રિડ' વિકસાવવાના સહયોગી કાર્ય પર પ્રકાશ પાડ્યો હતો.આ મુલાકાતનું એક મુખ્ય આકર્ષણ ભારતની '૫-ઈન-૧ સિલ્ક સ્ટોલ'નું પ્રદર્શન હતું. આ અનોખી રચનામાં મલબેરી, ઓક ટસર, ટ્રોપિકલ ટસર, મૂગા અને એરી એમ પાંચ પ્રકારના રેશમને એક જ ઉત્પાદનમાં જોડવામાં આવ્યા છે. પી. શિવકુમારની પહેલ હેઠળ કલ્પના કરાયેલ આ સ્ટોલ ભારતની વિવિધ રેશમ વારસાનું પ્રતિનિધિત્વ કરે છે અને વૈશ્વિક બજારોમાં પ્રીમિયમ હેન્ડમેડ ઉત્પાદનો માટે તેની મજબૂત સંભાવના દર્શાવે છે. ભારતીય પ્રતિનિધિમંડળે જ્યોર્જિયા સરકારના વરિષ્ઠ અધિકારીઓ, યુનિવર્સિટીઓ, કાપડ-રેશમ પ્રયોગશાળાઓ, સંશોધન કેન્દ્રો, કાપડ ઉત્પાદકો, કાર્પેટ વેપારીઓ અને જ્યોર્જિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI)ના પ્રતિનિધિઓ સાથે બેઠકો યોજી હતી. આ બેઠકો દ્વિપક્ષીય વેપારને મજબૂત કરવા, બજારની પહોંચ સુધારવા અને સેરીકલ્ચર તથા કાપડમાં સહયોગી સંશોધનને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત હતી.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, માગસર સુદ-04

# દુર્ઘટના માટે જવાબદારી

દિલ્હીમાં સોળ વર્ષની વિદ્યાર્થીની અને જયપુરમાં નવ વર્ષની વિદ્યાર્થીનીએ શાળાની અસુવિધાજનક પરિસ્થિતિઓને કારણે આત્મહત્યા કરી હોવાનું જણાવવું ચિંતાજનક છે. નિઃશંકપણે, આ આત્મહત્યાઓ એક ચિંતાજનક સત્ય ઉજાગર કરે છે. ભારતીય શાળાઓ, જે બાળકોના ઉછેર અને રક્ષણ માટે બનાવાયેલી છે, તે ઝડપથી એવી જગ્યાઓ બની રહી છે જ્યાં ક્રૂરતા, ઉપેક્ષા અને અનિયંત્રિત સત્તા તેમના જીવનને બરબાદ કરી શકે છે. આ દુર્ઘટનાઓ અસામાન્ય નથી; તે નિષ્ફળ પ્રણાલીના લક્ષણો છે. ત્રીજી ભયાનક ઘટના મહારાષ્ટ્રના વસઈમાં બની હતી, જ્યાં તેર વર્ષની વિદ્યાર્થીનીને શાળામાં મોડી પહોંચવા બદલ શિક્ષક દ્વારા અમાનવીય સજા આપવામાં આવી હતી. તેણીને તેની સ્કૂલ બેગ સાથે 100 વખત બેસવાની ફરજ પાડવામાં આવી હતી, તે હકીકતને અવગણીને કે તેણી એનિમિયાથી પીડાતી હતી. વિદ્યાર્થી થોડા સમય પછી બેહોશ થઈ ગયો અને ત્યારબાદ તેનું મૃત્યુ થયું. નિઃશંકપણે, એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીની આત્મહત્યા, અને મહારાષ્ટ્રના વસઈમાં એક વિદ્યાર્થીનું બેસવાની પ્રક્રિયા કરતી વખતે મૃત્યુ, એક ચિંતાજનક સત્ય ઉજાગર કરે છે. વિદ્યાર્થીઓના ઉછેર અને રક્ષણ માટે બનાવાયેલી શાળાઓ હવે તેમના જીવનને જોખમમાં મૂકી રહી છે. શિક્ષકોની અસંવેદનશીલતા, ઉપેક્ષા અને કઠોર વર્તન ઘણા જીવનને બરબાદ કરી શકે છે. આ દુર્ઘટનાઓ અસામાન્ય નથી; તે આપણી શિક્ષણ પ્રણાલીની નિષ્ફળતા વિશે ઘણું બધું કહે છે. દિલ્હીમાં, મેટ્રો સ્ટેશન પરથી કૂદી પડેલા કિશોરે તેના શિક્ષકોના હાથે થયેલા અપમાનનું વર્ણન કરતો હ્રદયદ્રાવક પત્ર છોડી દીધો. તેના માતાપિતાએ શિક્ષકો પર તેને હેરાન કરવાનો આરોપ લગાવ્યો છે. તેઓ આરોપ લગાવે છે કે તેને નાની નાની બાબતો માટે ઠપકો આપવામાં આવ્યો હતો, કાઢી મૂકવાની ધમકી આપવામાં આવી હતી અને સહપાઠીઓની સામે તેની મજાક ઉડાવવામાં આવી હતી. આત્મહત્યા કરનાર વિદ્યાર્થીના માતાપિતા દ્વારા દાખલ કરાયેલી FIRમાં જણાવાયું છે કે વિદ્યાર્થીએ તેના આત્મહત્યાના વિચારો વિશે કાઉન્સેલરને જાણ કરી હતી. જોકે, શિક્ષકોએ માતાપિતાને જાણ કરી ન હતી કે તેને આ રીતે વિચારતા અટકાવવા માટે કોઈ સલાહ આપી ન હતી. ચોક્કસપણે, જ્યારે કોઈ વિદ્યાર્થી ગંભીર સમસ્યાનો ખુલાસો કરે છે ત્યારે ઉદાસીનતા હિંસાનું એક સ્વરૂપ છે. દરમિયાન, જયપુરમાં નવ વર્ષના વિદ્યાર્થીના મૃત્યુની CBSE તપાસ પર સંસ્થાકીય ઉદાસીનતાનો આરોપ મૂકવામાં આવ્યો છે. એવું નોંધાયું છે કે વિદ્યાર્થીને છેલ્લા 18 મહિનાથી અન્ય વિદ્યાર્થીઓ દ્વારા હેરાન કરવામાં આવી રહી હતી. જે દિવસે તેણીએ આત્મહત્યા કરી, તે દિવસે તેણીએ તેના શિક્ષકને 45 મિનિટમાં પાંચ વખત ફરિયાદ કરી હતી, જે સ્પષ્ટપણે તેના સહપાઠીઓ દ્વારા લખાયેલી અશ્લીલ સામગ્રીથી વ્યથિત હતી. શિક્ષકે તેણીની અરજીઓને ફગાવી દીધી હતી અને તેના બદલે તેણીને ઠપકો આપ્યો હતો. સ્પષ્ટપણે, શિક્ષિકાએ પોતાની સંભાળની ફરજનું ઉલ્લંઘન કર્યું હતું. વસઈની ઘટના એ શિક્ષિકાની સંપૂર્ણ બેદરકારી પણ દર્શાવે છે જેણે લોહીથી પીડાતા વિદ્યાર્થીને તેના બેકપેકથી 100 વખત બેસવા માટે મજબૂર કર્યો હતો. જોકે શિક્ષિકાને ગુનાહિત હત્યા માટે ધરપકડ કરવામાં આવી છે, પરંતુ વિદ્યાર્થીનું જીવન પાછું મેળવી શકાતું નથી. ત્રણ રાજ્યોમાં ત્રણ વિદ્યાર્થીઓના મૃત્યુ ચોક્કસપણે આપણી અસંવેદનશીલ વ્યવસ્થાને પ્રતિબિંબિત કરે છે. ખરેખર, શાળાઓમાં બાળકોના રક્ષણ માટે અસરકારક કાયદાઓ ઉપરાંત, ભાવનાત્મક તકલીફની જાણ કરવી પણ જરૂરી છે. શાળાઓમાં પ્રશિક્ષિત સલાહકારો હોવા જોઈએ. વધુમાં, બાળકના ભાવનાત્મક અને શારીરિક શોષણને રોકવા માટે કડક સજાની વ્યવસ્થા હોવી જોઈએ. જેથી ભવિષ્યની સંભાવનાઓ આટલી દુઃખદ રીતે સમાપ્ત ન થાય. એકવીસમી સદીના બાળકો નવા યુગમાં નવા સપનાઓ સાથે ઉડી રહ્યા છે, તેઓ તેમની ઓળખ અને આદર પ્રત્યે અત્યંત સંવેદનશીલ છે. તેઓ વિભાજિત પરિવારોમાં ઉછરે છે, તેમના માતાપિતા દ્વારા લાડ લડાવવામાં આવે છે. જ્યારે પણ તેમનો અહંકાર ઠેસ પહોંચે છે, ત્યારે તેઓ અસ્વસ્થતા અનુભવે છે. આવી સ્થિતિમાં, શિક્ષકો દ્વારા જાગ્રત અને સંવેદનશીલ વર્તન જરૂરી છે.

## ગાંધીધામના ઓસ્લો સર્કલ ખાતે વિવિધ કામની તકતીનું અનાવરણ કરાયું

# CM ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પુનઃ સ્થાપિત પ્રતિમાનું થયું અનાવરણ

મહેશ એલ. સોની | નખત્રાણા

આજરોજ ગાંધીધામ ખાતે મહાનગરપાલિકાના વિવિધ વિકાસલક્ષી કાર્યોના ખાતમૂહુર્ત કાર્યક્રમમાં સહભાગી થવા પધારેલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે ગાંધીધામના ઓસ્લો સર્કલ ખાતે શ્રી બાબાસાહેબ આંબેડકરની પુનઃ સ્થાપિત પ્રતિમાનું અનાવરણ કરાયું હતું.

મુખ્યમંત્રીશ્રી દ્વારા ગાંધીધામના ટાગોર રોડ પર નવનિર્મિત ફ્લાય ઓવરબ્રીજનું ''ડૉ. બાબાસાહેબ આંબેડકર બ્રીજ'નામકરણ કરવામા આવ્યું હતું. આ સાથે જ ઓસ્લો ખાતે સર્કલ ડેવલોપમેન્ટ એન્ડ પાર્કિંગ ફેસેલીટીના વિવિધ કામની તકતીનું અનાવરણ મુખ્યમંત્રીશ્રી દ્વારા



કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પ અર્પણ કરી નમન કર્યું હતું. ગાંધીધામ કોર્પોરેશન બન્યા બાદ પ્રથમ વખત ગાંધીધામ પધારેલા મુખ્યમંત્રીશ્રીનું આગેવાનશ્રીઓ દ્વારા પુષ્પાહાર પહેરાવી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યકક્ષા મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા, સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી જનકસિંહ જાડેજા, અગ્રણીશ્રી દેવજીભાઈ વરચંદ, ગાંધીધામ ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરી, રાપર ધારાસભ્યશ્રી વિરેન્દ્રસિંહ જાડેજા સહિતના પદાધિકારીશ્રીઓએ આંબેડકરની પ્રતિમાને નમન કર્યા હતાં. આ સમારોહમાં મહિલાઓ, યુવાનો તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ચાણસ્મા નગરના ત્રિભોવનનગર સોસાયટી ખાતે જૈન મુનિઓનો સત્સંગ બેઠક યોજાઈ



નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા નગરમાં આવેલી ત્રિભોવનનગર સોસાયટી ખાતે મનિષભાઈ કોઠારીના નિવાસ્થાને જૈન મુનિ ઓ નું આગમન થતાં સત્સંગ બેઠકના યજમાન સહિત સોસાયટીના રહીશોએ જૈન મુનિઓ નું સામૈયું કર્યું હતું બાદમાં જૈન મુનિ પ.પૂ.વિરાગ સૂરીશ્વર મા . સા. શ્રી સહિત જૈન સાધુઓએ દુંખમાંથી મુક્ત થવા સત્સમાગમ થકી સંતોની કૃપા મેળવવાનું સાધન કરવા સાથે વ્યશન થી મુક્ત રહો તેવી બોધ વાણી સાથે જ્ઞાનવાણી થકી સભામાં ઉપસ્થિત શ્રાવકોને બોધ આપ્યો હતો સોસાયટીના રહીશો જૈન મુનિઓની પ્રેરક જ્ઞાનવાણી બોધ ગ્રહણ કરી કૃતાર્થ થયા હતા આ પ્રસંગે પ પૂ જિનચંદ્ર મા સા. સહિત જૈન સાધુ-સાધવીજીઓ સોસાયટીના રહીશો ઉપસ્થિત રહ્યા હતા ધાર્મિક સભાના યજમાન મનિષભાઈ કોઠારી ભાવેશભાઈ પટેલ શૈલેષભાઈ મોદી દ્વારા આયોજન કરાયું હતું.

## અમદાવાદ | ગંભીર ગુનામાં ફરાર થયેલો આરોપી ઝડપાયો

(એજન્સી) અમદાવાદ | તા.23

અમદાવાદમાં શહેરમાં ઝોન-7 એલસીબી દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે કાર્યવાહી શરૂ કરી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, આરોપી હાલ દેત્રોજમાં છે. જેથી એલસીબીએ દેત્રોજ પોલીસને સાથે રાખીને વાસણા પોલીસના કૂલ ત્રણ ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને દેત્રોજ ખાતેના બાતમી સ્થળેથી દબોચી લેવામાં આવ્યો હતો.

આ આરોપી ગુજસીટોકના ગુનામાં ફરાર હતો. પોલીસે પકડેલો આરોપી પવનસિંહ સોલંકી વાસણા પોલીસ સ્ટેશનના ત્રણ ગુનાઓમાં ફરાર હતો. તેની સામે ગુજસીટોકનો પણ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપી સામે સોલા, વાસણા, એલીસબ્રિજ અને બોડકદેવ પોલીસ સ્ટેશનમાં પણ ગુનાઓ નોંધાયા હોવાનું પોલીસની તપાસમાં સામે આવ્યું છે.

## વિધૃત બોર્ડ વિદ્યાલયનો વિદ્યાર્થી ખેલ મહાકુંભમાં ખેડા જિલ્લામાં પ્રથમ આવીને 'પ્રજવલ' થયો



અશેષ વ્યાસ | ખેડા

નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ચાલી રહેલી ખેડા જિલ્લા કક્ષાની ખેલમહાકુંભ સ્પર્ધા માં ગળતેશ્વર તાલુકા ના થર્મલ ખાતે આવેલી વિધૃત બોર્ડ વિધાલય હાઈસ્કૂલ નો ધોરણ નવ મા અભ્યાસ કરતો વિદ્યાર્થી અને ગરુડા કરાટે એકેડેમી ના માર્ગદર્શન હેઠળ પ્રજવલ હિરેનકુમાર શર્મા અંડર-૧૭ બોયઝ કરાટે સ્પર્ધામાં પ્રથમ વિજેતા જાહેર થતા વિજેતા પ્રજવલ ને વિધૃત બોર્ડ વિધાલય ના પ્રિન્સીપાલ ડી.બી. સોલંકી સાહેબ સહિત શાળા ના સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ હૈદરાબાદ ખાતે કોપર બેલ ગેલેરીની મુલાકાત લીધી

મહેશ એલ. સોની | નખત્રાણા



ભારતના માનનીય શ્રી રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ હૈદરાબાદ ખાતે આવેલ રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત લીધી ત્યા કચ્છની કોપરબેલ આર્ટ સ્ટોલની મુલાકાત પણ કરી હતી. કોપર બેલના યુવા કારીગર એવા ફિયાઝ લુહાર કે હુસેનભાઈ લુહારની અંદાજે ૩૫૦ વર્ષની પેઢી દર પેઢી ચાલી આવતી કોપરબેલ કળા વિશે માહિતગાર કરેલ. કોપર બેલ વિશે સપ્તસૂરિ સારેગામા સાઉન્ડનો પરિચય પણ તેમણે કરાવ્યો.

પંચ કલાતીર્થની ઉપમા ધરાવતા નિરોણા ગામના હુસેનભાઈ લુહાર આ કલાના માસ્ટર કારીગર છે જે ઘંટડી (બેલ) માંથી જુદા જુદા પ્રકારના અવાજો ઉત્પન્ન કરી બતાવે છે. આ કલા નિહાળી આશ્ચર્યચકિત થયેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ખુદને રોકી શક્યા નહોતા એમણે પણ બેલ પર સારેગામા વગાડીને આનંદ વ્યક્ત કર્યો હતો.

# સિંહ દીપડાના ભય વચ્ચે જંગલમાં ચાલીને શાળાએ જતા 50 બાળકો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સાવરકુંડલાનાં હાથસણી ગામે રસ્તાના અભાવે સીમશાળાનાં બાળકોને અનહદ મુશ્કેલી નદી, વોંકળા, કાદવ કીચડમાં પસાર થઈ ગીચ ઝાડીઓ વચ્ચે થી બાળકોને શાળાએ પહોંચવાની નોબત, યોગ્ય રસ્તા બનાવવા માં આવે એવી પ્રવર્તતી લોકમાગણી હાથસણી સીમ શાળાનાં બાળકોને સારા રસ્તાના અભાવે કાદવ -કીચડ અને જંગલમાંથી પસાર થવાની ફરજ પડે છે. સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે ખેતમજુરોના બાળકો અભ્યાસથી વંચિત ન રહે એ માટે શિક્ષણ વિભાગે સીમમાં સીમ શાળા બનાવી છે. અહીં સમસ્યા એ છે કે સીમશાળા



પ્રતિકાત્મક તસવીર

સુધી જવાનો રસ્તો ન હોવાથી વિદ્યાર્થીઓએ વોકળા અને કાદવકીચડ તેમજ સિંહ દીપડા જેવા વન્ય પ્રાણીઓના ભય સાથે શાળાએ ભણવા જવું પડે છે.હાથસણીની સીમશાળામાં પો. ૧થી૭માં શ્રમિકોના આશરે ૫૦ બાળકો ભણી રહ્યા છે. આ બાળકોએ સીમશાળાએ પહોંચવા માટે આશરે ચારથી પાંચ કિલોમીટર ચાલવું પડે છે.

અહીં બાળકો જંગલ વિસ્તારમાં નદીના પ્રવાહ, ગંદા કાદવ કીચડમાં પસાર થાય છે. રસ્તાનો અભાવ હોવાથી ગીચ સાંકડી ઝાડી ઓ વચ્ચે પસાર થવું પડે છે. એ વખતે જંગલનાં સિંહ દીપડા ઓનો સતત ભય લાગે છે. ચાલવાના યોગ્ય માર્ગના અભાવે અનેકવિધ સમસ્યાનો સામનો કરવો પડે છે. હાલ સાંજના સમયે શાળા છૂટયા પછી શિક્ષકો બાઈકમાં કે એમના વાહનમાં બેસાડીને બાળકોને સલામત સ્થળે લઈ જાય છે. અહીં રસ્તો બનાવવાની તાતી જરૂર છે. જો કે આ બાબતે તાલુકાવિકાસ અધિકારીએ કહ્યું છે કે શાળા સુધી યોગ્ય રસ્તો બને એ માટે જરૂરી કાર્યવાહી કરી દરખાસ્ત સરકારમાં કરશે.



નિતીન ઠાકર | ચાણસ્મા

17 ચાણસ્મા વિધાનસભાના બુથ નંબર 277 મા આજે SIR સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત પાટણ જિલ્લા પ્રમુખ રમેશભાઈ સિંધવે મુલાકાત કરી જેમાં BLO કલ્પેશભાઈ અને BLA2 શ્રી વજુભાઈ તેમજ તાલુકા પંચાયત સદસ્ય રાજુભાઈ રથવી બુથના પ્રમુખશ્રી ભગવાનભાઈ પ્રજાપતિ તથા રતુભાઈ સાથે બેસીને કામગીરીની સમીક્ષા કરી 69% કામગીરી પૂર્ણ કરી છે તેમની મુશ્કેલીઓ પણ સાંભળી અને જરૂરી સૂચનો કર્યા.

## ભુજની શ્રીમતિ પી. સી. વી મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે કલા ઉત્સવનું આયોજન થયું



મહેશ એલ.સોની | નખત્રાણા

ભુજની શ્રીમતી પી.સી.વી. મહેતા હાઇસ્કૂલ ખાતે ૧૯ નવેમ્બર ૨૦૨૫ના રોજ વિવિધ કોશલ્યના વિકાસના ભાગરૂપે વિધાર્થીઓમાં રહેલ વિવિધ કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન મળે તેમજ પ્રતિભા સંપન્ન વિધાર્થી ઓને માર્ગદર્શન પ્રાપ્ત થાય એ હેતુસર GCERT ગાંધીનગર દ્વારા વિકસિત ગુજરાત ૨૦૪૭ થીમ અંતર્ગત

QDC કક્ષાના કલા ઉત્સવનું આયોજન કરાયું હતું. જેમાં PCV-QDC ની 7 જેટલી શાળાઓના વિધાર્થીઓએ ભાગ લીધો હતો જેમા નીચે મુજબની સ્પાર્ધામાં વિધાર્થીઓએ નંબર પ્રાપ્ત કરેલ હતા. જેમાં

**બાળ કવિ (મધ્યમિક વિભાગ) :** ૧. કોલી ઉર્વી દિલીપ - પી. સી. વી મહેતા હાઇસ્કૂલ, ૨.હેત એચ દોશી - સેન્ટ ઝેવિયર્સ ભુજ, ૩. ઓમ પ્રકાશ ભુડિયા - આર. ડી વરસાણી ભુજ.

**બાળ કવિ (ઉચ્ચ માધ્યમિક વિભાગ) :** ૧. આંગી એ શાહ - સેન્ટ ઝેવિયર્સ ભુજ, ૨. રૂત્વિક એસ હાલાઈ - આર ડી વરસાણી ભુજ

**ચિત્ર સ્પર્ધા (મધ્યમિક વિભાગ) :** ૧. મહેશ્વરી વંશિકા કાંતિલાલ - PCV મહેતા હાઇસ્કૂલ ભુજ ૨. નેન્સી એચ નોરિયા - સેન્ટ ઝેવિયર્સ ભુજ

**ચિત્ર સ્પર્ધા (ઉચ્ચ માધ્યમિક વિભાગ) :** ૧.શ્રેણી કે શાહ સેન્ટ ઝેવિયર્સ ભુજ, ૨.દિલન ધનસુખ ગોરસિયા - આર. ડી વરસાણી ભુજ

**સંગીત ગાયન (મધ્યમિક વિભાગ) :** ૧ પ્રિયન રાજેશ વરસાણી - RD વરસાણી ભુજ, ૨.ચારણીયા હેતલ મહેશ - પી. સી. વી મહેતા ભુજ, ૩.અષ્ટવી સાલ્વી - સેન્ટ ઝેવિયર્સ ભુજ

**સંગીત ગાયન (ઉચ્ચ માધ્યમિક વિભાગ) :** ૧ મહેશ વિ ભુડિયા - આર .ડી વરસાણી ભુજ, ૨ એન્જલ માસિલામણી - સેન્ટ ઝેવિર્સ ભુજ

**સંગીત વાદન (માધ્યમિક વિભાગ) :** ૧ ઉન્નતિ રાઠોડ - સેન્ટ ઝેવિયર્સ ભુજ, ૨ હર્ષિલ રવજી પીંડોરીયા - આર.ડી વરસાણી ભુજ, ૩. લુહાર રાજન પ્રફુલ - પી .સી.વી મહેતા હાઇસ્કૂલ ભુજ

**સંગીત વાદન (ઉચ્ચ માધ્યમિક વિભાગ) :** ૧કુશ ડી સોનાર - સેન્ટ ઝેવિયર્સ ભુજ

શાળાના આચાર્ય ડૉ.ચેતનભાઈ આઈ. બારમેડા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. નિર્ણાયકશ્રી તરીકે શાળાના પૂર્વ. આચાર્યા રમીલાબેન મહેતા, પૂર્વ એડી. આઇ. કિશોરભાઈ સોની, આર્ટિસ્ટ ભાવનાબેન શાહ, આર્ટિસ્ટ કિશોરભાઈ રાઠોડ, રિધમિસ્ટ ભદંત અંતાણી, સોની દેવી રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક દુષ્યંતભાઈ વોરા એ કર્યુ હતું. શિક્ષકો રમેશભાઈ મતિયા, દશરથસિંહ ઝાલા, માલતીબેન સોઢાનો સહયોગ પ્રાપ્ત થયો હતો. સમગ્ર ટ્રસ્ટીમંડળ દ્વારા સુંદર અયોજન બદલ શુભેચ્છા પાઠવવામાં આવી હતી એવું ડૉ.ચેતનભાઈ બારમેડા ની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

### સુરક્ષાની દ્રષ્ટિએ અતિ સંવેદનશીલ ગણાતા

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આઈલેન્ડ ટૂરિઝમના વિકાસની અમૂલ્ય તકો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

દેશભરમાં સૌથી લાંબો દરિયા કિનારો ધરાવતા ગુજરાત રાજ્ય ના દેવભૂમિદ્વારકા જિલ્લામાં દરિયા કિનારા સાથે સંકળાયેલા વિવિધ નાના મોટા ટાપુઓમાં પર્યટનની વિપુલ સંભાવના રહેલી છે, જેથી ટાપુઓના કુદરતી સૌંદર્ય અને દરિયા જીસૃષ્ટિ ને જાળવી રાખી ઉચ્ચસ્તરનું ફ્રેન્ડલી ટુરીઝમ વિકસાવવા તરફ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. વૈશ્વિક આકર્ષણની સાથે સ્થાનિક લોકો માટે રોજગારી ઊભી થશે, દરિયાઈ સંશોધનો નું પણ જતન થશે આઈલેન્ડ ટુરીઝમ વિકાસ યોજના પર ધ્યાન કેન્દ્રિત કરી રાજ્ય સરકાર દ્વારા બેટ દ્વારકામાં ધાર્મિક ટુરીઝમ હેઠળ યાત્રિકો માટે ઈકો ફ્રેન્ડલી સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. પીરોટન ટાપુ પર મરીન ઈકો ટુરીઝમ હેઠળ મરીન નેશનલ પાર્ક, કચ્છના અખાતના ભાગમાં મેન્ગ્રોઝ, કોરલ રીફસ, દરિયાઈ જીવો સ્ટાર ફીશ, કરચલાના નિરીક્ષણ સાથે ઈકો- સંવેદનશીલ વિસ્તારના સંરક્ષણની પ્રાથમિકતા અપાશે. અમરેલીના શિયાળ બેટમાં કોમ્યુનિટી બેઝ્ડ ટુરીઝમ અને ભરૂચના અલિયા બેટમાં વાઈલ્ડ લાઈફ એન નેચર ટુરીઝમ વિકસાવાશે. દ્વારકા જિલ્લો આંતરરાષ્ટ્રીય જળસીમા અને પાકિસ્તાની જળસીમાથી ખૂબ નજીક આવ્યો હોવાથી અતિ સંવેદનશીલ ગણાય છે ત્યારે આ ક્ષેત્રમાં રહેલ ટાપુ વિસ્તારમાં ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ્સ લાવવાથી ભવિષ્યમાં આ વિસ્તારોમાં ટુરીસ્ટ ફ્લો વધતાં પ્રવાસન ઉદ્યોગ ધમધમતો થશે. ટાપુઓ સુધી પહોંચવા આધુનિક સુરક્ષિત બોટ સેવા, ટેન્ટ સિટી, ઈકો-રિસોર્ટસ, હોમ સ્ટે જેવી ઈકો ફ્રેન્ડલી સુવિધાઓ, સ્નોર્કેલિંગ, બોટિંગ અને અન્ય દરિયાઈ રમતોનો વિકાસ થઈ શકે તેમ છે.

## જાફરાબાદમાં SIRની કામગીરી દરમિયાન સ્થળની મુલાકાત લેતા મામલતદાર



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ થતી SIR ની કામગીરીની સમીક્ષા કરતા જાફરાબાદ મામલતદાર નાગરિકો ફોર્મ ભરવા માટે તથા ૨૦૦૨ ની યાદી માટે હેરાન પરેશાન ન થાય તે માટે સ્થળ ઉપર જ ફોર્મ ભરી દેવા માટે સુચના આપવામાં આવી. BLO તરીકે શિક્ષકો, આંગણવાડી બહેનો કાર્યરત છે જેમાં હાલ ગણતરી ફોર્મની વિતરણ,અપલોડની કામગીરી ચાલી રહી છે જેમાં કર્મચારીઓ સવારથી મોડી રાત્રી સુધી આ કામગીરી પુરી નિષ્ઠા અને ખંતથી જોડાયેલ જોવા મળે છે. તમામ લોકોને મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા સરળ બને તે હેતુથી BLO ને સુચના આપતા

**નાગરિકો હેરાન ન થાય તે માટે BLO ને સુચના આપવામાં આવી**

મામલતદાર નાગરિકોને સરળતાથી ફોર્મ ભરવા માટે હાલાકી ભોગવવી પડે તે માટે સ્થળ ઉપર જ ફોર્મ ભરી આપવા તથા સ્થળ પર જ ફોર્મ ની સંપૂર્ણ ચકાસણી જે લોકોને ફોર્મ ભરવા અથવા દસ્તાવેજ અપલોડ કરવામાં મુશ્કેલી થતી હોય તેવા નાગરિકો માટે મામલતદાર કચેરી ખાતે પણ ઓનલાઈન ૨૦૦૨ પૂર્વ ની મતદાર યાદી વિશે માહિતી તથા ઓનલાઈન ચકાસણી પણ સ્થળ ઉપર જ ઉપલબ્ધ કરાઈ છે. મામલતદાર દ્વારા BLO ને સુચના આપવામાં આવી નાગરિકો હેરાન ન થાય અને ફોર્મ ભરવા માટે હાલાકી ન પડે તે માટે સ્થળ ઉપર જ ફોર્મ ભરી દેવા BLO ને સુચના અપાઈ હતી.

## નખત્રાણા ટી આર એફ જવાને પોતાને મળેલ મોબાઈલ ફોન પરત કરી પ્રામાણિકતાના દર્શન કરાવ્યા

મહેશ એલ. સોની | નખત્રાણા

નખત્રાણા મેઈન બજાર સ્થિત પાર્શ્વ પ્રોવિઝન સ્ટોર્સ વાળા સચીનભાઈ શાહનો કિંમતી મોબાઈલ ફોન ખોવાઈ જતા ટીઆરએફ ના જવાન ગૌતમભાઈ શંકરલાલને એ ફોન મળેલ જેની તેમણે તપાસ કરી સચિનભાઈ ને રૂબરૂ સુપરત કરી પ્રામાણિકતાના દર્શન કરાવ્યા હતા. સચિનભાઈએ પણ ગૌતમભાઈનો આભાર વ્યક્ત કરી તેમની પ્રામાણિકતાને બિરદાવી



હતી. આમ હળાહળ કળયુગમાં પણ પ્રમાણિકતા હજુયે જીવંત છે એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગૌતમભાઈ એ પૂરું પાડ્યું હતું.

# કોંગ્રેસની જન આક્રોશ યાત્રા પાલનપુરમાં આવતાં જીલ્લા કોંગ્રેસ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

(એજન્સી) પાલનપુર | તા.23

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આયોજિત 1100 કિલોમીટર લાંબી જન યાત્રા ઉત્તર ગુજરાત માં બનાસકાંઠા જિલ્લાના ઢીમા થી ભગવાન ધરણીધર મહાદેવ ના દર્શન કરી યાત્રા ની શરૂઆત થઈ હતી યાત્રા બનાસકાંઠા જિલ્લાના વાવ થરાદ ધાનેરા દાંતીવાડા ડીસામાં થઈ ને પાલનપુર આવતાં જીલ્લા કોંગ્રેસ દ્વારા ભવ્ય સ્વાગત કરાયું હતું.

આજ બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ ના મહાત્મા ગાંધી ભવન અને રાજીવ ગાંધી સેવા કેન્દ્ર ભવન નું નવિનીકરણ થતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા ના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું યાત્રા દરમિયાન જીલ્લા કોંગ્રેસ ખાતે કાર્યકરો ને સંબોધન કરતાં જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લામાં ગઢવી સાહેબ સુરેશભાઈ મહેતા ને યાદ કર્યા હતાં સાથે સત્તા નહિં પણ સેવા ભાવ થી કોંગ્રેસ પાર્ટી ની સ્થાપના 1885 મા કરવામાં આવી હતી આપણા



વડવાઓએ આઝાદી માટે પોતાના લોકોને બલિદાન આપ્યું છે આપણે કોઈ મુખ્ય મંત્રી કે પ્રધાન મંત્રી નીસત્તા માટે નહિ દેશ આઝાદ થયો તેનાં પછી ના કાર્યો દેશ હિતમાં આપણા વડવાઓએ બલિદાન આપ્યાં છે આપણા એ પાર્ટી ના કાર્યકરો છીએ ગુજરાત માં ખેડૂતો ને પાયમાલ થઈ ગયા છે આત્મહત્યા કરવી પડે છે ખેડૂતો દેવદાર બન્યા છે તેમના દેવા માફ કરવામાં આવે વળતરના નામે પડીકું આપવામાં આવે છે ગુજરાત માં બેરોજગાર યુવાનોને નોકરી નથી મળતી પાણી નથી મળતુ પણ દારુ અને ડ્રગ્સ નુ વેચાણ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે જેના થી આપણું યુવાધન બરબાદ થઈ રહ્યું છે આઉટસોર્સિંગ અને કોન્ટ્રાક્ટ પ્રથા દ્વારા સોસણ કરવામાં આવે છે ગુજરાત માં એમની સરકાર કેન્દ્ર માં એમની સરકાર નગરપાલિકા એમની ગુજરાત માં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે ગુજરાત માં ખેડૂતો ના દેવા માફ નહિ તો તમને સાફ કરીશું યાત્રા મા એ આઈ સી સી થી ગુજરાત ના પ્રભારી સહિત પ્રદેશ ના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા યાત્રા કાર્યલય થી પાલનપુર શહેરમાં જીલ્લા પંચાયત રાજીવ ગાંધી ના પુતળા ને ફુલહાર કરી મહારાણા પ્રતાપના પુતળા ને ફુલહાર કરી યાત્રા નું સ્થાનિક લોકો એ ઢોલ નગારાં સાથે સ્વાગત કરાયું હતું યાત્રા સિમલાગેટ વિસ્તારમાં ડો ભીમરાવ આંબેડકર ના પુતળા ને ફુલહાર કરી દિલ્હી ગેટ સ્વામી વિવેકાનંદ ના પુતળા ને ફુલહાર કરી યાત્રા વડગામ તરફ નીકળી હતી.

## નખત્રાણાના ઝીલ સોસાયટી તેમજ આશાપુરા નગરના નૂતન માર્ગને ખુલ્લો મુકાયો



મહેશ એલ.સોની | નખત્રાણા

જીલ આશાપુરા નગરના નવા નિર્માણ પામેલા રોડને તારીખ ૨૨ નવેમ્બરના રોજ વિદ્વાન શાસ્ત્રી દિલીપભાઈ જોશી દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પૂર્વ ઉપસરપંચ ચંદનસિંહ રાઠોડ તેમજ સ્થાનિક અગ્રણીઓના હસ્તે ખુલ્લો મુકવામાં આવતા આનંદ વ્યાપ્યો હતો. વર્ષા ઋતુમાં હેરાન પરેશાન થતા જીલ સોસાયટી તેમજ આશાપુરા નગર સોસાયટીના રહેવાસીઓએ નવા રોડ ના નિર્માણ માટે નખત્રાણા નગરપાલિકાનો આભાર વ્યક્ત કર્યો હતો. રોડ લોકાર્પણ કાર્યક્રમ માં પોતાનો કિંમતી સમય ફાળવી હાજર રહેલા માજી ઉપસરપંચશ્રી ચંદનસિંહભાઈ રાઠોડનો પણ સોસાયટી વાસીઓએ આભાર વ્યક્ત કરાયો હતો. સોસાયટી અગ્રણીઓ દિલીપભાઈ જોશી માધુભાઈ જોશી નારાયણસિંહ જાડેજા આનંદભાઈ તેમજ રાજુભાઈ જોશી (મહારાજ) સહિત ઝીલ સોસાયટી તેમજ આશાપુરા નગર વાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# News Brief

## ચંદીગઢ વહીવટમાં ફેરફારનો કોઈ ઈરાદો નહીં ગૃહ મંત્રાલયની સ્પષ્ટતા

નવી દિલ્હી: ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે આ પ્રસ્તાવ 'ચંદીગઢના વહીવટ કે સંચાલન માળખામાં ફેરફાર કરવાનો કોઈ ઈરાદો ધરાવતો નથી.' વળી, આ પ્રસ્તાવનો હેતુ ચંદીગઢ અને પંજાબ કે હરિયાણા રાજ્યો વચ્ચેની પરંપરાગત વ્યવસ્થાઓમાં ફેરફાર કરવાનો પણ નથી. મંત્રાલયે વધુમાં કહ્યું કે આ મામલે કોઈપણ નિર્ણય લેતા પહેલા 'તમામ હિતધારકો સાથે પૂરતો પરામર્શ' કરવામાં આવશે, જેથી ચંદીગઢ વહીવટના હિતો સંપૂર્ણપણે સુરક્ષિત રહે. ગૃહ મંત્રાલયએ આ મુદ્દે 'કોઈ ચિંતા કરવાની જરૂર નથી' તેવું ભારપૂર્વક જણાવ્યું છે.સૌથી મોટી સ્પષ્ટતા એ કરવામાં આવી છે કે કેન્દ્ર સરકારનો આગામી સંસદનું શિયાળુ સત્રમાં આ પ્રસ્તાવ સંબંધિત કોઈ ખરડો (બિલ) રજૂ કરવાનો કોઈ ઈરાદો નથી. આનાથી ચંદીગઢની વહીવટી સ્થિતિમાં તાત્કાલિક ફેરફાર થવાની સંભાવનાઓને રદિયો મળ્યો છે.આ વહીવટી સ્પષ્ટતા ઉપરાંત, ગૃહ મંત્રાલયએ અન્ય એક મહત્ત્વપૂર્ણ નિર્ણય પણ લીધો છે. ૨૧ નવેમ્બરના રોજ, ગૃહ મંત્રાલયએ ઈમિગ્રેશન અને વિદેશી કાયદો, ૨૦૨૫ હેઠળ તેની અગાઉની સૂચનામાં સુધારો કરીને ત્રણ નવા દરિયાઈ બંદરોને સત્તાવાર રીતે ઈમિગ્રેશન ચેકપોસ્ટ તરીકે નિયુક્ત કર્યા છે.

## ટીવીકે વડા વિજયનો ડીએમકે પર મોટો હુમલો પક્ષ સામે અંગત વેરનો આક્ષેપ



કાંચીપુરમ : તમિલનાડુના રાજકારણમાં નવો પ્રવેશ કરનાર અભિનેતા અને ટીવીકે વડા વિજયએ રવિવારે સત્તારૂઢ ડીએમકે (DMK) પર જોરદાર પ્રહાર કર્યા હતા. તેમણે દિવંગત મુખ્યમંત્રી સી.એન. અન્નાદુરાઈના વારસાનું આહ્વાન કરીને ડીએમકે પર તેમની પાર્ટી વિરુદ્ધ 'અંગત વેર' (પર્સનલ વેન્ડેટા) રાખવાનો આરોપ લગાવ્યો હતો. કાંચીપુરમમાં સભાને સંબોધિત કરતા વિજયે કહ્યું કે તેમની પાર્ટીનો આ પ્રદેશ સાથે ગાઢ ઐતિહાસિક સંબંધ છે, કારણ કે તેમની પ્રથમ જાહેર આઉટરીચ ઝુંબેશ જિલ્લાના પારંદૂરમાં શરૂ થઈ હતી. ટીવીકે વડા વિજયએ તેમના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું કે ટીવીકે પક્ષ સમાજના તમામ વર્ગોની સેવા કરવાના ઉદ્દેશ્યથી કામ કરી રહ્યો છે. તેમણે ડીએમકે પર સીધો સવાલ ઉઠાવ્યો કે શું તેઓ હજી પણ અન્નાદુરાઈના સિદ્ધાંતોનું પાલન કરી રહ્યા છે. વિજયે કહ્યું: વિજયે ભૂતપૂર્વ મુખ્યમંત્રી એમ.જી. રામચંદ્રન (એમજીઆર)ની વિરાસતને યાદ કરી, જેમણે આદરના પ્રતીક તરીકે પોતાની પાર્ટીના ધ્વજ પર પણ અન્નાદુરાઈનું પ્રતીક મૂક્યું હતું. આનાથી વિજયે કાંચીપુરમમાં સભા મારફતે ટીવીકેનું મૂળ દ્રવિડ આંદોલનની વિચારધારા સાથે જોડવાનો પ્રયાસ કર્યો.વિજયે પાર્ટીના મહત્ત્વપૂર્ણ વલણોને પુનરાવર્તિત કર્યા હતા. તેમણે દાવો કર્યો કે વકફ અધિનિયમ (Waqf Act) સામે વિરોધમાં સર્વોચ્ચ અદાલતનો સંપર્ક કરનાર ટીવીકે પ્રથમ પક્ષ હતો.

## ઉત્તરાખંડના મુખ્યમંત્રી ધામી પુષ્કર બ્રહ્મા મંદિરમાં પ્રાર્થના કરી

અજમેર : ઉત્તરાખંડના મુખ્યમંત્રી ધામી રવિવારે રાજસ્થાનના પુષ્કરમાં પહોંચ્યા હતા અને તેમણે જગતપિતા બ્રહ્માના એકમાત્ર પુષ્કર બ્રહ્મા મંદિરમાં પૂજા-અર્ચના કરી હતી. તેમની સાથે રાજસ્થાનના મંત્રી સુરેશ સિંહ રાવત પણ જોડાયા હતા. મુખ્યમંત્રી ધામીએ આ પ્રસંગે રાજસ્થાન અને તેના લોકોની સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. ઉત્તરાખંડના મુખ્યમંત્રી ધામીના રાજસ્થાન આગમન પર અજમેરના કિશનગઢ એરપોર્ટ ખાતે ભારતીય જનતા પાર્ટીના



પદાધિકારીઓ, પક્ષના કાર્યકરો અને સ્થાનિક રહેવાસીઓ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ આ ઉષ્માભર્યા અને સ્નેહપૂર્ણ સ્વાગત બદલ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. રાજસ્થાનના વિકાસ અને જનકલ્યાણ માટેની તેમની આ પ્રાર્થના રાજ્યો વચ્ચેના આધ્યાત્મિક અને રાજકીય જોડાણના મહત્ત્વને દર્શાવે છે. આ મુલાકાત પહેલા શુક્રવારે મુખ્યમંત્રી ધામીએ ઉત્તરાખંડમાં ધાર્મિક સ્થળોના વિકાસ વિશે મહત્ત્વપૂર્ણ નિવેદનો આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે, રાજ્યના તમામ ધાર્મિક સ્થળોનું સૌંદર્યીકરણ કરવામાં આવી રહ્યું છે અને સનાતન ધર્મનું પુનઃસ્થાપન થઈ રહ્યું છે.આગામી કુંભ મેળાની તૈયારી અંગે વાત કરતાં તેમણે કહ્યું હતું, 'અમે કુંભ માટેની તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે. દરેક પાસા પર કામ કરવામાં આવી રહ્યું છે. મેં અગાઉથી જ બે સમીક્ષા બેઠકો યોજી છે. આપણે બધા સાથે મળીને અહીં ભવ્ય અને સુરક્ષિત કુંભનું આયોજન કરીશું.' આનાથી સ્પષ્ટ થાય છે કે ધામી સરકાર ઉત્તરાખંડની ધાર્મિક અને સાંસ્કૃતિક વિરાસતને પુનર્જીવિત કરવા માટે સક્રિય છે.

### પાકિસ્તાન હવે પ્રોક્સી વોરનો સહારો લઈ અસ્થિરતા ફેલાવી રહ્યું છે

# લડીને જીતવાની તાકાત નથી એટલે પરોક્ષ યુદ્ધ પાકિસ્તાનને ભારતીય સૈન્ય પ્રમુખની ચેતવણી

## ઓપરેશન સિંદૂર વર્ષોની તૈયારીનું પરિણામ ૨૨ મિનિટમાં ૯ ઠેકાણા નષ્ટ

(એજન્સી) નવી દિલ્હી | તા 23

ભારતીય સેનાના સર્વોચ્ચ અધિકારી અને સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાન પર સીધો અને ધારદાર પ્રહાર કરતાં સ્પષ્ટ જણાવ્યું છે કે, પાડોશી દેશ ભારતને સીધા યુદ્ધમાં હરાવવાની તાકાત ગુમાવી ચૂક્યો છે, જેના કારણે તે હવે 'પરોક્ષ યુદ્ધ' (પ્રોક્સી વોર) નો સહારો લઈને ભારતમાં અસ્થિરતા ફેલાવવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યું છે. નવી દિલ્હી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (NDIM)ના દીક્ષાંત સમારોહમાં બોલતા જનરલ દ્વિવેદીએ તાજેતરમાં દિલ્હીમાં થયેલા બોમ્બ ધમાકાને પણ પાકિસ્તાન દ્વારા રચાયેલા આ જ ષડયંત્રનો એક ભાગ ગણાવ્યો હતો. ભારતીય સૈન્ય પ્રમુખની ચેતવણી એ બાબતનો પુરાવો છે કે સુરક્ષા સંસ્થાઓ પાકિસ્તાનની બદલાયેલી યુદ્ધની રણનીતિથી સંપૂર્ણપણે વાકેફ છે. જનરલ દ્વિવેદીના મતે, પાકિસ્તાને હવે સ્વીકારી લીધું છે કે તે ભારતને સશસ્ત્ર અને સીધા સંઘર્ષમાં ક્યારેય હરાવી શકશે નહીં. આ હકીકતને કારણે જ તે કાયરતાપૂર્વક પ્રોક્સી વોર અને ખોટા યુદ્ધના માધ્યમથી ભારતના આંતરિક શાંતિ માહોલને ડહોળવાનો પ્રયાસ કરી રહ્યું છે. દિલ્હીમાં થયેલો ધમાકો પણ પોતાની હાજરી અને દુર્ભાવના દર્શાવવાનો તેનો એક હલકો



પ્રયાસ હતો.જનરલ દ્વિવેદીએ ભારપૂર્વક જણાવ્યું કે, પાકિસ્તાની ઈરાદાઓ વધુ ઘાતક હતા. તેમની નિયત ભારતના ખૂણે ખૂણે બોમ્બ ધમાકા કરવાની હતી અને મુંબઈ સહિત દેશના અનેક મહત્ત્વના શહેરો તેમના નિશાના પર હતા. જોકે, તેમણે સંતોષ વ્યક્ત કર્યો કે 'આજનું ભારત બદલાઈ ચૂક્યું છે'. ભારતીય સુરક્ષા એજન્સીઓએ સમયસર આ તમામ ગતિવિધિઓને પારખી લીધી અને નિર્ણાયક સમયે ઓપરેશનો હાથ ધરીને પાકિસ્તાનના મોટા ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું.

સેના પ્રમુખે ઓપરેશન સિંદૂરની સફળતાને ભારતીય સશસ્ત્ર દળોની વર્ષોની તૈયારી અને સંકલિત ક્ષમતાનું પરિણામ ગણાવ્યું. તેમણે આ અભિયાનને એક 'ભરોસાપાત્ર ઓર્કેસ્ટ્રા' જેવું ગણાવ્યું, જેમાં ગુપ્તચર માહિતી, સચોટતા અને ટેકનોલોજીના પ્રત્યેક ઘટકે સંપૂર્ણ તાલમેલ સાથે એકસાથે પોતાની ભૂમિકા ભજવી.

આ ઉત્કૃષ્ટ તાલમેલને કારણે જ ભારતીય સશસ્ત્ર દળો માત્ર ૨૨ મિનિટના ટૂંકા સમયગાળામાં નવ આતંકી ઠેકાણાઓને સફળતાપૂર્વક નષ્ટ કરવામાં સક્ષમ રહ્યા હતા. તેમણે સ્પષ્ટ કર્યું કે આ કોઈ તત્કાળમાં લેવાયેલો નિર્ણય નહોતો, પરંતુ:'ઘણા વર્ષોની એ કલ્પનાનું પરિણામ હતું કે કેવી રીતે ઈન્ટેલિજન્સ, સચોટતા અને ટેકનોલોજી એક સાથે મળીને ઓપરેશનમાં પરિવર્તિત થઈ શકે છે.'ઉલ્લેખનીય છે કે, ૭ મેના રોજ શરૂ થયેલું આ મહત્ત્વપૂર્ણ સૈન્ય અભિયાન લગભગ ૮૮ કલાક સુધી ચાલ્યું હતું અને ૧૦ મેની સાંજે બંને પક્ષો વચ્ચે સમજૂતી થયા બાદ તેને અટકાવવામાં આવ્યું હતું. ભારતીય સૈન્ય પ્રમુખની ચેતવણી અને ઓપરેશન સિંદૂરની સફળતા દેશની નવી સંરક્ષણ નીતિનો સંકેત છે, જ્યાં પરંપરાગત યુદ્ધ કે પ્રોક્સી વોર બંનેનો સામનો કરવા માટે ભારત સંપૂર્ણપણે સજ્જ છે. આ નિવેદન સ્પષ્ટ કરે છે કે પાકિસ્તાનની કોઈપણ દુર્ભાવનાપૂર્ણ ગતિવિધિઓ હવે ભારતીય સુરક્ષા નેટવર્કથી છુપાવી શકાશે નહીં.

## દિલ્હીમાં હત્યાનો આરોપી છ મહિનાની શોધખોળ બાદ ઝડપાયો ચોરીના વિવાદમાં કરી હતી હત્યા

નવી દિલ્હી: ચાંદની ચોક હત્યા કેસમાં દિલ્હી પોલીસે એક મોટી સફળતા હાંસલ કરી છે. છ મહિના પહેલા થયેલી એક 'બ્લાઈન્ડ મર્ડર'ની ઘટનામાં સંડોવાયેલા બે આરોપીઓ પૈકી એકની છ મહિનાની શોધખોળ અને સઘન તપાસ બાદ ધરપકડ કરવામાં આવી છે. આ વર્ષની શરૂઆતમાં ઝઘડા દરમિયાન ઈજા પામેલા ૨૬ વર્ષીય યુવકનું મૃત્યુ થયું હતું, જેના સંબંધમાં પોલીસે મુખ્ય આરોપીઓમાંના એકની ધરપકડ કરી છે. આ પ્રશંસનીય કાર્યવાહી દરમિયાન પોલીસે ૨૦૦ જેટલા સીસીટીવી કેમેરાના ફૂટેજનું ઝીણવટપૂર્વક વિશ્લેષણ કરવું પડ્યું હતું. આ ઘટનાની શરૂઆત ૩૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ થઈ હતી, જ્યારે અરુણા આસફ અલી હોસ્પિટલે પોલીસ સ્ટેશન કોતવાલીને જાણ કરી હતી કે લેબર ચોકના રહેવાસી સૌરભ નામના યુવકને ઝઘડામાં ઈજાઓ થતાં જાતે જ હોસ્પિટલમાં દાખલ થયો હતો. જોકે, ઈજાઓ ગંભીર હોવાથી તેને બાદમાં એલએનજેપી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન ૨ મેના રોજ તેનું મૃત્યુ થયું હતું. મૃત્યુ બાદ પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૦૩(૧) હેઠળ એફઆઈઆર (નં. ૩૬૨/૨૫) નોંધીને તપાસ હાથ ધરી હતી.

### મુખ્ય સંસ્થાઓમાંથી દલિત OBC મુસ્લિમ સમુદાયને પદ્ધતિસર બાકાત રખાયા

## કેન્દ્ર સરકાર એક જ જ્ઞાતિને પ્રોત્સાહન આપી રહી છે ઉદિત રાજના આરોપો

નવી દિલ્હી: કોંગ્રેસના વરિષ્ઠ નેતા ઉદિત રાજના આરોપોને કારણે દેશના રાજકીય અને શૈક્ષણિક ક્ષેત્રોમાં મોટો વિવાદ ઊભો થયો છે. તેમણે જમિયત ઉલેમા-એ-હિંદના અધ્યક્ષ મોલાના અરશદ મદનીના નિવેદનને સમર્થન આપતાં રવિવારે દાવો કર્યો કે કેન્દ્ર સરકાર 'સબકા સાથ સબકા વિકાસ'નું સૂત્ર બોલે છે, પરંતુ જમીની વાસ્તવિકતા તેનાથી તદ્દન વિપરીત છે અને માત્ર એક ચોક્કસ જ્ઞાતિને જ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. તેમણે આક્ષેપ કર્યો કે કેન્દ્ર સરકાર હેઠળની મહત્ત્વની શૈક્ષણિક અને વહીવટી નિમણૂકોમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને પદ્ધતિસર રીતે બાકાત રાખવામાં આવી રહ્યા છે. કોંગ્રેસના નેતાએ ભારપૂર્વક જણાવ્યું કે, માત્ર મુસ્લિમ સમુદાયને જ નહીં, પરંતુ દલિત OBC મુસ્લિમ સમુદાયોને પણ કેન્દ્ર સરકારના સીધા નિયંત્રણ હેઠળની સંસ્થાઓમાં 'યોગ્ય તકો' આપવામાં આવી રહી નથી. તેમણે આંકડા ટાંકીને ગંભીર દાવો કર્યો:'કેન્દ્ર સરકારની ૪૮ કેન્દ્રીય યુનિવર્સિટીઓમાંથી એક પણ યુનિવર્સિટીમાં મુસ્લિમ, દલિત કે OBC કુલપતિ (વાઈસ-ચાન્સેલર) નથી. એટલું જ નહીં, ભારતીયની ૧૫૯ ટોચની સંસ્થાઓમાંથી પણ તેઓ ગેરહાજર છે.'તેમણે આરોપ લગાવ્યો કે શાસક ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને તેની વૈચારિક માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) આ નિમણૂકોને પ્રભાવિત કરી રહ્યા છે. રાજ મુજબ, RSS અને ભાજપની વિચારધારાની માંગ છે કે માત્ર સંઘના સભ્યોને જ આ સંસ્થાઓમાં નિમણૂક મળવી જોઈએ.

### નાગરિકોને એક જ કાર્યાલયમાં તમામ કામની સુવિધા મળશે વહીવટી સરળતા

## વહીવટીસરળતામાટેદિલ્હીજિલ્લાઓમાં ફેરફાર હવે ૧૧ ને બદલે ૧૩ જિલ્લા હશે

નવી દિલ્હી:રાજધાની દિલ્હીમાં વહીવટી વ્યવસ્થાને વધુ સુવિધાજનક, અસરકારક અને લોકો માટે સરળ બનાવવાના એક મહત્ત્વકાંક્ષી હેતુથી દિલ્હી સરકારે મહેસૂલી જિલ્લાઓની સીમામાં મોટો ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. સરકારના નવા પ્રસ્તાવ મુજબ, હવે દિલ્હીમાં ૧૧ ને બદલે ૧૩ જિલ્લા અને ૩૩ ને બદલે ૩૯ પેટા-વિભાગ (સબ-ડિવિઝન) હશે. આ દિલ્હી જિલ્લાઓમાં ફેરફાર વહીવટી ક્ષમતાને વિસ્તારવા અને નાગરિકોને સરકારી સેવાઓ વધુ ઝડપથી પૂરી પાડવા માટેનો એક મોટો સુધારો છે. ફેરફાર પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય અને



મંજૂરીસૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, દિલ્હી સરકારે આ પ્રસ્તાવને સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. ટૂંક સમયમાં જ તેને ઉપરાજ્યપાલ (લેફ્ટનન્ટ ગવર્નર) પાસે અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવશે.આ ફેરફારનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને સરકારી કચેરીઓના વારંવાર ચક્કર ખાવામાંથી મુક્તિ અપાવવાનો છે. સરકાર એવા જિલ્લાઓનું નિર્માણ કરવા માંગે છે જ્યાં કાયદો અને વ્યવસ્થા સિવાયના મહેસૂલી અને અન્ય તમામ સરકારી કામો માટે લોકોને એક જ કાર્યાલયમાં તમામ આવશ્યક સુવિધાઓ મળી રહે. આનાથી વહીવટી સરળતા વધશે અને સરકારી સેવાઓનો લાભ લેવાનો સમય ઘટશે. નવા જિલ્લાઓની રચના અને સીમાંકનનવા જિલ્લાઓનું સીમાંકન દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના ઝોન મુજબ કરવામાં આવ્યું છે, જે વહીવટી તાલમેલને સુધારવામાં મદદરૂપ થશે. આ પ્રસ્તાવમાં ૭ જિલ્લાના નામ બદલવા અને ૨ નવા જિલ્લા ઉમેરવાનો સમાવેશ થાય છે.

## સ્પાઈસજેટ ઓનલાઈન સેવા ફરી શરૂ વેબસાઈટ પરની ટેકનિકલ ખામી દૂર કરાઈ

નવી દિલ્હી : સ્પાઈસજેટ એરલાઈને રવિવારે જાહેરાત કરી કે તેની તમામ ઓનલાઈન સેવાઓ સામાન્ય રીતે કાર્યરત થઈ ગઈ છે. દિવસની શરૂઆતમાં વેબસાઈટ અને ડિજિટલ પ્લેટફોર્મ્સ પર સર્જાયેલી ટેકનિકલ ખામીને કારણે તેની ઓનલાઈન સુવિધાઓને અસર થઈ હતી. જોકે, હવે વેબ ચેક-ઈન, પેમેન્ટ સિસ્ટમ્સ અને બુકિંગ મેનેજમેન્ટ જેવી તમામ સુવિધાઓ રાબેતા મુજબ ચાલુ થઈ ગઈ છે.

એરલાઈને એક નિવેદનમાં પુષ્ટિ કરી કે 'ટેકનિકલ પડકારો' ને કારણે ઓનલાઈન કાર્યક્ષમતાઓ પર થોડા સમય માટે અસર થઈ હતી. આ અવરોધને કારણે મુસાફરોને કોઈ મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવા માટે, એરપોર્ટ્સ પર મેન્યુઅલ ચેક-ઈન અને બોર્ડિંગ પ્રક્રિયાઓ તાત્કાલિક સક્રિય કરવામાં આવી હતી.એરલાઈને જણાવ્યું હતું કે, 'સ્પાઈસજેટની વેબસાઈટ પર ટેકનિકલ ખામી હતી, જેના કારણે ઓનલાઈન ચેક-ઈન, ચુકવણી સ્વીકૃતિ અને બુકિંગ મેનેજમેન્ટ જેવી સુવિધાઓને અસર થઈ હતી.

### સીકરનો હવા ગુણવત્તા સૂચકાંક ૧૭૨ મધ્યમ શ્રેણીમાં દિલ્હીમાં ૪૩૫ સાથે ગંભીર શ્રેણી

## રાજસ્થાનના સીકરમાં પ્રદૂષણનો કહેર શ્વાસની તકલીફથી ૨૨ લોકો હોસ્પિટલમાં દાખલ

સીકર : રાજસ્થાનના સીકર જિલ્લામાં સ્થાનિક રહેવાસીઓ અને વિદ્યાર્થીઓ માટે વાયુ પ્રદૂષણ એક ગંભીર સમસ્યા બનીને સામે આવ્યું છે. શહેરમાં ફેલાયેલા પ્રદૂષણને કારણે શ્વાસ લેવામાં તકલીફ થતાં ૧૫ બાળકો સહિત કુલ ૨૨ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી છે. આ ઘટના બાદ સ્થાનિક વહીવટી તંત્ર અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તાત્કાલિક ધોરણે સમગ્ર મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે.સીકરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ (એડીએમ) રતન લાલે મીડિયા સાથે વાત કરતાં પરિસ્થિતિની ગંભીરતા સ્વીકારી હતી. તેમણે જણાવ્યું કે, હોસ્પિટલમાં લાવવામાં આવેલા બાળકોની તબિયત હાલ લગભગ સારી છે, પરંતુ આ



મામલાની ગંભીરતાથી તપાસ કરવામાં આવી રહી છે. તેમણે માહિતી આપી કે, ૨૨ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જેમાં ૧૫ બાળકોનો સમાવેશ થાય છે. એડીએમ રતન લાલના પ્રાથમિક નિરીક્ષણ મુજબ, આ પ્રદૂષણનું કારણ નજીકમાં આવેલી એક ભઠ્ઠીમાં કપડાં બાળવાની ગતિવિધિ હોઈ શકે છે. આ ઘટના બાદ વહીવટી તંત્રએ તાત્કાલિક પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને તપાસ માટે તૈનાત કર્યું છે, જેથી પ્રદૂષણના મૂળ સ્ત્રોતને શોધીને તેના પર કડક કાર્યવાહી કરી શકાય.કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી)ના બુલેટિન મુજબ, સીકરમાં હવા ગુણવત્તા સૂચકાંક (AQI) ૧૭૨ નોંધાયો હતો, જે 'મધ્યમ' શ્રેણીમાં આવે છે.

## ભારતીય લોકશાહી સંપૂર્ણપણે સુરક્ષિત લઘુમતી સમુદાય ઉચ્ચ હોદ્દા પર: નીરજ કુમાર

પટના: જનતા દળ (યુનાઈટેડ)ના વરિષ્ઠ નેતા નીરજ કુમારએ રવિવારે ભારપૂર્વક જણાવ્યું કે, ભારતીય લોકશાહી સંપૂર્ણપણે સુરક્ષિત છે. તેમણે ઉમેર્યું કે દેશમાં મુસ્લિમ લઘુમતી સમુદાયના સભ્યો આજે વહીવટી તંત્ર (બ્યુરોક્રેસી) અને અન્ય મહત્ત્વપૂર્ણ સંસ્થાઓમાં ઉચ્ચ સ્થાનો પર બિરાજમાન છે. નીરજ કુમારની આ ટિપ્પણી જમિયત ઉલેમા-એ-હિંદના અધ્યક્ષ મોલાના અરશદ મદનીના તે નિવેદનના જવાબમાં આવી છે, જેમાં મોલાના મદનીએ સરકાર પર મુસ્લિમોને માથું ઊંચું ન કરવા દેવાનો આરોપ લગાવ્યો હતો.મીડિયા અહેવાલ મુજબ, નીરજ કુમારએ જણાવ્યું કે, 'આ ભારત છે, અને તેની લોકશાહી સુરક્ષિત છે. આજે મુસ્લિમ લઘુમતી સમુદાયના સભ્યો વહીવટી તંત્ર અને અન્ય સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દાઓ સંભાળી રહ્યા છે.'તેમણે ઉમેર્યું કે, દરેક વ્યક્તિને પોતાના રાજકીય અને ધાર્મિક મંતવ્યો વ્યક્ત કરવાનો અધિકાર છે, પરંતુ સાથે જ એ વાત પર પણ વિચાર કરવો જોઈએ કે લઘુમતી સમુદાયોના વિકાસ માટે કેવી રીતે કામ કરવું.

### મિનિ વિમાન જેવા દેખાતા આ વિશેષ ડ્રોનનો ઉપયોગ જાસૂસીની શંકા ઊભી કરે છે

## જૈસલમેરની સરહદે ખેતરમાંથી શંકાસ્પદ મિની વિમાન જેવું ડ્રોન મળ્યું રાજસ્થાનમાં ડ્રોન મળ્યું

જયપુર: ભારતની પશ્ચિમી સરહદ પર પાકિસ્તાન તરફથી ગેરકાયદેસર ગતિવિધિઓ ફરી સક્રિય થઈ હોવાના સંકેતો મળી રહ્યા છે. રાજસ્થાનના જેસલમેર જિલ્લાના રામગઢ નહરી વિસ્તારમાં ભારત અને પાકિસ્તાન સરહદ પાસે એક શંકાસ્પદ ડ્રોન ખેતરમાંથી મળી આવતાં સુરક્ષાદળોમાં હલચલ મચી ગઈ છે. આ ડ્રોન સામાન્ય રમકડા જેવું નહીં, પરંતુ મિની વિમાન જેવું દેખાતું વિશેષ પ્રકારનું ડ્રોન છે, જેનો ઉપયોગ સામાન્ય રીતે જાસૂસીની શંકાને જન્મ આપે છે. આ સાથે જ જમ્મુ કાશ્મીરના સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પાસે પણ ડ્રોન જોવા મળતાં સરહદી વિસ્તારોમાં સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

રાજસ્થાનમાં ડ્રોન મળ્યું તે ઘટનાએ સ્થાનિક લોકોમાં ભય અને કુતૂહલની લાગણી જન્માવી છે. જેસલમેરના રામગઢમાં



મળી આવેલું આ ડ્રોન મિનિ વિમાનની જેમ જ લેન્ડિંગની સ્થિતિમાં ઉતર્યું હોવાથી તેને વધુ નુકસાન થયું નથી. આ વિશેષ પ્રકારનું ડ્રોન દૂરના વિસ્તારોમાં ગુપ્ત માહિતી એકત્રિત કરવા માટે ઉપયોગમાં લેવાતું હોવાથી, જાસૂસીની શંકા વધુ મજબૂત બની છે. સુરક્ષાદળોએ તાત્કાલિક ધોરણે આ ડ્રોનને જપ્ત કરીને તેના તકનીકી વિશ્લેષણ અને તે કઈ દિશામાંથી આવ્યું હતું તેની તપાસ શરૂ કરી છે. સરહદ પરના સુરક્ષા અધિકારીઓ આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યા છે કે આ ડ્રોન પાછળનો હેતુ માત્ર જાસૂસી કરવાનો હતો કે પછી તેનો ઉપયોગ કોઈ અન્ય ખતરનાક પ્રવૃત્તિ માટે થવાનો હતો.બીજી તરફ, ઉત્તર ભારતની સરહદ પર પણ સમાન ગતિવિધિ જોવા મળી છે. જમ્મુ કાશ્મીરના સાંબા જિલ્લાના ચાક ભુરા પોસ્ટ ઉપરથી એક ડ્રોન પાકિસ્તાન તરફથી ભારતની સરહદમાં પ્રવેશતું જોવા મળ્યું હતું. જોકે, થોડા સમયમાં જ તે પરત પાકિસ્તાન સરહદ તરફ જતું રહ્યું હતું.આ ઘટના બાદ સુરક્ષાદળોએ સમગ્ર સાંબા વિસ્તારમાં મોટા પાયે તપાસ અભિયાન શરૂ કર્યું છે. સુરક્ષાદળોને શંકા છે કે આ ડ્રોનનો ઉપયોગ હથિયારો, વિસ્ફોટકો કે ડ્રગ્સ જેવા પ્રતિબંધિત માલસામાનને ભારતીય વિસ્તારમાં ફેંકવા માટે કરવામાં આવ્યો હોઈ શકે છે. આ શંકાના આધારે સમગ્ર વિસ્તારના ખેતરો અને ઝાડીઓમાં કાંસકો ફેરવવામાં આવી રહ્યો છે.

### આર્ટિકલ ૨૪૦ હેઠળ ચંદીગઢને લાવવાના પ્રસ્તાવનો કેજરીવાલ દ્વારા સખત વિરોધ

## ચંદીગઢ પર અધિકાર છીનવવાનો પ્રયાસ બંધારણીય સુધારો પંજાબની ઓળખ પર હુમલો: અરવિંદ કેજરીવાલ

નવી દિલ્હી: આમ આદમી પાર્ટી (AAP)ના સંયોજક અરવિંદ કેજરીવાલએ કેન્દ્ર સરકારના આગામી સંસદનું શિયાળુ સત્ર માટેના પ્રસ્તાવિત બંધારણ ૧૩૧મો સુધારો ખરડોનો સખત વિરોધ કર્યો છે. આ ખરડાનો ઉદ્દેશ્ય ચંદીગઢને બંધારણના આર્ટિકલ ૨૪૦ હેઠળ લાવવાનો છે, જે ચંદીગઢ પર પંજાબના અધિકારોને હળવા કરી શકે છે.

એક્સ (X) પરની એક પોસ્ટમાં અરવિંદ કેજરીવાલએ આ પગલાને 'પંજાબના ચંદીગઢ પરના તેના અધિકારો છીનવી લેવાનો' પ્રયાસ ગણાવ્યો છે.AAP નેતાએ આ ખરડાને પંજાબ અને ભારતના સંઘીય વહીવટી માળખા પરનો સીધો હુમલો ગણાવ્યો હતો. અરવિંદ કેજરીવાલએ લખ્યું:'ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા બંધારણીય સુધારા દ્વારા પંજાબના ચંદીગઢ પરના અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કોઈ સામાન્ય પગલું નથી, પરંતુ તે પંજાબની ઓળખ અને બંધારણીય અધિકારો પર સીધો હુમલો છે. પંજાબીઓના અધિકારો છીનવી લેવા માટે સંઘીય માળખાને તોડી પાડવાની આ માનસિકતા અત્યંત ખતરનાક છે.'તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, ચંદીગઢ, જે પંજાબ અને હરિયાણા દ્વારા વહેંચાયેલું કેન્દ્રશાસિત પ્રદેશ છે, તે પંજાબનો જ ભાગ રહેશે. 'જે પંજાબે હંમેશા દેશની સુરક્ષા, અનાજ, પાણી અને માનવતા માટે બલિદાન આપ્યું છે, તેને આજે તેના પોતાના હકથી વંચિત કરવામાં આવી રહ્યું છે. આ માત્ર એક વહીવટી નિર્ણય નથી, પરંતુ પંજાબના આત્માને ઘાયલ કરવા જેવું છે. ઈતિહાસ સાક્ષી છે કે પંજાબીઓએ ક્યારેય કોઈ સરમુખત્યારશાહી સામે માથું ઝુકાવ્યું નથી. પંજાબ આજે પણ ઝૂકશે નહીં. ચંદીગઢ પંજાબનું છે અને પંજાબનું જ રહેશે,' તેમ તેમની પોસ્ટમાં ઉમેર્યું હતું. પ્રસ્તાવિત બંધારણ ૧૩૧મો સુધારો ખરડો, ૨૦૨૫ ચંદીગઢને બંધારણના આર્ટિકલ ૨૪૦ હેઠળ લાવવાનું લક્ષ્ય ધરાવે છે. આ આર્ટિકલ હેઠળ, ચંદીગઢનો વહીવટ અંદમાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, અને પુડુચેરી જેવા વિધાનસભા વિનાના કેન્દ્રશાસિત પ્રદેશોની સમકક્ષ લાવવામાં આવશે.

આર્ટિકલ ૨૪૦ મુજબ, રાષ્ટ્રપતિને અંદમાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, અને પુડુચેરીના કેન્દ્રશાસિત પ્રદેશની શાંતિ, પ્રગતિ અને સારા વહીવટ માટે નિયમો બનાવવાની સત્તા છે. જોકે, પુડુચેરી માટે, આ સત્તાનો ઉપયોગ માત્ર ત્યારે જ થઈ શકે છે જ્યારે વિધાનસભા વિસર્જન કે સસ્પેન્ડ થયેલી હોય.ભલે ખરડાની ચોક્કસ વિગતો અસ્પષ્ટ હોય, પરંતુ એવી અટકળો છે કે તે ચંદીગઢ પર પંજાબના પ્રભાવને ઘટાડી શકે છે.અગાઉ શનિવારે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને પણ આ બંધારણીય સુધારાનો વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તે પંજાબના હિતો વિરુદ્ધ છે અને કેન્દ્રશાસિત પ્રદેશ પર રાજ્યના અધિકારને નબળો પાડી શકે છે.



# લગ્ન પછી પણ સારી ફિલ્મો: કીર્તિ સુરેશનું નિવેદન, 'ઉદાહરણ સ્થાપિત કરવું છે'

ાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેત્રી કીર્તિ સુરેશ તેમની આગામી તમિલ ફિલ્મ 'રિવોલ્વર રીટા'ની ીઝ માટે તૈયાર છે, જે ૨૮ નવેમ્બરના રોજ રિલીઝ થવાની છે. જે. કે. ચંદ્રુ દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં કીર્તિ સુરેશ પ્રથમ વખત ડાર્ક કોમેડી જેનરમાં જોવા મળશે. કીર્તિએ મીડિયા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે આ ફિલ્મ તેની કારકિર્દીમાં એક નવું પગલું છે. કીર્તિ સુરેશે કહ્યું, 'મને કોમેડી ખૂબ ગમે છે, તે મારા માટે સારી રીતે કામ કરે છે.' 'રિવોલ્વર રીટા'ની વાર્તા એક જ દિવસમાં આકાર લે છે, અને તે ખૂબ જ ઝડપી ફિલ્મ છે. કીર્તિ ફિલ્મમાં એક 'સ્માર્ટ વ્યક્તિ'નું પાત્ર ભજવે છે, જે જાણે છે કે વસ્તુઓ સાથે કેવી રીતે વ્યવહાર કરવો. ફિલ્મની વાર્તા બે મુખ્ય વિલન - સુનીલ અને સુપર સુબ્બારાયન -ની આસપાસ ફરે છે, જેનું મહત્ત્વનું યોગદાન છે.'મહાનટી'માં સાવિત્રીની ભૂમિકા માટે પ્રશંસા મેળવનાર કીર્તિ માને છે કે મહિલા કેન્દ્રિત ફિલ્મોનું મહત્ત્વ વધી રહ્યું છે, અને અભિનેત્રીઓનું વેતન પણ બદલાઈ રહ્યું છે. કીર્તિ સુરેશે લગ્ન પછી પણ કામ ચાલુ રાખવા વિશે સ્પષ્ટ વાત કરી. તેમણે કહ્યું, 'હું લગ્ન પછી પણ અભિનય કરીને એક ઉદાહરણ સ્થાપિત કરવા માંગતી હતી. લગ્ન મોડા કરવા એ ઘણી અભિનેત્રીઓની પસંદગી હોય છે, પરંતુ લગ્ન પછી અભિનય ચાલુ રાખવો કે છોડવો તે હંમેશા એક મહિલાની પસંદગી હોવી જોઈએ.' તેમણે નોંધ્યું કે ફિલ્મ ઉદ્યોગનો પરણિત અભિનેત્રીઓ પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો છે.



**સેટ દરમિયાન બનેલી ઘટના વિજય વર્માએ વર્ણવી**

# ફાતિમાને એપીલેપ્સીનો હુમલો થતા હું પોતાને ખુબ લાચાર અનુભવતો : વિજય

અભિનેતા વિજય વર્મા અને ફાતિમા સના શેખ ટૂંક સમયમાં જ તેમની આગામી ફિલ્મ 'ગુસ્તાખ ઈશ્ક'માં જોવા મળશે. આ ફિલ્મની રિલીઝ પહેલાં વિજય વર્માએ એક મીડિયા ઈન્ટરવ્યૂમાં ફાતિમા સના શેખની સ્વાસ્થ્ય સંબંધિત એક સંવેદનશીલ ઘટનાનો ખુલાસો કર્યો છે. વિજય વર્માએ જણાવ્યું કે 'ગુસ્તાખ ઈશ્ક'ના શૂટિંગ દરમિયાન ફાતિમા સના શેખે એપીલેપ્સીના હુમલા અંગે સેટ પરના લોકોને શું કરવું તેની યોગ્ય સૂચના આપી હતી. જોકે, વિજય વર્માને લાગતું હતું કે તે માત્ર મજાક કરી રહી છે. પરંતુ, શૂટિંગ પૂરું થયા પછી એક રાત્રે ફાતિમાને ખરેખર હુમલો આવ્યો. વિજય વર્માએ તે સમયને યાદ કરતા કહ્યું, 'મેં ખૂબ જ લાચાર અને વલ્નરેબલ (અસહાય) અનુભવ્યું. પણ પછી મને તેની આપેલી સૂચનાઓ યાદ આવી. અમે સેટ પર એક બેડ ખાલી કરાવ્યો, તેને સુવડાવી અને લોકોને આસપાસ જગ્યા આપવા કહ્યું. મેં ફક્ત તેના માથા પર હાથ રાખ્યો અને તેની બાજુમાં બેસી રહ્યો. હુમલો પસાર થવાની રાહ જોઈ. પછી અમે તેને કારમાં હોટેલ લઈ ગયા.' જ્યારે અભિનેત્રી હોટેલ પહોંચી ત્યારે તે જાગી ગઈ હતી, પરંતુ તેને હુમલા દરમિયાનની કોઈ વાત યાદ નહોતી. ફાતિમાએ પોતે પણ કહ્યું કે જ્યારે કોઈ વ્યક્તિને પૂર્ણ કક્ષાનો હુમલો આવે છે, ત્યારે તે સામાન્ય રીતે શું થઈ રહ્યું છે તેનાથી અજાણ હોય છે. વિજય વર્માએ અંતમાં કહ્યું કે આ ઘટના બની ત્યારે તેણે લાચાર અને ફાતિમા પ્રત્યે ખૂબ જ રક્ષણાત્મક અનુભવ્યું. આનાથી તેમને ખ્યાલ આવ્યો કે તેમના બંને વચ્ચે એક બંધન અને ખાસ મિત્રતા છે. મનીષ મલ્હોત્રાની આ ફિલ્મ 'ગુસ્તાખ ઈશ્ક' પુરાની દિલ્હી અને પંજાબની વાર્તા પર આધારિત રોમાંસ છે. વિભુ પુરી દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં સંગીત વિશાલ ભારદ્વાજે આપ્યું છે. વિજય વર્મા, ફાતિમા સના શેખ અને નસીરુદ્દીન શાહની આ ફિલ્મ ૨૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.





# 'મહિલાઓ એકબીજાનો સાથ આપે ત્યારે જાદુ થાય છે', રશ્મિકા મંદાનાની પાવરફુલ પોસ્ટ

સાઉથ અને બોલિવુડની અભિનેત્રી રશ્મિકા મંદાના હાલમાં જ રિલીઝ થયેલી તેની ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ'ને લઈને ચર્ચામાં છે. આ દરમિયાન રશ્મિકા મંદાનાએ તેના ઈન્સ્ટાગ્રામ પર 'સ્ત્રી ઊર્જા' (ફેમિનિન એનર્જી) વિશે એક લાંબી અને વિચારપ્રેરક પોસ્ટ લખી છે, જેમાં તેણે મહિલાઓની તાકાત અને પ્રેમ વિશે ઘણા મહત્ત્વના મુદ્દાઓ પર વાત કરી છે. રશ્મિકા મંદાનાએ પોતાની ક્રિપ્ટિક પોસ્ટમાં લખ્યું છે કે, 'સ્ત્રી ઊર્જામાં એક ખાસ જાદુ હોય છે. જ્યારે તમે તમારી અંદરના અવાજ સાથે જોડાઈ જાઓ છો, ત્યારે તમે વસ્તુઓને સ્પષ્ટપણે જોવાનું શરૂ કરી દો છો, લોકોને ઓળખી જાઓ છો અને પરિસ્થિતિઓને અગાઉથી જ સમજી જાઓ છો. ઘણીવાર આપણને લાગે છે કે કંઈક ખોટું થવાનું છે, આપણું મન આપણને સાવધાન કરે છે, પણ આપણે તેને અવગણીએ છીએ.' રશ્મિકા મંદાનાએ આગળ ભાર મૂકતા કહ્યું કે, 'મહિલાઓ જ્યારે એકબીજાને સહારો આપે છે અને ફક્ત એટલું જ કહે છે કે હું તારી સાથે છું, ત્યારે એક અલગ જ જાદુ થાય છે. તે કોમળતામાં ખૂબ તાકાત હોય છે.' અભિનેત્રીએ સ્પષ્ટ કર્યું કે, 'સ્ત્રી શક્તિ નબળી નથી. હા, તે કોમળ જરૂર છે, પણ તે મજબૂત છે અને પ્રેમથી ભરેલી છે. જ્યારે મહિલાઓ આ પ્રકારની ઊર્જા સાથે એકજૂથ થાય છે, ત્યારે તેમને કોઈ રોકી શકતું નથી.' રશ્મિકાએ આશા વ્યક્ત કરી કે, જે મહિલાઓને હજી સુધી આ શક્તિ વિશે સમજ નથી, તે પણ ટૂંક સમયમાં જ તેના વિશે સમજશે, તેને અનુભવશે અને એક મજબૂત સ્ત્રી ઊર્જા બની જશે. અભિનેત્રીની તાજેતરની ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ'નું નિર્દેશન અને લેખન રાહુલ રવિંદ્રને કર્યું છે, અને તેમાં દિક્ષિત શેટ્ટી સહિતના કલાકારો છે.

**રશ્મિકા મંદાનાએ 'સ્ત્રી શક્તિ' પર લખી લાંબી પોસ્ટ, નારીશક્તિની કરી વાત. સાચી નારી ઊર્જા શું છે અને તેનો જાદુ શું છે**

# બીજી પ્રેગ્નન્સીના એલાન બાદ સોનમ કપૂરનું ગ્લેમરસ ફોટોશૂટ



બોલિવૂડ અભિનેત્રી સોનમ કપૂર હાલમાં પોતાની બીજી પ્રેગ્નન્સીને લઈને ખૂબ ચર્ચામાં છે. ૨૦ નવેમ્બરના રોજ તેમણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા બીજી વખત માતા બનવાના સમાચાર જાહેર કર્યા હતા. આજે સોનમ કપૂરે ફરી એકવાર સુંદર ડ્રેસમાં પોતાનો ગ્લેમરસ ફોટોશૂટ શેર કર્યો છે. સોનમ કપૂરે શેર કરેલી તસવીરોમાં તે એક શાનદાર ડ્રેસમાં જોવા મળી રહી છે. પોતાના લુકને તેણે સ્ટાઈલિશ સનગ્લાસ સાથે પૂર્ણ કર્યો છે. આ તસવીરો શેર કરતી વખતે સોનમ કપૂરે મજેદાર કેપ્શન લખ્યું છે, 'મા કા જલવા શુરૂ હો ગયા હૈ.' સોનમ કપૂરની આ પોસ્ટને તેના ચાહકો અને અન્ય સેલિબ્રિટીઓ ખૂબ પસંદ કરી રહ્યા છે. અભિનેત્રી બિપાશા બસુએ કમેન્ટમાં લખ્યું, 'ખૂબસૂરત મહિલા, તમને શુભકામનાઓ.' અન્ય એક યુઝરે લખ્યું, 'બધાઈ હો. માં ખૂબ સારી લાગી રહી છે.'તમને જણાવી દઈએ કે ૨૦ નવેમ્બરે સોનમ કપૂરે પિંક ડ્રેસમાં ફોટા શેર કરીને 'માં' લખ્યું હતું અને પોતાની પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી. આ પોસ્ટ પર પ્રિયંકા ચોપરા, કરીના કપૂર, ઈશા ગુપ્તા અને ભૂમિ પેડનેકર જેવા ઘણા બોલિવૂડ સ્ટાર્સે તેમને વધાઈ આપી હતી.

# હાર્દિક પંડ્યા સાથે સગાઈની અફવા: મહીકા શર્માનો રમુજી જવાબ, પહેરું છું સારા દાગીના

ભારતીય ક્રિકેટર હાર્દિક પંડ્યા અને અભિનેત્રી-મોડેલ મહીકા શર્મા વચ્ચેના સંબંધોની પુષ્ટિ આ વર્ષે ઓક્ટોબરમાં થઈ હતી. તાજેતરમાં, મહીકા શર્માએ એક પૂજા સમારોહમાં ડાયમંડ રિંગ પહેરતાં તેમની સગાઈની અફવાઓ ફેલાઈ હતી. હવે, અભિનેત્રી મહીકા શર્માએ આ અફવાઓને રમુજી પોસ્ટ સાથે ખારીજ કરીને ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂક્યો છે. શુક્રવારે, મહીકા શર્માએ પોતાના ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક રમુજી પોસ્ટ શેર કરી. જેમાં ગુલાબી વિગવાળી એક કાળી બિલાડીનો ફોટો હતો અને તેના પર લખ્યું હતું, 'હું જોઉં છું કે ઈન્ટરનેટ નક્કી કરી રહ્યું છે કે મારી સગાઈ થઈ ગઈ છે, જ્યારે હું તો રોજ સારા દાગીના પહેરું છું.' આ પોસ્ટ બાદ તરત જ, મહીકા શર્માએ બીજી સ્લાઈડમાં મજાક કરતા કહ્યું કે હવે કદાચ પ્રેગ્નન્સીની અફવાઓનો વારો આવશે. એક વિડીયોમાં એક વ્યક્તિ ટોય કાર ચલાવતો હતો અને તેના પર લખ્યું હતું, 'જો હું પ્રેગ્નન્સીની અફવાઓ સામે લડવા આ લઈને આવું તો તમે શું કરશો?' થોડા દિવસો પહેલાં મહીકા શર્મા હાર્દિક પંડ્યાના ઘરે એક પૂજા સમારોહમાં હાજર રહી હતી. આ પૂજા કરનાર પૂજારીએ સોશિયલ મીડિયા પર તસવીરો મૂકી હતી, જેનાથી સગાઈની અટકળોને વેગ મળ્યો હતો. હાર્દિકે પણ ઈન્સ્ટાગ્રામ પર પોતાના 'બિગ ૩' (ગર્લફ્રેન્ડ મહીકા શર્મા, પુત્ર અગસ્ત્ય અને તેના પાલતુ શ્વાન) સાથે સમય વિતાવતા વિડીયો અને તસવીરો શેર કરી હતી.



**ડસ્કી મોડેલે પ્રિયંકા ચોપરાનો વારાણસી ઈવેન્ટ લુક કર્યો રિક્રિએટ**

# પ્રિયંકાનો આઈવરી લહેંગામાં ટ્રેડિશનલ લુક થયો રિક્રિએટ

થોડા સમય પહેલા એસ.એસ. રાજામૌલીની ફિલ્મ 'વારાણસી'ના એક ભવ્ય ઈવેન્ટમાં અભિનેત્રી પ્રિયંકા ચોપરાનો આઈવરી કલરનો સુંદર લહેંગા લુક ખૂબ વાયરલ થયો હતો. 'દેસી ગર્લ'ના આ ટ્રેડિશનલ લુકની ચર્ચા ઘણી લાંબી ચાલી. હાલમાં જ એક ડસ્કી મોડેલે પ્રિયંકા ચોપરાનો એ જ લુક રિક્રિએટ કર્યો, જેના પર પ્રિયંકા ચોપરાએ રિએક્શન આપીને મોડેલને પ્રોત્સાહિત કરી છે. વાયરલ થયેલા વિડિયોમાં, ડસ્કી મોડેલે કહ્યું કે તેને પ્રિયંકા ચોપરાનો 'વારાણસી' ફિલ્મ ઈવેન્ટ વાળો લુક જોઈતો હતો. મોડેલે આગળ કહ્યું કે, 'મારો કલર ડસ્કી છે, પણ મને મારો રંગ પસંદ છે. પ્રિયંકાનો સ્કિન કલર જુઓ કેટલો સુંદર છે. તેમને પણ તો નિક જોનસ મળ્યા છે.' અંતે જ્યારે મોડેલનો મેકઅપ પૂર્ણ થાય છે, ત્યારે તે ખૂબ જ સુંદર દેખાય છે અને પ્રિયંકા ચોપરા જેવી જ આકર્ષક લાગે છે. મોડેલના આ સંવેદનશીલ વિડિયો પર પ્રિયંકા ચોપરાએ કમેન્ટ કરી અને તેની સુંદરતાની પ્રશંસા કરી. પ્રિયંકા ચોપરાએ લખ્યું, 'તમારો રંગ પણ ખૂબ જ સુંદર છે અને તમે પણ. તમે જે રીતે છો, તેવા જ સુંદર છો.' આ કમેન્ટ સાથે પ્રિયંકાએ હાર્ટ અને સ્માઈલી ઈમોજી પણ શેર કર્યા. યુઝર્સ પણ પ્રિયંકાની આ કમેન્ટ જોઈને ખૂબ જ ખુશ થયા અને તેમણે મોડેલના લુક અને સુંદરતાના વખાણ કર્યા.

# 'ધ ફેમિલી મેન 3'ના વિલનનો લુક ભારે ચર્ચામાં

**મેકર્સને જોઈતો હતો 'હાથીરામ'થી તદ્દન વિપરીત વિલનનો અંદાજ**



જ્યારે 'ધ ફેમિલી મેન' જેવી લોકપ્રિય વેબ સિરીઝ પરત ફરે છે, ત્યારે અપેક્ષાઓ આસમાને હોય છે. પરંતુ આ વખતે ટ્રેલર પહેલાં જ જયદીપ અહલાવતના જબરદસ્ત પરિવર્તનને કારણે ખૂબ ચર્ચા જાગી છે. તેના લાંબા વાળ, મેન-બન અને રગ્ડ લુકે ચાહકોને આ નવા વિલન વિશે વધુ જાણવા ઉત્સુક કર્યા છે. આ લુક પાછળની વાર્તા ખરેખર મજેદાર અને અકસ્માતથી ભરેલી છે. સિરીઝના કો-ક્રિએટર ડીકેએ મીડિયાને જણાવ્યું કે, સામાન્ય રીતે લુક ટેસ્ટ, પ્રયોગો અને ટ્રાયલની લાંબી પ્રક્રિયા હોય છે, તેના બદલે જયદીપ અહલાવતનો અંતિમ લુક તેના પોતાના ઈન્સ્ટાગ્રામ પેજ પર મૂકેલા એક સામાન્ય ફોટામાંથી નક્કી કરવામાં આવ્યો હતો ડીકેએ હસતા હસતા કહ્યું, 'તે મૂળભૂત રીતે તેના ઈન્સ્ટાગ્રામ પેજ પરના કોઈ ફોટામાંથી લેવામાં આવ્યો હતો. અમે જયદીપ વિશે વિચારી રહ્યા હતા, અને છેલ્લે અમે તેને 'હાથીરામ' - પોલીસના લુકમાં જોયો હતો. અમને ખાતરી હતી કે આ લુક નથી જોઈતો. અમે તેને 'હાથીરામ'થી તદ્દન વિપરીત દેખાડવા માંગતા હતા. પછી મારી ટીમના એક સભ્યને આ ફોટો મળ્યો અને તેમણે શેર કર્યો. જે ક્ષણે અમે તે જોયો, અમે તરત જ સમજી ગયા - આ જ લુક છે.' કોઈ વધુ ચર્ચા કે વિકલ્પો વિના, ડીકેએ જયદીપ અહલાવતને તે ફોટો બતાવીને કહ્યું, 'અમે તમને આ લુક આપીશું.' જયદીપે પણ સ્વીકાર્યું કે તેનો પહેલો વિચાર હતો, 'હે ભગવાન! આટલા લાંબા વાળ ઉગાડવામાં ઘણો સમય લાગશે

**મુંબઈમાં યોજાયેલા ગ્લોબલ પીસ ઓનર્સ 2025ના મંચ પરથી**

# શાહરુખ ખાને સેનાને કર્યું સલામ

મુંબઈમાં યોજાઈ રહેલા ગ્લોબલ પીસ ઓનર્સ 2025 સમારોહમાં અભિનેતા શાહરુખ ખાને ભારતીય સૈનિકોના સાહસ અને બહાદુરીને સલામ કરી. તો રણવીર સિંહે મહિલા ક્રિકેટર પાસેથી એક સવાલ પૂછ્યો છે. ચાલો જોઈએ કે એક્ટર્સે શું કહ્યું. મુંબઈમાં ચાલી રહેલા ગ્લોબલ પીસ ઓનર્સ 2025 સમારોહમાં અનેક સિતારાઓએ હાજરી આપી. આ શ્રેણીમાં શાહરુખ ખાન અને રણવીર સિંહ પણ સામેલ છે. કિંગ ખાને પોતાના ભાષણમાં ભારતીય સૈનિકોના સાહસ અને બહાદુરીનો ઉલ્લેખ કરતાં ૨૬/૧૧ આતંકવાદી હુમલો, પહેલગામ હુમલો અને દિલ્હી બોમ્બ ધડાકાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી



# શૂટિંગ દરમિયાન શ્રદ્ધા કપૂરને ઈજા, 'ઈથા' ફિલ્મનું કામ અટકાવવું પડ્યું

**'સ્ત્રી ૨'ની સફળતા પછી શ્રદ્ધા કપૂર વિઠાબાઈની બાયોપિકમાં વ્યસ્ત હતી**

અભિનેત્રી શ્રદ્ધા કપૂર 'સ્ત્રી ૨'ની ધમાકેદાર સફળતા બાદ તેમની આગામી ફિલ્મ 'ઈથા'ના કામમાં વ્યસ્ત હતી, પરંતુ શૂટિંગ દરમિયાન તેમને ઈજા પહોંચતા ફિલ્મનું કામ હાલ અટકાવવામાં આવ્યું છે. આ ફિલ્મ મહારાષ્ટ્રના લોકપ્રિય લાવણી ડાન્સર અને તમાશા કલાકાર વિઠાબાઈ ભાઉ નારાયણગાંવકરની બાયોપિક છે. મીડિયા રિપોર્ટ મુજબ, શ્રદ્ધા કપૂરની નવી ફિલ્મનું શૂટિંગ મહારાષ્ટ્રના નાસિક નજીક આવેલા ઔંઢેવાડીમાં ચાલી રહ્યું હતું. ગયા અઠવાડિયે, નિર્દેશક લક્ષ્મણ ઉતેકરને શૂટિંગ રોકવું પડ્યું, કારણ કે લાવણી ડાન્સનું એક દૃશ્ય શૂટ કરતી વખતે શ્રદ્ધા કપૂરના ડાબા પગની આંગળીમાં ઈજા થઈ હતી. શ્રદ્ધા કપૂર વિઠાબાઈનું પાત્ર ભજવવા માટે ઘણું વજન વધારી ચૂકી છે અને તેણે ભારે સાડી તથા ઘરેણાં પહેર્યા હતા. લાવણી સંગીત પર ડાન્સ સ્ટેપ કરતી વખતે તેણે પોતાનું વજન એક પગ પર નાખ્યું હતું, જેના કારણે તેનું સંતુલન બગડ્યું અને આ અકસ્માત થયો. ઈજા થવા છતાં શ્રદ્ધા કપૂરે આગ્રહ કર્યો કે, જે દૃશ્યોમાં હલનચલન ન હોય તે પહેલાં શૂટ કરી લેવામાં આવે. તેથી મુંબઈના મડ આઈલેન્ડમાં સેટ બનાવીને શૂટિંગ શરૂ કરવામાં આવ્યું. જોકે, શ્રદ્ધાનો દુખાવો વધતા આ શૂટિંગ પણ રોકવું પડ્યું. હવે બે અઠવાડિયા પછી ફરીથી શૂટિંગ શરૂ થવાની આશા છે. દિનેશ વિજાનના મેડોક ફિલ્મ્સના બેનર હેઠળ બની રહેલી આ ફિલ્મમાં શ્રદ્ધા કપૂર ઉપરાંત રણદીપ હુડ્ડા અને મોહમ્મદ ઝીશાન અયૂબ પણ મુખ્ય કલાકારો તરીકે જોવા મળશે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## લિવરપૂલનો ખરાબ સમય યથાવત્, નોટિંગહામ ફોરેસ્ટ સામે શરમજનક હાર

### ચેમ્પિયન લિવરપૂલને ઘરઆંગણે ૩-૦થી કારમો પરાજય, ચેલ્સીનો બર્નલી સામે વિજય



લંડન: પ્રીમિયર લીગના વર્તમાન ચેમ્પિયન લિવરપૂલની મુશ્કેલીઓનો અંત આવતો નથી. શનિવારે રમાયેલી મેચમાં નોટિંગહામ ફોરેસ્ટે એન્ફિલ્ડમાં લિવરપૂલને ૩-૦થી હરાવીને ટાઈટલ બચાવવાની તેમની આશાને મોટો ફટકો આપ્યો છે. જ્યારે બીજી તરફ ચેલ્સીએ બર્નલીને ૨-૦થી હરાવીને ટાઈટલની રેસમાં પોતાનું સ્થાન મજબૂત કર્યું છે. આર્ને સ્લોટની ટીમ માટે આ સીઝન ખૂબ જ ખરાબ સાબિત થઈ રહી છે. લિવરપૂલની નિસ્તેજ રમત જોવા મળી હતી અને ૩૩મી મિનિટે મુરિલોના જોરદાર સ્ટ્રાઈકથી ફોરેસ્ટે ગોલ કર્યો. ઈલિયટ એન્ડરસનના કોર્નર પર ગોલ થયો, જેને લિવરપૂલના મેનેજર આર્ને સ્લોટે સવાલ ઉઠાવ્યો, કારણ કે ફોરેસ્ટનો ખેલાડી ડેન એન્ડોયે લિવરપૂલના ગોલકીપર એલિસન બેકરને અવરોધતો હોવાનું દેખાતું હતું. આ પહેલા મેનચેસ્ટર સિટી સામે પણ વર્જિલ વાન ડાઈકનો ગોલ આ જ કારણોસર રદ કરવામાં આવ્યો હતો. ૪૬મી મિનિટે નિકોલો સવોના અને ૭૮મી મિનિટે મોર્ગન ગિબ્સ-વ્હાઈટે ગોલ કરીને ફોરેસ્ટને ૩-૦ની જીત અપાવી. લિવરપૂલની હાલત એટલી ખરાબ છે કે તેઓ છેલ્લા ૧૧માંથી ૮ મેચ હારી ચૂક્યા છે અને છેલ્લા સાત ટોપ-ફ્લાઈટ મેચમાંથી ૭ મેચમાં તેમને હાર મળી છે.

## ગુજરાત જાયન્ટ્સ FICCI સ્પોર્ટ્સ એવોર્ડ્સમાં સર્વશ્રેષ્ઠ સ્પોર્ટ્સ ફ્રેન્ચાઈઝી બની

નવી દિલ્હી: અદાણી સ્પોર્ટ્સલાઈનની માલિકી ધરાવતી ગુજરાત જાયન્ટ્સ ટીમને નવી દિલ્હીમાં FICCI મુખ્યાલય ખાતે આયોજિત FICCI ઈન્ડિયા સ્પોર્ટ્સ એવોર્ડ્સ ૨૦૨૫માં વર્ષની સર્વશ્રેષ્ઠ સ્પોર્ટ્સ ફ્રેન્ચાઈઝી તરીકે સન્માનિત કરવામાં આવી છે. FICCI TURF ૨૦૨૫ના ભાગરૂપે યોજાયેલા આ ઈન્ડિયા સ્પોર્ટ્સ એવોર્ડ્સમાં ભારતીય રમતગમતમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર ટીમો અને વ્યક્તિઓને બિરદાવવામાં આવે છે. ગુજરાત જાયન્ટ્સ માટે WPL ૨૦૨૫ની સિઝન એક સીમાચિહ્નરૂપ સાબિત થઈ હતી. આ ટીમ લીગની શરૂઆત પછી પ્રથમ વખત ટૂર્નામેન્ટના પ્લેઓફમાં પહોંચી હતી, જે ફ્રેન્ચાઈઝી માટે એક વ્યાખ્યાયિત અધ્યાય હતો. મેદાન પરની આ સફળતા ઉપરાંત, ઉભરતી ભારતીય પ્રતિભાઓ તરફથી પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન જોવા મળ્યું હતું. ટીમની કશ્વી ગૌતમ અને પ્રિયા મિશ્રા સિઝનના સૌથી તેજસ્વી પ્રદર્શન કરનારા ખેલાડીઓમાં સામેલ હતી. તેમની સતતતા અને મેચ વિનિંગ ક્ષમતાએ ગુજરાત જાયન્ટ્સ અને અદાણી સ્પોર્ટ્સલાઈનની ભારતીય પ્રતિભાને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાને દર્શાવી છે. આ યુવા ખેલાડીઓ પહેલેથી જ રાષ્ટ્રીય ટીમનું પ્રતિનિધિત્વ કરવા માટે મજબૂત પગલાં ભરી રહી છે. ટીમની આ સિદ્ધિ પર ટિપ્પણી કરતા અદાણી એન્ટરપ્રાઈઝિસ લિમિટેડ (AEL)ના ડિરેક્ટર શ્રી પ્રણવ અદાણીએ જણાવ્યું કે, 'FICCI તરફથી બેસ્ટ સ્પોર્ટ્સ ફ્રેન્ચાઈઝી ઑફ ધ યર તરીકે સન્માનિત થવા બદલ અમે ખૂબ જ ખુશ છીએ.

### ODI કપ્તાન શુભમન ગિલ ગરદનની ઈજાને કારણે દક્ષિણ આફ્રિકા સામેની આગામી ત્રણ મેચની ODI શ્રેણીમાંથી બહાર

# કેએલ રાહુલ બનશે દ. આફ્રિકામાં ભારતીય ODI કપ્તાન

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમના નિયુક્ત ODI કપ્તાન શુભમન ગિલ ગરદનની ઈજાને કારણે દક્ષિણ આફ્રિકા સામેની આગામી ત્રણ મેચની ODI શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે. મીડિયા અહેવાલ અને BCCI સૂત્રો દ્વારા મળેલા સમાચાર મુજબ, શુભમન ગિલની ઈજા શરૂઆતમાં ધારણા હતી તેના કરતાં વધુ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે તેમની રિકવરીમાં વધુ સમય લાગશે. શુભમન ગિલની ગેરહાજરીમાં અને વાઈસ-કેપ્ટન શ્રેયસ ઐયર પણ ઈજાને કારણે બહાર હોવાથી, પસંદગીકારોએ કપ્તાની માટે કેએલ રાહુલ) પર પસંદગી ઉતારી છે. કેએલ રાહુલ, જે ભારતનો પ્રથમ પસંદગીનો ODI વિકેટકીપર છે, તે લગભગ બે વર્ષના અંતરાલ પછી ટીમનું નેતૃત્વ સંભાળશે. તેણે છેલ્લે ડિસેમ્બર ૨૦૨૩માં દક્ષિણ આફ્રિકા પ્રવાસ પર ભારતનું સુકાન સંભાળ્યું હતું. બોર્ડના સૂત્રોએ જણાવ્યું છે કે, શ્રેયસ ઐયર ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન પાંસળીના પાંજરામાં થયેલી ઈજામાંથી સાજા થઈ રહ્યો છે અને આગામી બે મહિના સુધી તે મેદાનમાં પરત ફરે તેવી શક્યતા નથી. આ સ્થિતિમાં, કેએલ રાહુલ ટીમ માટે સૌથી વ્યવહારુ અને સ્થિર વિકલ્પ બની રહે છે.






**ગિલની ઈજાનો મામલો ગંભીર...**શુભમન ગિલની ઈજાનો મામલો જટિલ છે. કોલકાતામાં પ્રથમ ટેસ્ટ દરમિયાન બેટિંગ કરતી વખતે તેને ઈજા થઈ હતી. હાલમાં તે મુંબઈમાં સ્કેન અને સ્પાઈન નિષ્ણાત ડૉ. અભય નેનેની સલાહ લઈ રહ્યા છે. BCCIના સૂત્રોએ જણાવ્યું છે કે, ઈજા માંસપેશીઓ સંબંધિત છે કે નસ સંબંધિત, તે નક્કી કરવા માટે તમામ પરીક્ષણો કરવામાં આવી રહ્યા છે. શુભમન ગિલને લક્ષણોને નિયંત્રિત કરવા માટે ઈન્જેક્શન આપવામાં આવ્યું છે અને તેને આરામની જરૂર છે. શુભમન ગિલ ODI શ્રેણી ગુમાવે તેવી પ્રબળ શક્યતા છે, અને ૯ ડિસેમ્બરથી શરૂ થનારી T20I શ્રેણી માટે પણ તેની ઉપલબ્ધતા શંકાસ્પદ છે. જોકે, ગુવાહાટીમાં ટેસ્ટ કપ્તાની કરનાર રિષભ પંતને ODI કપ્તાન તરીકે વિચારણામાં લેવાયો હતો, પરંતુ ઈજામાંથી સાજા થયા બાદ તેણે છેલ્લા એક વર્ષમાં માત્ર એક જ ૫૦-ઓવરની મેચ રમી હોવાથી તેની પસંદગીને નબળી ગણવામાં આવી હતી. આમ, કેએલ રાહુલ હવે ૩૦ નવેમ્બરથી રાંચીમાં શરૂ થનારી ODI શ્રેણીમાં ભારતનું નેતૃત્વ કરવા તૈયાર છે.

### સૈયદ મુશ્તાક અલી ટ્રોફી... રાજસ્થાન છોડી ચેન્નાઈ જવાની ચર્ચા વચ્ચે સંજુની નવી કપ્તાની, ટીમમાં મોટા ફેરફારો

# સંજુ સેમસન બન્યો કેરળનો કપ્તાન

**૨૬ નવેમ્બરથી કેરળની પ્રથમ મેચ ઓડિશા સામે, તમામ મેચ લખનઉમાં રમાશે**

**વિષ્ણુ વિનોદ અને વિગ્નેશ પુથુર જેવા સ્ટાર્સને તક, સચિન બેબી બહાર**

તિરુવનંતપુરમ

IPLની હલચલ વચ્ચે ભારતીય ક્રિકેટર સંજુ સેમસન ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર રાજસ્થાન રોયલ્સનો સાથ છોડી ચેન્નાઈ સુપર કિંગ્સમાં જોડાવાના સમાચારો વચ્ચે, આગામી સૈયદ મુશ્તાક અલી ટ્રોફી માટે તેમને કેરળની ટીમના કપ્તાન બનાવવામાં આવ્યા છે. આ નિર્ણયથી કેરળ ક્રિકેટ બોર્ડે ટીમને મજબૂત કરવા માટે મોટો દાવ ખેલ્યો છે. સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ૨૬ નવેમ્બરથી શરૂ થવા જઈ રહી છે અને આ ટૂર્નામેન્ટમાં સંજુ સેમસન કેરળની કમાન સંભાળશે. સૌથી ખાસ વાત એ છે કે કેરળની ટીમમાં સંજુના નાના ભાઈ સેલી સેમસનને પણ સ્થાન આપવામાં આવ્યું છે. આ બંને ભાઈઓની જોડી અગાઉ કેરળ ક્રિકેટ લીગમાં એકસાથે રમી ચૂકી છે, જ્યાં સેલીએ કોચી બ્લુ ટાઈગર્સનું સુકાનીપદ સંભાળ્યું હતું. હવે, આ બંને સ્ટાર પ્લેયર્સ કેરળ માટે સાથે રમતા જોવા મળશે, જે ક્રિકેટપ્રેમીઓ માટે ઉત્સાહનો વિષય છે.

**કપ્તાન સંજુ સેમસન (વિકેટકીપર) સહિત કેરળની ૧૮ ખેલાડીઓની મજબૂત ટીમ જાહેર**



#### કેરળ સ્ક્વોડમાં કોણ-કોણ?

સંજુ સેમસન (કપ્તાન અને વિકેટકીપર)ની સાથે અહેમદ ઈમરાનને ઉપ-કપ્તાન બનાવવામાં આવ્યો છે. IPLમાં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમી ચૂકેલા વિગ્નેશ પુથુર અને અનુભવી વિકેટકીપર વિષ્ણુ વિનોદનો પણ સ્ક્વોડમાં સમાવેશ થયો છે. કેરળ ક્રિકેટ લીગની પાછલી સિઝનમાં સૌથી વધુ વિકેટ ઝડપનાર અખિલ સ્કારિયાને પણ તક મળી છે. જોકે, ભૂતકાળમાં ટીમનું નેતૃત્વ કરી ચૂકેલા સચિન બેબીને ટીમમાં જગ્યા મળી નથી, જે એક આશ્ચર્યજનક નિર્ણય છે. કેરળની ટીમને આ ટૂર્નામેન્ટમાં મજબૂત ગણાતા ગ્રુપ-એમાં મૂકવામાં આવી છે, જેમાં મુંબઈ, ઓડિશા, વિદર્ભ, રેલવે, આંધ્રપ્રદેશ અને ચંદીગઢ જેવી ટીમોનો સમાવેશ થાય છે. સંજુ સેમસન એન્ડ કંપની પોતાનો પ્રથમ મુકાબલો ૨૬ નવેમ્બરે ઓડિશા સામે રમશે. કેરળની તમામ મેચો લખનઉમાં રમાવાની છે.

### પાકિસ્તાનનો શ્રીલંકા સામે વિજય

#### શ્રીલંકાના બેટ્સમેનોનું નબળું પ્રદર્શન: T20 ફોર્મેટમાં સંઘર્ષ ચાલુ

## સાહિબઝાદા ફરહાનની ધમાકેદાર બેટિંગ, અણનમ ૮૦ રન ફટકાર્યા

લાહોર

સાહિબઝાદા ફરહાનના કારકિર્દીના સર્વશ્રેષ્ઠ ૮૦ રનની તોફાની ઈનિંગ્સના આધારે પાકિસ્તાને ત્રિકોણીય T20 શ્રેણીની મેચમાં સંઘર્ષ કરી રહેલા શ્રીલંકાને સાત વિકેટે હરાવ્યું છે. શ્રીલંકાની ટીમ ઝિમ્બાબ્વે સામે ૯૫ રનમાં ઓલઆઉટ થયા બાદ પોતાની પ્રથમ મેચ ૬૭ રનથી હારી ગઈ હતી અને પાકિસ્તાન સામે પણ તેમનો સંઘર્ષ ચાલુ રહ્યો. કપ્તાન દાસુન શનાકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ શ્રીલંકાની ટીમ નિર્ધારિત ઓવરમાં ૭ વિકેટે માત્ર ૧૨૮ રન જ બનાવી શકી. જવાબમાં, સાહિબઝાદા ફરહાને ૫ છગ્ગા અને ૬ ચોગ્ગાની મદદથી ૪૫ બોલમાં અણનમ ૮૦ રન ફટકારીને પાકિસ્તાનને માત્ર ૧૫.૩ ઓવરમાં ૧૩૧-૩ના સ્કોર પર પહોંચાડીને સતત બીજી જીત અપાવી. શ્રીલંકાની ટીમે ODI શ્રેણી ૩-૦થી ગુમાવ્યા બાદ T20 ફોર્મેટમાં પણ સંઘર્ષ કરવો પડ્યો છે. પાકિસ્તાનના કપ્તાન સલમાન અલી આગાએ ટીમના પ્રદર્શનને 'સંપૂર્ણ રમત' ગણાવતા ફરહાનની પ્રશંસા કરી. તેમણે કહ્યું, 'તે એક એવો ખેલાડી છે, જે જો ત્રણથી ચાર ઓવર બેટિંગ કરે, તો તે કોઈપણ વિરોધી ટીમ પાસેથી મેચ છીનવી શકે છે.' શાહીન શાહ આફ્રિદી પગની ઈજાના કારણે આ મેચમાંથી બહાર હતો, પણ મોહમ્મદ વસીમ અને ફહીમ અશરફની ઝડપી બોલિંગ સામે શ્રીલંકાના કામિલ મિશારાએ (૨૨) સારી શરૂઆત કરી હતી.



### એશિઝ શ્રેણી...ઓસ્ટ્રેલિયન ઓપનર ટ્રેવિસ હેડે ૮૩ બોલમાં ૧૨૩ રન ફટકારી ઈતિહાસ રચ્યો

# ટ્રેવિસ હેડની 'આગ': એશિઝમાં બેઝબોલ શૈલીનું 'રાખ' કરી નાખ્યું

પર્થ

ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી એશિઝ શ્રેણીના પ્રથમ ટેસ્ટ મેચમાં ટ્રેવિસ હેડનું પ્રદર્શન આગામી ઘણા વર્ષો સુધી યાદ રહેશે. ઈંગ્લેન્ડની 'બેઝબોલ' શૈલીથી આક્રમક થવા આવેલી ટીમને ટ્રેવિસ હેડે પોતાની તોફાની બેટિંગથી માત્ર બે દિવસમાં જ 'રાખ' બનાવી દીધી. પર્થમાં રમાયેલો આ મુકાબલો માત્ર બે દિવસમાં સમાપ્ત થયો, જેમાં હેડે ૮૩ બોલમાં ૧૨૩ રનની તોફાની ઈનિંગ રમી ઓસ્ટ્રેલિયાને આઠ વિકેટે મોટી જીત અપાવી. આ માત્ર એક ઈનિંગ નહોતી, પરંતુ યોગ્ય સમયે યોગ્ય ખેલાડી શું કરી શકે તેનું ઉત્તમ ઉદાહરણ હતું. નિયમિત ઓપનર ઉસ્માન ખ્વાજા પીઠના ખેંચાણને કારણે ઓપનિંગમાં આવી શક્યા નહોતા. પ્રથમ ઈનિંગમાં માર્નસ લાબુશેન ઓપનિંગમાં નિષ્ફળ રહ્યા બાદ બીજી ઈનિંગમાં ઓસ્ટ્રેલિયન ટીમ મેનેજમેન્ટે ટ્રેવિસ હેડને જેક વેદરાલ્ડ સાથે ઓપનિંગ માટે મોકલ્યા. આ નિર્ણય ટીમના મેનેજમેન્ટનો 'માસ્ટરસ્ટ્રોક' સાબિત થયો. પ્રથમ ઈનિંગ બાદ બેકફૂટ પર ગયેલી ઓસ્ટ્રેલિયન ટીમને હેડે પોતાના દમ પર મેચ જીતાડી દીધી. શરૂઆતથી જ આક્રમક રહેલા હેડે પિચની ગતિ અને ઉછાળનો અંદાજ લગાવીને ઈંગ્લિશ બોલરો પર આક્રમણ શરૂ કરી દીધું.



#### એશિઝ ઈતિહાસની બીજી સૌથી ઝડપી સદી

ટ્રેવિસ હેડે પોતાની બેટિંગથી ઈંગ્લેન્ડના બોલરોને સંપૂર્ણપણે બેકફૂટ પર ધકેલી દીધા. તેમણે માત્ર ૩૬ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી અને પછી માત્ર ૬૯ બોલમાં ટેસ્ટ કારકિર્દીની ૧૦મી સદી ફટકારી દીધી. આ સદી એશિઝના ઈતિહાસમાં બીજી સૌથી ઝડપી સદી રહી. તેમના કરતાં ઝડપી સદી માત્ર મહાન એડમ ગિલક્રિસ્ટ (૫૭ બોલમાં, ૨૦૦૬-૦૭ એશિઝ)એ ફટકારી હતી. આ ઉપરાંત, આ ચોથી ઈનિંગમાં લક્ષ્યનો પીછો કરતી વખતે ઓપનર દ્વારા સંયુક્ત રીતે સૌથી ઝડપી સદી પણ છે. ટ્રેવિસ હેડે ઓસ્ટ્રેલિયાની ધરતી પર ટેસ્ટમાં પહેલીવાર ઓપનિંગ કરી અને ધમાકો મચાવી દીધો. આ પહેલા તેમણે એશિયન ધરતી પર નવ વખત ઓપનિંગ કર્યું હતું.

**ઈંગ્લેન્ડ દ્વારા આપવામાં આવેલા ૨૦૫ રનના લક્ષ્યનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાએ માત્ર ૨૮.૨ ઓવરમાં જ બે વિકેટ ગુમાવીને જીત હાંસલ કરી લીધી**

### અઢી વર્ષ પછી ઘરઆંગણે પરત, રોબર્ટ લેવાન્ડોસ્કી અને ટોરેસના ગોલથી ૪-૦થી જીત

# નવા કેમ્પ નૂમાં બાર્સેલોનાનું શાનદાર આગમન, એથ્લેટિક બિલબાઓને કચડ્યું

બાર્સેલોના

સ્પેનિશ ચેમ્પિયન બાર્સેલોનાએ અઢી વર્ષના 'વનવાસ' પછી તેમના ફરીથી નિર્મિત 'કેમ્પ નૂ' સ્ટેડિયમમાં ભવ્ય વાપસી કરી છે. શનિવારે રમાયેલી લા લિગા મેચમાં બાર્સેલોનાએ એથ્લેટિક બિલબાઓને ૪-૦થી હરાવીને ટેબલમાં રિયલ મેડ્રિડની બરોબરી પર ટોચનું સ્થાન મેળવ્યું છે. બાર્સેલોનાએ એક વર્ષ પહેલાં જ તેમના સ્ટેડિયમનું ફરીથી ઉદ્ઘાટન કરવાની યોજના બનાવી હતી, પરંતુ બાંધકામમાં વિલંબને કારણે તેમને ઘરઆંગણે પરત આવવા માટે લાંબી રાહ જોવી પડી. હંસી ફ્લિકની ટીમે આ જીત સાથે લીગમાં દમદાર શરૂઆત કરી છે. મેચ શરૂ થતા પહેલા અને પછી ફટાકડા ફોડીને ઉત્સવ મનાવવામાં આવ્યો હતો, જ્યાં ત્રણ ખુલ્લા સ્ટેન્ડમાં ૪૫,૦૦૦થી વધુ ચાહકો હાજર હતા. ચાહકોએ લાંબી રાહ જોઈ, પણ તેમને નવા સ્ટેડિયમનો પ્રથમ ગોલ જલ્દી જોવા મળ્યો. અનુભવી સ્ટ્રાઈકર રોબર્ટ લેવાન્ડોસ્કી, જે કપ્તાની સંભાળી રહ્યા હતા, તેમણે ચોથી મિનિટે જ ગોલ કરીને બાર્સેલોનાને લીડ અપાવી. એરિક ગાર્સિયાએ મિડફિલ્ડમાં બોલ જીતીને લેવાન્ડોસ્કીને આપ્યો હતો, જેમણે જોરદાર લો સ્ટ્રાઈકથી ગોલ કર્યો. લેવાન્ડોસ્કીનો આ આ સિઝનનો આઠમો લીગ ગોલ હતો. પ્રથમ હાફના અંતમાં લેમિને યમલના શાનદાર પાસ પર ફેરન ટોરેસે બીજો ગોલ કર્યો. બીજા હાફની શરૂઆતમાં જ એરિક ગાર્સિયાના સારા પ્રેસિંગ બાદ ફર્મિન લોપેઝે ગોલ કરીને સ્કોર ૩-૦ કરી દીધો. બિલબાઓની મુશ્કેલીઓ વધી જ્યારે મિડફિલ્ડર ઓઈહાન સાન્સેટને ફર્મિન લોપેઝને ધક્કો મારવા બદલ VAR સમીક્ષા બાદ રેડ કાર્ડ મળ્યો. બાર્સેલોનાએ સંપૂર્ણ પ્રદર્શન સાથે આ મેચ પોતાના નામે કરી. ફેરન ટોરેસે ફરી એકવાર યમલના શાનદાર પાસ પર બીજો ગોલ ફટકારીને સ્કોર ૪-૦ કરી દીધો. ઈજાગ્રસ્ત ગોલકીપર જોઆન ગાર્સિયાએ નવ મેચની ગેરહાજરી બાદ વાપસી કરી અને ટીમને સપ્ટેમ્બર પછી પ્રથમ 'ક્લીન શીટ' જાળવવામાં મદદ કરી. ઈજાગ્રસ્ત બ્રાઝિલિયન વિંગર રફિન્હાએ પણ બીજા હાફમાં મેદાન પર ઉતરીને પોતાની વાપસીની નોંધ કરાવી.



**થાલાનો સંન્યાસ** // ચેન્નાઈના થાલા ધોનીના પગની ઈજા ચિંતાનો વિષય, ઉત્તરાધિકારી નક્કી?

# IPL ૨૦૨૬ પછી અલવિદા કહેશે એમએસ ધોની?

**ધોની સહિત ત્રણ મોટા ખેલાડીઓ IPL ૨૦૨૬ પછી સંન્યાસ લે તેવી શક્યતા**

ચેન્નઈ

IPL ૨૦૨૬ની મિની ઓક્શનની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે ક્રિકેટ જગતમાં એ વાતની જોરદાર ચર્ચા છે કે કયા દિગ્ગજ ખેલાડીઓ આ સીઝન પછી ઈન્ડિયન પ્રીમિયર લીગને અલવિદા કહી શકે છે. રિલીઝ થયેલા ખેલાડીઓ પર સૌની નજર છે, પરંતુ રિટેન થયેલા કેટલાક મોટા નામો પણ છે, જે કદાચ છેલ્લીવાર રમતા જોવા મળી શકે છે. આ લિસ્ટમાં સૌથી મોટું નામ એમએસ ધોનીનું છે. જ્યારે પણ IPLની નવી સિઝન આવે છે, ત્યારે એમએસ ધોનીના સંન્યાસની વાતો શરૂ થઈ જાય છે. જોકે, ધોની દર વખતે આ અફવાઓને શાંત કરી દે છે. ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)ના સીઈઓ કાશી વિશ્વનાથે સ્પષ્ટ કર્યું છે કે ધોની IPL ૨૦૨૬માં ચોક્કસ રમશે. પરંતુ, ધોનીના ઘૂંટણની સમસ્યા અને વધતી ઉંમર જોતા, આ તેમનો છેલ્લો સીઝન હોઈ શકે છે. રસપ્રદ વાત એ છે કે, સંજુ સેમસન હવે રાજસ્થાન રોયલ્સથી CSKમાં આવી ગયા છે, જેમને ભવિષ્યમાં ધોનીના ઉત્તરાધિકારી તરીકે જોવામાં આવી રહ્યા છે.



## ઈશાંત શર્મા અને રહાણેનું ભવિષ્ય



**ઈશાંત શર્મા...**ઈશાંત શર્માને ગુજરાત ટાઈટન્સે IPL ૨૦૨૬ માટે રિટેન કર્યા છે. જોકે, પાછલી કેટલીક સિઝનમાં તેમનું ફોર્મ સારો રહ્યો નથી. IPL ૨૦૨૫માં તેમણે ૭ મેચમાં માત્ર ૪ વિકેટ લીધી હતી અને તેમનો ઈકોનોમી રેટ ઘણો ઊંચો (૧૧.૮૦) રહ્યો હતો. ફિટનેસની સમસ્યા પણ રહી છે. જો ઈશાંત શર્મા ૨૦૨૬ પછી સંન્યાસ લે છે, તો તે કોઈ આશ્ચર્યજનક નિર્ણય નહીં હોય.



**અજિંક્ય રહાણે...**અજિંક્ય રહાણે IPL ૨૦૨૫માં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ના કપ્તાન હતા, પરંતુ ટીમ પોઈન્ટ્સ ટેબલમાં આઠમા સ્થાને રહી હતી. કપ્તાનીનો વિકલ્પ ખુલ્લો રાખવા માટે KKRએ તેમને IPL ૨૦૨૬ માટે રિટેન કર્યા છે. એક સમય હતો જ્યારે મેગા ઓક્શનમાં રહાણેને કોઈ ખરીદનાર નહોતું મળતું, પરંતુ KKRએ તેમના પર દાવ લગાવ્યો હતો. રહાણેએ IPL ૨૦૨૫માં ૧૨ મેચમાં ૩૯૦ રન બનાવ્યા હતા અને તેમનો સ્ટ્રાઈક રેટ પણ ૧૪૮ની આસપાસ હતો. જોકે, KKR સિવાય અન્ય કોઈ ટીમ તેમનામાં રસ દાખવી રહી નથી, જેના કારણે તેમનું IPL ભવિષ્ય અનિશ્ચિત દેખાય છે.

# બે ગોલ અને ત્રણ આસિસ્ટ સાથે ઓલિસેનો ધમાકો, ફ્રાઈબર્ગ સામે ૬-૨થી જીત મેળવી

**ડોર્ટમુંડનો સ્ટુટગાર્ટ સામે ડ્રો થતા બાયર્ન મ્યુનિખને મોટો ફાયદો**

મ્યુનિખ

બુંડેસલિગામાં શનિવારે માઈકલ ઓલિસેના જબરદસ્ત પ્રદર્શનથી બાયર્ન મ્યુનિખે ફ્રાઈબર્ગ સામે ૬-૨થી શાનદાર વિજય મેળવ્યો છે. બે ગોલ અને ત્રણ આસિસ્ટ સાથે ઓલિસેએ ટીમ માટે જાદુઈ પ્રદર્શન કર્યું. બાયર્ન મ્યુનિખે શરૂઆતમાં ૨-૦થી પાછળ પડ્યા બાદ જબરદસ્ત વાપસી કરી અને આ જીત સાથે તેઓ લીગ ટેબલમાં ૮ પોઈન્ટની મજબૂત લીડ સાથે ટોચ પર પહોંચી ગયા છે. બોરુસિયા ડોર્ટમુંડ ઘરઆંગણે સ્ટુટગાર્ટ સામે પોઈન્ટ ગુમાવતા બાયર્નને મોટો ફાયદો થયો છે. ફ્રાઈબર્ગના યુઈટો સુઝુકી અને જોહાન મન્ઝામ્બીએ શરૂઆતમાં બે સેટ-પીસ ગોલ કરીને બાયર્નને ચોંકાવી દીધું હતું. જોકે, ત્યારબાદ બાયર્ન મ્યુનિખે ગિયર બદલ્યો. માઈકલ ઓલિસેએ લેનાર્ટ કાર્લ, ડેયોટ ઉપામેકાનો અને નિકોલસ જેક્સન માટે ગોલ બનાવ્યા, જ્યારે હેરી કેન પણ સ્કોરશીટમાં જોડાયા હતા. યુવા સ્ટાર ૧૭ વર્ષીય કાર્લે ઓલિસેના પાસ પર ગોલ કર્યો અને પછી ઓલિસે માટે ગોલ બનાવ્યો. કાર્લના આત્મવિશ્વાસની ટીમના અન્ય ખેલાડીઓએ પણ પ્રશંસા કરી. કોચ વિન્સેન્ટ કોમ્પનીએ બુધવારે આર્સેનલ સામેની ચેમ્પિયન્સ લીગની મેચને ધ્યાનમાં રાખીને કપ્તાન જોશુઆ કિમિચ અને સેર્ગે ગ્નાબ્રી જેવા ખેલાડીઓને આરામ આપ્યો હતો. જોકે, ટીમ શરૂઆતમાં જ બે ગોલથી પાછળ પડી હતી. બીજા હાફની શરૂઆતમાં જ ઉપામેકાનોએ ઓલિસેના કોર્નર પર ગોલ કરીને બાયર્નને લીડ અપાવી. ઈંગ્લેન્ડના કપ્તાન હેરી કેને અડધો કલાક બાકી હતો ત્યારે જોરદાર શોટથી ચોથો ગોલ ફટકાર્યો. કેન હવે આ સિઝનમાં તમામ સ્પર્ધાઓમાં ૧૮ મેચમાં ૨૪ ગોલ (બુંડેસલિગામાં ૧૧માંથી ૧૪ ગોલ) સાથે ધમાકેદાર ફોર્મમાં છે. ઓલિસેએ જેક્સન માટે પાંચમો ગોલ સેટ કર્યો અને અંતમાં પોતે એક ગોલ કરીને ૬-૨થી વિજય સુનિશ્ચિત કર્યો.w



AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
MONDAY • 24-11-2025

# વૈશ્વિક નેતાઓની સચોટ પ્રોફાઈલ તૈયાર કરી રહ્યું છે ભારત

## માઈક્રો એક્સપ્રેશનનું પણ રેકોર્ડિંગ; વિદેશ મંત્રાલય લીડરશીપ એનાલિસિસ ફ્રેમવર્કની તૈયારીમાં વ્યસ્ત

નવી દિલ્હી | વિદેશ મંત્રાલય વિશ્વ નેતાઓના હાવભાવ, તેમની શારીરિક ભાષા, નિવેદનોની સુસંગતતા, તેમના શબ્દો અને કાર્યો વચ્ચે શું સમાનતા છે જેવા પ્રશ્નોના જવાબોને સચોટ રીતે ડીકોડ કરવા માટે એક લીડરશીપ એનાલિસિસ ફ્રેમવર્ક તૈયાર કરી રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નરમ રાજદ્વારી સાધન અન્ય દેશો સાથે ભારતના સંબંધોને આકાર આપવામાં મદદ કરશે અને દેશના નેતૃત્વ માટે તેમની સાથે વ્યવહાર કરવાનું સરળ બનાવશે.

આ માળખામાં, ડોનાલ્ડ ટ્રમ્પ, વ્લાદિમીર પુતિન અને શી જિનપિંગ સહિત ભારત સાથે નજીકના સંબંધો ધરાવતા નેતાઓની વર્તણૂકીય પ્રોફાઈલિંગ હાથ ધરવામાં આવી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે 2023 માં ભારતમાં યોજાયેલી G20 સમિટના વિડિયો રિપોઝીટરી આ કાર્યમાં ખૂબ મદદરૂપ થઈ છે, જ્યાંથી માત્ર નેતાઓ વિશે જ નહીં પરંતુ તેમના સહાયક અધિકારીઓ અને સલાહકારો વિશે પણ પુષ્કળ ડેટા ઉપલબ્ધ થયો હતો.

વિવિધ દેશોમાં ભારતીય દૂતાવાસોના ફિલ્ડ રિપોર્ટ્સ, વિડીયો આર્કાઈવ્સ, ભાષણ વિડીયો, નેતાઓના સોશિયલ મીડિયા અપડેટ્સ અને એઆઈ-આધારિત વિશ્લેષણ દ્વારા પ્રોફાઈલિંગનો પાયો નાખવામાં આવી રહ્યો છે. નિવેદનોની સુસંગતતાનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે, મૂળભૂત રીતે નિવેદન અને નેતાની ક્રિયાઓ વચ્ચે તફાવત અથવા સમાનતાની ડિગ્રીને જોઈને.

**યુએસ:** સ્ટેટ ડિપાર્ટમેન્ટ અને સીઆઈએનું પોલિટિકલ સાયકોલોજી સેન્ટર અને બ્યુરો ઓફ ઈન્ટેલિજન્સ એન્ડ રિસર્ચ વૈશ્વિક ગુપ્તચર અંદાજ તૈયાર કરે છે. સેન્ટિમેન્ટ ટ્રેકિંગ અને લેગસી ડેટાબેઝનો ઉપયોગ કરીને રાજકારણીઓનું પ્રોફાઈલિંગ કરવામાં આવી રહ્યું છે.

**યુકે:** કિંગ્સ કોલેજ લંડનના નિષ્ણાતો અને દૂતાવાસોના વિડીયોગ્રાફરોની મદદથી, ફોરેન, કોમનવેલ્થ અને ડેવલપમેન્ટ ઓફિસ વ્યક્તિત્વ દસ્તાવેજોનું સંકલન કરી રહી છે.

**ચીન:** યુનાઈટેડ ફ્રન્ટ વર્ક ડિપાર્ટમેન્ટ અને રાજ્ય સુરક્ષા મંત્રાલય સંયુક્ત રીતે નેતાઓની પ્રોફાઈલિંગ કરે છે.

**રશિયા:** વિદેશ મંત્રાલય કોમ્પ્રોમેટ પ્રોફાઈલ ફ્રેમવર્કને ફરીથી ડિઝાઈન કરવા પર કામ કરી રહ્યું છે.

નેતાના સૂક્ષ્મ અભિવ્યક્તિઓ પણ રેકોર્ડ કરવામાં આવી રહી છે. આ નેતાઓના સૂક્ષ્મ અભિવ્યક્તિઓ પણ પ્રોફાઈલિંગ હેતુ માટે રેકોર્ડ કરવામાં આવી રહી છે. આ જોવા માટે છે કે તેમના હાવભાવ કુદરતી, સરળ, આક્રમક અથવા શંકાસ્પદ છે કે નહીં.

G-20 ઉપરાંત, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા હાજરી આપેલા અન્ય બહુપક્ષીય મંચો જેમ કે G-7, BRICS, Quad, પૂર્વ એશિયા અને ASEAN સમિટમાંથી સૂક્ષ્મ અભિવ્યક્તિઓ એકત્રિત કરવામાં આવી છે. આ નેતાઓનું મનો-રાજકીય મૂલ્યાંકન પણ કરવામાં આવી રહ્યું છે, જેથી ભારતીય પક્ષ વાતચીત દરમિયાન પોતાને મજબૂત અને તૈયાર રીતે રજૂ કરી શકે.

ભૂતપૂર્વ રાજદ્વારી દીપક વોહરાએ જણાવ્યું હતું કે, 'આનાથી આપણા નેતૃત્વ માટે બોલવું અને કાર્ય કરવું સરળ બનશે. વૈશ્વિક નેતાઓનું પ્રોફાઈલિંગ આજે એક શક્તિશાળી રાજદ્વારી સાધન બની ગયું છે. તે રાજદ્વારી ચાલાકીને રોકવામાં મદદ કરી શકે છે. તેનો સૌથી મોટો ફાયદો એ છે કે રાજદ્વારી વાટાઘાટો દરમિયાન તમારું નેતૃત્વ વધુ સરળ રહેશે.' તેમણે કહ્યું કે જો આપણા નેતાઓ સ્પષ્ટ હોય કે કોઈ દેશના નેતા જે કહે છે તે ફક્ત શબ્દો અને કાર્યોનો વિષય છે, તો નિર્ણયો લેવાનું સરળ બનશે. કેટલાક નેતાઓ જે કહે છે તે કરે છે, જ્યારે અન્ય લોકો તેનાથી વિરુદ્ધ કરે છે. ઉદાહરણ તરીકે, ટ્રમ્પ અણધાર્યા છે, શી જટિલ અને કુટિલ છે અને પુતિન સૌથી વિશ્વસનીય વ્યક્તિ છે.

# ભારત-પાક. સંઘર્ષને ચીને પોતાના હથિયારોનું ટેસ્ટિંગ ગ્રાઉન્ડ બનાવ્યું

(એજન્સી) વોશિંગ્ટન । તા. 23

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર દુનિયામાં સૌથી વધુ ૫૦ ટકા ટેરિફ નાંખતા ભારત અને અમેરિકાના સંબંધો કથળ્યા છે, જેના પગલે ભારત અને ચીન નજીક આવી રહ્યા છે. આ અહેવાલો વચ્ચે અમેરિકન આયોગના વાર્ષિક રિપોર્ટમાં દાવો કરાયો છે કે મે મહિનામાં ભારત-પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષનો ચીને પોતાના હથિયારોના ટેસ્ટિંગ ગ્રાઉન્ડ તરીકે તકવાદી ઉપયોગ કર્યો હતો. આ સમયે ચીને પાકિસ્તાનને હથિયારો અને ગુપ્ત બાતમીઓ પૂરી પાડવા સાથે રાફેલને બદનામ કરવા અભિયાન પણ ચલાવ્યું હતું. ચીને આ સંઘર્ષનો ફાયદો પોતાના હથિયારોની તાકાત બતાવવા કર્યો હતો. અમેરિકાના આ રિપોર્ટથી હોબાળો મચી ગયો છે. અમેરિકન કોંગ્રેસની બે સભ્યોની સમિતિ અમેરિકા-ચીન આર્થિક અને સુરક્ષા સમીક્ષા પંચે તેનો વાર્ષિક અહેવાલ જાહેર કર્યો છે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે ચીને ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસના સંઘર્ષનો એક લાઈવ ટેસ્ટિંગ મેદાન તરીકે ઉપયોગ કર્યો હતો. આ સંઘર્ષમાંથી ચીનને તેના હથિયારો અંગે યુદ્ધના સમયની સ્થિતિનો વાસ્તવિક ડેટા મળ્યો હતો. એટલું જ નહીં તેણે આ ડેટા અને પાકિસ્તાને ભારત વિરુદ્ધ તેના હથિયારોના કરેલા ઉપયોગને આધાર બનાવીને પોતાના હથિયારો દુનિયામાં વેચવાનો પ્રચાર કર્યો. અમેરિકન રિપોર્ટ મુજબ ચીને આ સંઘર્ષનો લાભ ઉઠાવ્યો, જેથી પોતાના હથિયારોની વિશ્વસનીયતાનું પરિક્ષણ અને જાહેરાત કરી શકે. આ ડેટા ભારત સાથે ચીનના સરહદ વિવાદ અને તેની વધતી સંરક્ષણ ઉદ્યોગની મહત્વાકાંક્ષા માટે ઉપયોગી હતો. રિપોર્ટ મુજબ દુનિયામાં પહેલી વખત ચીનના અત્યાધુનિક હથિયારો એચક્યુ-૯ એર ડિફેન્સ સિસ્ટમ, પીએલ-૧૫ એર-ટુ-એર મિસાઈલ અને જે-૧૦ ફાઈટર જેટનો વાસ્તવિક યુદ્ધમાં ઉપયોગ કરાયો. તેનાથી ચીનને આ હથિયારોનું વાસ્તવિક પરીક્ષણ કરવાની તક મળી. રિપોર્ટમાં કહેવાયું છે કે જૂન ૨૦૨૫માં ચીને પાકિસ્તાનને તેના પાંચમી પેઢીના જે-૩૫ ફાઈટર જેટ, કેજે-૫૦૦ વિમાન અને બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ વેચવાનો પ્રસ્તાવ કર્યો હતો.

## ન્યૂઝ બ્રીફ

### ફ્રેન્ચ નૌકાદળે પાકિસ્તાને ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતનુ રાફેલ તોડી પાડવાના દાવા નકાર્યો



વોશિંગ્ટન | પાકિસ્તાન દુનિયા સમક્ષ ખુલ્લું પડી ગયું છે. પોતાની સેનાને ભારત કરતાં શ્રેષ્ઠ દર્શાવવાના પ્રયાસમાં, પાકિસ્તાની મીડિયાએ ખોટા સમાચાર ફેલાવ્યા. પાકિસ્તાનના જીઓ ટીવીએ એક ખોટો અહેવાલ પ્રકાશિત કર્યો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે મે મહિનામાં ભારતના ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને ભારતીય રાફેલ ફાઈટર જેટને તોડી પાડ્યા હતા. આ અહેવાલમાં ફ્રેન્ચ નૌકાદળના કમાન્ડરના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું હતું. અહેવાલમાં જણાવાયું હતું કે ફ્રેન્ચ નૌકાદળ એર બેઝ લેન્ડિવિસિયોના કમાન્ડર જેક્સ લૌનેએ ભારતીય રાફેલને તોડી પાડવાની કબૂલાત કરી હતી.

### સાઉદી અરેબિયાએ હજારો નોકરીઓની જાહેરાત કરી છે, નોકરીઓ કોને મળશે?

અબુધાબી | ભારતમાંથી મોટી સંખ્યામાં લોકો રોજગાર અને કામ માટે સાઉદી અરેબિયા જાય છે. તાજેતરમાં, સાઉદી અરેબિયાએ તેના નાગરિકો માટે મસ્જિદોમાં નોકરીઓ સહિત 31,000 નવી નોકરીઓની જાહેરાત કરી છે. સાઉદી ઈસ્લામિક બાબતો, દાવા અને માર્ગદર્શન મંત્રાલયે એક મોટી ભરતી ઝુંબેશ શરૂ કરી છે. આ પહેલનો હેતુ મસ્જિદોમાં સેવાઓની ગુણવત્તા સુધારવા અને હજારો લાયક સાઉદી નાગરિકોને સરળ રોજગાર તકો પૂરી પાડવાનો છે. આ જગ્યાઓ ખાસ કરીને ઈમામ અને મુએઝીન (કોલર) માટે છે. આ જાહેરાત ઈસ્લામિક બાબતોના મંત્રી શેખ ડૉ. અબ્દુલલતીફ બિન અબ્દુલઅઝીઝ અલ-શેખ દ્વારા કરવામાં આવી હતી. મંત્રાલય દ્વારા આ નવી ભરતી ઝુંબેશને એક ઐતિહાસિક સિદ્ધિ માનવામાં આવે છે.

### ચીન અને જાપાન વચ્ચે વધતો તણાવ, શી જિનપિંગે કડક કાર્યવાહી કરી



બેઈજિંગ | તાઈવાનને લઈને જાપાન અને ચીન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. બંને દેશો વચ્ચેનો મતભેદ એટલો ગંભીર બની ગયો છે કે ચીન આ મામલો યુએનમાં પણ લઈ ગયું છે. જાપાનના વડા પ્રધાન સના તાકાઈચીએ તાઈવાન અંગે નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે જો ચીન તાઈવાન પર લશ્કરી હુમલો કરે છે, તો તે જાપાન માટે અસ્તિત્વનો ખતરો બની શકે છે - એવી પરિસ્થિતિ જેમાં જાપાન સામૂહિક સ્વ-બચાવના પોતાના અધિકારનો ઉપયોગ કરી શકે છે. ગ્લોબલ ટાઈમ્સે અહેવાલ આપ્યો છે કે જાપાનના વડા પ્રધાનના આ નિવેદન બાદ ચીન અને જાપાન વચ્ચે તણાવ ઝડપથી વધી ગયો છે.

## મોદીએ કહ્યું - જૂના ડેવલપમેન્ટ મોડેલને બદલવું જરૂરી..

# અમેરિકાના બહિષ્કાર છતાં G20 ઘોષણાપત્રને મંજૂરી દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિએ ટ્રમ્પની માગણી નકારી

જોહાનિસબર્ગ | યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બહિષ્કાર છતાં, સભ્ય દેશોએ G20 સમિટના પહેલા દિવસે દક્ષિણ આફ્રિકા દ્વારા તૈયાર કરાયેલી ઘોષણાને સર્વાનુમતે મંજૂરી આપી. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાએ કહ્યું કે અમેરિકા જોડાયું ન હોવા છતાં, અંતિમ નિવેદન પર બધા દેશો સંમત થાય તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ટ્રમ્પે અંતિમ સત્રમાં યજમાન પદ સંભાળવા માટે એક અમેરિકન અધિકારીને મોકલવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

રોઈટર્સના અહેવાલ મુજબ, દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિએ અમેરિકન અધિકારીને યજમાન પદ સોંપવાની ઓફરને નકારી કાઢી હતી. આફ્રિકન રાષ્ટ્રપતિ રામાફોસા આજે 'ખાલી ખુરસી'ને આગામી G20 પ્રમુખપદ સોંપશે. યુનાઈટેડ સ્ટેટ્સ 2026 G20 સમિટનું આયોજન કરવાનું છે. જોકે, ટ્રમ્પના બહિષ્કારને કારણે, કોઈ પણ યુએસ પ્રતિનિધિ સમિટમાં હાજરી આપી ન હતી.



### G7 દેશોએ જ G20 બનાવ્યું

- G20 ને વિશ્વના સૌથી શક્તિશાળી દેશોના જૂથ, G7ના વિસ્તરણ તરીકે જોવામાં આવે છે. G7માં ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડાનો સમાવેશ થાય છે.
- 1997-98માં, ઘણા એશિયન દેશો (થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, કોરિયા, વગેરે) આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યા હતા. તે સમયે, ફક્ત G7 (સાત શ્રીમંત દેશો) એ નિર્ણયો લીધા હતા, પરંતુ કટોકટી એશિયામાં કેન્દ્રિત હતી.
- G7 ને સમજાયું કે વિશ્વ હવે ફક્ત સાત દેશો દ્વારા ચલાવી શકાય નહીં, પરંતુ ભારત, ચીન અને બ્રાઝિલ જેવા વિકાસશીલ દેશોને પણ તેમાં સામેલ કરવાની જરૂર પડશે. આ દેશોએ 1999માં G20 બનાવ્યું.
- શરૂઆતમાં, તે ફક્ત નાણામંત્રીઓ અને કેન્દ્રીય બેંક ગવર્નરો માટે એક મંચ હતું. પછી, 2008 માં, એવું નક્કી કરવામાં આવ્યું કે ફક્ત નાણામંત્રીઓ જ નહીં, પરંતુ દેશોના રાષ્ટ્રપતિઓ અને વડા પ્રધાનો પણ ભાગ લેશે.
- પ્રથમ નેતાઓની સમિટ નવેમ્બર 2008માં વોશિંગ્ટનમાં યોજાઈ હતી. ત્યારથી, તે દર વર્ષે યોજાઈ રહી છે.

### મોદીએ કહ્યું - જૂના ડેવલપમેન્ટ મોડેલને બદલવું જરૂરી

પીએમ મોદીએ G20 સમિટના પહેલા બે સત્રોને સંબોધિત કર્યા. પહેલા સત્રમાં, તેમણે વિશ્વ સમક્ષ વૈશ્વિક પડકારો પર ભારતનો દ્રષ્ટિકોણ રજૂ કર્યો.

મોદીએ જૂના ડેવલપમેન્ટ મોડેલના ધોરણો પર પુનર્વિચાર કરવાની વિનંતી કરી. તેમણે કહ્યું, 'જૂના વિકાસ મોડેલે સંસાધનો લૂંટ્યા છે અને તેને બદલવાની જરૂર છે.' સમિટના બીજા સત્રમાં, પીએમએ ભારતના શ્રી અન્ના (બરછટ અનાજ), આબોહવા પરિવર્તન, G20 સેટેલાઈટ ડેટા ભાગીદારી અને આપત્તિ જોખમ ઘટાડા પર વાત કરી.

# રવિન્દ્રનને 1.07 અબજ ડોલર ચૂકવવા US કોર્ટનો ડિફોલ્ટ ચુકાદો

(એજન્સી) વોશિંગ્ટન । તા. 23



અમેરિકાની અદાલતે એક ડિફોલ્ટ ચુકાદામાં બૈજુસના રવિન્દ્રન બૈજુને એક અબજ ડોલરથી વધુની રકમ ચૂકવવાનો આદેશ કર્યો છે. અમેરિકાની એક નાદારી અદાલતે ફંડ શોધવાની પ્રક્રિયામાં અવરોધ પેદા કરવા બદલ બૈજુ રવિન્દ્રનને ડિફોલ્ટ જાહેર કર્યો હતો અને 1.07 અબજ ડોલર ચૂકવવા આદેશ કર્યો હતો. કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચૂકાદામાં આદેશોની અવગણના, ગુમ થયેલા આલ્ફા ફંડ્સ અને કથિત ભંડોળના ડાયવર્ઝનનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પહેલાથી પ્રતિબંધાત્મક આદેશ જારી હોવા છતાં બૈજુ રવિન્દ્રનને ફંડના ઉપયોગનો હિસાબ પણ આપવો પડશે. બૈજુ રવિન્દ્રન અમેરિકાની કોર્ટના આ ડિફોલ્ટ ચુકાદાને પડકારશે તેવું જાણવા મળ્યું હતું.

ડિફોલ્ટ ચુકાદો ત્યારે આપવામાં આવે છે જ્યારે કોઈ કાનૂની પક્ષકાર કોર્ટ સુનાવણી વખતે હાજર રહેતો નથી અથવા કોર્ટના આદેશોની અવગણના કરે છે, જેથી ટ્રાયલ ચલાવ્યા વિના કોર્ટ દ્વારા કેસમાં ચુકાદો આપવામાં આવે છે.2021માં ડેલવેરમાં સ્થાપિત બૈજુસના આલ્ફા એકમને વૈશ્વિક ધિરાણકર્તાઓના કન્સોર્ટિયમ પાસેથી 1.2 અબજ ડોલરની લોનનું સંચાનલ કરવા માટે સ્થાપિત કરવામાં આવ્યું હતું. પેટાકંપનીનો કોઈ ઓપરેટિંગ બિઝનેસ ન હતો, તે મુખ્યત્વે લોનની રકમ માટે હોલ્ડિંગ કંપની તરીકે કામ કરતી હતી. જો કે આરોપ મુજબ, આલ્ફામાંથી 533 અબજ ડોલર મિયામીમાં એક નાના હેજ ફંડ, કેમશાફ્ટ કેપિટલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા અને બાદમાં ઈન્સ્પીલર્ન જેવી સંલગ્ન કંપનીઓ દ્વારા ઓફશોર ટ્રસ્ટમાં ફંડ ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું.

## આ કેવું સીઝફાયર? : 20 પેલેસ્ટિનિએ ગુમાવ્યા જીવ : હુમલામાં 80થી વધુ લોકો ઘાયલ થયા છે

# ઈઝરાયલે ફરી ગાઝામાં કર્યા હવાઈ હુમલા

(એજન્સી)અફઘાનિસ્તા। તા. 22

સીઝફાયર વચ્ચે ઈઝરાયલે ગાઝામાં ફરી હવાઈ હુમલા કર્યા છે. આ હુમલામાં 20 લોકોના મોત થયા છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ શનિવારે જણાવ્યું કે, આ હુમલામાં 80થી વધુ લોકો ઘાયલ થયા છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, પહેલો હુમલો રિમલ વિસ્તારમાં એક કાર પર થયો હતો, જેના કારણે તેમાં આગ લાગી ગઈ હતી. આ હુમલામાં પાંચ લોકોના મોત થઈ ગયા છે.

બે વર્ષના યુદ્ધ બાદ 10 ઓક્ટોબરે ઈઝરાયલ અને હમાસ વચ્ચે અમેરિકાની મધ્યસ્થીથી થયેલા યુદ્ધવિરામ કરાર પછી શનિવારનો દિવસ સૌથી ઘાતક દિવસોમાંથી એક હતો. કાર હુમલાના થોડા સમય બાદ ઈઝરાયલે દેર અલ-બલાહ શહેર અને નુસેરત કેમ્પમાં બે ઘરો પર બે અલગ-અલગ હવાઈ હુમલા કર્યા, જેમાં 10 લોકો માર્યા ગયા. શનિવારે જ પશ્ચિમ ગાઝામાં એક ઘર પર ઈઝરાયલી હવાઈ હુમલામાં પાંચ પેલેસ્ટિનિઓ માર્યા ગયા હતા. ઘટનાસ્થળ પર હાજર એક ફોટોગ્રાફરે પસાર થતા



લોકોને બળી ગયેલી કારના કાટમાળ તરફ જતા જોયા અને બાળકો અંદરથી ખાવાનું નીકાળવાનો પ્રયાસ કરતા દેખાયા.

ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે હમાસ પર યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો. ઈઝરાયલી સેનાએ કહ્યું કે, એક બંદૂકધારી ઈઝરાયલી કબજા હેઠળના ગાઝાના વિસ્તારમાં ઘૂસી ગયો જ્યાંથી માનવતાવાદી સહાય દક્ષિણ ગાઝા સુધી પહોંચે છે. ઈઝરાયલે તેને યુદ્ધવિરામનું ખુલ્લેઆમ ઉલ્લંઘન ગણાવ્યું હતું.

ઈઝરાયલે કહ્યું કે, યુદ્ધવિરામ કરારના ઉલ્લંઘનના જવાબમાં ગાઝા પર આ હુમલાઓ કરવામાં આવ્યા છે. હમાસે ઈઝરાયલી સેનાના આરોપોને ફગાવી દીધા. બે વર્ષ લાંબા ગાઝા યુદ્ધ પછી 10 ઓક્ટોબરે યુદ્ધવિરામ પર હસ્તાક્ષર થયા હોવા છતાં હિંસા સંપૂર્ણપણે બંધ નથી થઈ. ઈઝરાયલે જણાવ્યું કે, અમે યુદ્ધવિરામનું સંપૂર્ણ સન્માન કર્યું છે, હમાસે નથી કર્યું. યુદ્ધવિરામ દરમિયાન હમાસના ડઝનબંધ આતંકવાદીઓએ અમારા સૈનિકો પર હુમલો કરવા માટે ઈઝરાયલી સરહદ પાર કરી.અમે ફરીથી મધ્યસ્થીઓને વિનંતી કરીએ છીએ કે તેઓ એ વાત પર ભાર મૂકે કે, હમાસ યુદ્ધવિરામના પોતાના વચનો પૂરા કરે.

# ફ્લાઈટ્સ કેન્સલ, વોરશિપ-ફાઈટર જેટ તહેનાત... અમેરિકા-વેનેઝુએલા વચ્ચે યુદ્ધના ભણકારા!

(એજન્સી) વોશિંગ્ટન ડીસી | તા. 23

અમેરિકા અને વેનેઝુએલા વચ્ચેનો તણાવ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે, જેના કારણે દુનિયામાં એક નવા યુદ્ધની આશંકાઓ સેવાઈ રહી છે. અમેરિકાના ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) દ્વારા વેનેઝુએલાના એરસ્પેસમાં ખતરાની ચેતવણી જારી કરાયા બાદ, શનિવારે છ મોટી આંતરરાષ્ટ્રીય એરલાઈન્સે વેનેઝુએલા માટેની પોતાની ઉડાન રદ કરી દીધી છે.

FAA દ્વારા જારી કરાયેલા નોટિસ મુજબ, વેનેઝુએલા અને તેની આસપાસના વિસ્તારોમાં સુરક્ષાની સ્થિતિ સતત બગડી રહી છે અને સૈન્ય ગતિવિધિઓમાં પણ વધારો થયો છે, જે કોઈપણ ઊંચાઈ પર ઉડતા વિમાનો માટે ખતરો પેદા કરી શકે છે. આ ચેતવણી બાદ સ્પેનની ઈબેરિયા, પોર્ટુગલની TAP, ચિલીની LATAM, કોલંબિયાની એવિયાન્કા, બ્રાઝિલની GOL અને ત્રિનિદાદ-ટોબેગોની કેરેબિયન એરલાઈન્સ જેવી કંપનીઓએ પોતાની ફ્લાઈટ્સ રદ કરી દીધી છે.

કોલંબિયાના ઉડ્ડયન વિભાગે પણ એક નિવેદનમાં કહ્યું કે, 'સુરક્ષાની બગડતી સ્થિતિ અને વિસ્તારમાં વધતી મિલિટરી એક્ટિવિટીને કારણે ઉડાન ભરવામાં સંભવિત ખતરો છે.' તાજેતરના મહિનાઓમાં આ ક્ષેત્રમાં અમેરિકી સૈન્યની તૈનાતીમાં મોટો વધારો થયો છે. અમેરિકાએ આ વિસ્તારમાં પોતાનું સૌથી મોટું એરક્રાફ્ટ કેરિયર, ઓછામાં ઓછા આઠ યુદ્ધ જહાજો અને F-35 ફાઈટર જેટ તૈનાત કરી દીધા છે. અહેવાલ અનુસાર, અમેરિકાના અધિકારીઓએ સંકેત આપ્યા છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર આગામી દિવસોમાં વેનેઝુએલા અંગેના ઓપરેશનનો એક નવો તબક્કો શરૂ કરી શકે છે. જોકે, હજુ સુધી યુદ્ધની કોઈ ખુલ્લી જાહેરાત કરવામાં આવી નથી. બે અમેરિકન અધિકારીઓએ કહ્યું છે કે વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો વિરુદ્ધની નવી કાર્યવાહીમાં કદાચ સિક્રેટ ઓપરેશન પણ સામેલ હોઈ શકે છે.

# અમેરકામાં ટ્રમ્પ વિરુદ્ધ લોકો રસ્તા પર ઊતર્યા : વેનેઝુએલામાં સીક્રેટ ઓપરેશનની તૈયારીમાં ટ્રમ્પ

(એજન્સી) વોશિંગ્ટન ડીસી | તા. 23

શનિવારે અમેરિકાના વોશિંગ્ટનમાં સેંકડો પ્રદર્શનકારીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને 'Remove the Regime' નામની એક મોટી રેલીમાં જોડાયા હતા. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સામે વિરોધ કરતા ઈમ્પીચમેન્ટ, કન્વિક્શન એન્ડ રિમૂવલ'ની ખુલ્લેઆમ માંગ કરી હતી. આ કાર્યક્રમનું આયોજન સમુહ ગ્રુપ રિમૂવલ કોએલિશન દ્વારા કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં ટેક્સાસ કોંગ્રેસમેન અલ ગ્રીન અને ભૂતપૂર્વ પોલીસ અધિકારી માઈકલ ફેનન જેવા વક્તાઓ સહિત અનેક અગ્રણી વ્યક્તિઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત, પ્રખ્યાત બેન્ડ ડ્રોપકિક મર્ફી અને કલાકાર અર્થ ટુ ઈવએ પણ લાઈવ પર્ફોર્મન્સ આપ્યું, જેનાથી વાતાવરણ વધુ જોશપુર્ણ બન્યું. આ કાર્યક્રમ પછી, પ્રદર્શનકારીઓએ વોશિંગ્ટનના પ્રતિષ્ઠિત સીમાચિહ્ન, નેશનલ મોલ પર કૂચ કરી હતી.

રેલીમાં હાજર રહેલા ભૂતપૂર્વ મેટ્રો પોલીસ અધિકારી માઈકલ ફેનને કહ્યું, 'અમેરિકન વસ્તીનો મોટો ભાગ હવે અવગણવા તૈયાર નથી. અમે આ સરકારથી કંટાળી ગયા



છીએ.' આ દરમિયાન, યુએસ પ્રતિનિધિ અલ ગ્રીને એક રેલીમાં જાહેરાત કરી કે ક્રિસમસ પહેલા ટ્રમ્પ સામે મહાભિયોગ (articles of impeachment) ચલાવવામાં આવશે. તેમણે કહ્યું, 'પરિસ્થિતિ સુધરતી નથી.' પરિસ્થિતિ વધુ ખરાબ થવા જઈ રહી છે. આપણે દોષિત ઠેરવવા જોઈએ, મહાભિયોગ ચલાવવો જોઈએ, આપણે તેમને દૂર કરવા જોઈએ... જેથી ભવિષ્યના કોઈપણ તાનાશાહી નેતાને સંદેશ મળે કે તેમણે સરકાર કબજે કરવાનું વિચારવું પણ ન જોઈએ. આ રેલીને ટ્રમ્પ વહીવટીતંત્ર સામે વધતી જતી અસંતોષની બીજી મોટી અભિવ્યક્તિ માનવામાં આવી રહી છે, જેમાં પ્રદર્શનકારીઓએ સ્પષ્ટ કર્યું કે તેઓ હવે પરિવર્તન ઈચ્છે છે અને વહીવટીતંત્રની દિશાથી ગુસ્સે છે.

યુનાઈટેડ સ્ટેટ્સમાં, રાષ્ટ્રપતિને પદ પરથી દૂર કરવાની પ્રક્રિયામાં ત્રણ પગલાંનો સમાવેશ થાય છે: 'ઈમ્પીચ, કન્વિક્શન એન્ડ રિમૂવ'. ઈમ્પીચમેન્ટનો અર્થ એ છે કે પ્રતિનિધિ ગૃહ સત્તાવાર રીતે રાષ્ટ્રપતિ પર આરોપ મૂકે છે. ત્યારબાદ આ કેસ સેનેટમાં જાય છે, જ્યાં જો પૂરતી સંખ્યામાં સાંસદ દોષિત ઠેરવે છે, તો તેને કન્વિક્શન કહેવામાં આવે છે. દોષિત થયા પછી, અંતિમ પગલું રિમૂવલ છે, એટલે કે રાષ્ટ્રપતિને તાત્કાલિક પદ પરથી હટાવવામાં આવે છે. આ પ્રક્રિયા અમેરિકામાં ખૂબ જ દુર્લભ છે અને તેને રાજકીય રીતે અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે.

પ્રદર્શનકારીઓએ વોશિંગ્ટનના પ્રતિષ્ઠિત સીમાચિહ્ન, નેશનલ મોલ પર કૂચ કરી. કૂચ શાંતિપૂર્ણ રહી, પરંતુ આયોજકોનો દાવો છે કે 10,000 થી વધુ લોકોએ ભાગ લીધો હતો.વ્હાઈટ હાઉસે જવાબ આપતા કહ્યું કે વિરોધ પ્રદર્શનો ચૂંટણી પરિણામોને ઉથલાવી શકતા નથી. અમેરિકા વેનેઝુએલામાં બળવો કરાવી શકે છે.

# જાંબુથાળાના નેસના માલધારી આપઘાત પ્રકરણમાં તકેદારી આયોગે ઝુકાવ્યું

કિશોર આ[illegible] | જાફરાબાદ

મૃતકના સ્વજનોએ તકેદારી આયોગમાં ફરિયાદ કરી હતી મેંદરડા રેન્જના જાંબુથાળા નેસના માલધારીના આપઘાત પ્રકરણમાં પોલીસે વન વિભાગના અધિકારીઓને નિદોષ જાહેર કરતી સમરી કોર્ટમાં રજૂ કરી દીધી છે તેને હાઈકોર્ટમાં પડકારવામાં આવી છે. બીજી તરફ હવે વન વિભાગના ગાંધીનગર સ્થિત તકેદારી આયોગે પણ આ મુદ્દે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. તકેદારી આયોગ દ્વારા મૃતકના સ્વજનો ને તપાસ અર્થે ગાંધીનગર બોલાવવામાં આવ્યા હતા પરંતુ આજે અધિકારીઓ મિટિંગમાં હોવાને લીધે હવે તેઓ રૂબરૂ ગીરમાં આવશે તેવું આશ્વાસન આપવામાં આવ્યું છે. ગાંધીનગરના અધિકારીઓ આ અંગેની તપાસ અર્થે રૂબરૂ ગીરની મુલાકાતે આવશે તેવી અરજદારને ખાતરી આપી ગીરના ઇતિહાસમાં વન, વિભાગના ત્રાસથી કોઈ માલધારીએ આપઘાત કર્યો હોય તેવો જાંબુથાળાના પ્રથમ કિસ્સો બન્યો હતો. વન વિભાગના અધિકારી અને કર્મચારીઓએ ખોટી રીતના ત્રાસ આપતા બે માલધારીએ ઝેરી દવા પી લીધી હતી જેમાંથી એકનું મોત થયું હતું. આ અંગે મરવા મજબૂર કર્યાનો વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સામે વિસાવદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થઈ હતી. તપાસ દરમિયાન પોલીસે વન વિભાગના અધિકારી અને કર્મચારીઓ નિદોષ હોવાની સી-સમરી રિપોર્ટ કોર્ટમાં રજૂ કરી દીધો હતો. આ સી સમરી સામે મૃતકના પુત્રએ તેને હાઈકોર્ટમાં પડકારતા હાઈકોર્ટે પોલીસને નોટિસ કરી તેનો જવાબ માંગ્યો છે. આ અંગે મૃતકના સ્વજનો દ્વારા વન વિભાગના ગાંધીનગર સ્થિત તકેદારી આયોગમાં ફરિયાદ કરવામાં આવી હતી. તકેદારી આયોગ દ્વારા ફરિયાદ કરનાર અરજદારને આજે ગાંધીનગર ખાતે રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા. અરજદાર ગાંધીનગર રૂબરૂ જતા તકેદારી આયોગના અધિકારીઓ મિટિંગમાં હોવાથી સમગ્ર બનાવ અંગેની તપાસ થઈ શકી નથી. જેથી અરજદારે હ[illegible]ઓ અહીં રૂબરૂ [illegible] નહીં ખાય તેવું કહેતા તકેદારી આયોગના અધિકારીઓએ કહ્યું કે અમે થોડાજ સમયમાં તપાસ અર્થે ત્યાં રૂબરૂ આવશુ તેવી બાહેધરી આપી છે. વન વિભાગનુ તકેદારી આયોગ હવે આ મુદ્દે તટસ્થ તપાસ કરશે કે કેમ તે મહત્વનું બની ગયું છે.


## જના સ્મોલ ફાઈનાન્સ બેંક
(એ શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)

**રજીસ્ટર્ડ ઓફિસ:** ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નંબર 10/1, 11/2 અને 12/28, ઓફ ડોમલુર, કોરમંગલા, ઈનર રિંગ રોડ, બેંગલોર, બેંગલોર-560071.
**રીજનલ બ્રાન્ચ ઓફિસ:** શાંગ્રીલા આર્કેડ, આલ્કોવ સરસ્વત રેન્ક, 110 ફીટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-380015

### SARFAESI અધિનિયમ, 2002ની કલમ 13(2) હેઠળ માંગણી નોટિસ

જે માટે, નીચે દર્શાવેલ તમે તમામ ધિરાણધારક, સહ-ધિરાણધારક, જામીનદાર અને ગીરોકર્તાએ **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ** પાસેથી લોન મેળવીને તમારી સ્થાવર મિલકતો ગીરો મૂકી છે. તમે સૌએ કરેલી ચૂકવણીમાં ખામી (Default)ના પરિણામે, તમારા લોન ખાતાને **'બિન-કાર્યકારી સંપત્તિ'** તરીકે જાહેર કરવામાં આવ્યું છે. **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ** આ અધિનિયમ હેઠળ એક સુરક્ષિત લેણદાર હોવાથી અને ઉક્ત અધિનિયમની કલમ 12(2) હેઠળ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમ 2 સાથે વાંચીને આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, કોલમ નંબર 2 માં દર્શાવેલ ધિરાણધારક, સહ-ધિરાણધારક, જામીનદાર અને ગીરોકર્તાને નોટિસમાં દર્શાવેલ રકમ ભવિષ્યના વ્યાજ સહિત નોટિસની તારીખથી **60 દિવસ**ની અંદર ચૂકવવા માટે **માંગણી નોટિસ** જારી કરી છે. જોકે, ગંભીર કારણોસર તેમાંથી કેટલાકને નોટિસ આપી શકાઈ નથી.

| ક્ર. નં. | ધિરાણધારક/ સહ-ધિરાણધારક/ જામીનદાર/ ગીરોકર્તાનું નામ | લોન ખાતા નંબર અને લોનની રકમ | લાગુ કરવામાં આવનાર સુરક્ષાની વિગતો | NPAની તારીખ અને માંગણી નોટિસની તારીખ | બાકી રકમ (Rs.માં/તારીખ પ્રમાણે) |
|---|---|---|---|---|---|
| 1. | (1) ભરવાડ લાલુભાઈ ગાંડાભાઈ (2) ભરવાડ મીનાબેન લાલુભાઈ | લોન ખાતા નંબર: 33205420002272, 45168410000496, 32209410000240 લોનની રકમ: Rs.7,82,761, Rs.2,63,000 અને Rs.95,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** ગુજરાત સ્ટીલ ટ્યુબ્સ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડમાં સ્થાવર રહેણાંક મિલકતના તમામ ટુકડા અને પાર્સલ, ફ્લેટ નં. B/15, પહેલા માળે, 22.10 ચોરસ મીટર માપવા. આ યોજના - **"ગીતાંગલી ફ્લેટ"** તરીકે જાણીતી છે જે બિન-ખેતી જમીન પર બાંધવામાં આવી છે. સર્વે નં. 165,161,171 અને 171/A પાયકી, ટી.પી. સ્કીમ નં. 19, નોંધણી જિલ્લા અમદાવાદ અને પેટા જિલ્લા અમદાવાદ-8 (સોલા) માં ચેપુર, તાલુકા દસક્રોલી ખાતે સ્થિત છે. **સીમાઓ: પૂર્વ:** ફ્લેટ નં. B-10, **પશ્ચિમ:** ખુલ્લો માર્જિન, **ઉત્તર:** ફ્લેટ નં. B-16, **દક્ષિણ:** ફ્લેટ નં. B-14. | NPAની તારીખ: 01/11/2025 માંગણી નોટિસની તારીખ: 18/11/2025 | Rs.7,96,971/- (સાત લાખ છન્નુ હજાર નવસો એકોતેર રૂપિયા માત્ર) તારીખ 16/11/2025 મુજબ |
| 2. | (1) ચિરાગ અમીન, (2) અમીન દીપિકા, (3) અમૃતભાઈ શકરાભાઈ મકવાણા | લોન એકાઉન્ટ નંબર ૩૩૨૦૯૬૩૦૦૦૧૯૭, ૪૫૧૬૯૪૧૦૦૦૫૮૫ લોન રકમ: રૂ.૧૫,૭૫,૨૦૯/, રૂ.૪,૭૩,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** "સમતાનગર કો.ઓપ.હો.સોસાયટી લિમિટેડ" તરીકે ઓળખાતી સોસાયટીમાં ૪૯.૫૦ ચોરસ મીટરના બ્લોક/ટેનામેન્ટ નં.૧૯ સ્થાવર મિલકતના બધા ટુકડા અને પાર્સલ, જે નોંધણી જિલ્લા અને પેટા જિલ્લા અમદાવાદમાં તાલુકા-સાબરમતીના મૌજે કાલી સ્થિત સર્વે નં. ૨૧૧ ની બિન-ખેતી જમીન પર બાંધવામાં આવ્યા છે. **સીમાઓ: પૂર્વ:** ટેનામેન્ટ નં. ૩૧, **પશ્ચિમ:** અન્ય મિલકત, **ઉત્તર:** ટેનામેન્ટ નં. ૨૦, **દક્ષિણ:** ટેનામેન્ટ નં. ૨૦, દક્ષિણ: ટેનામેન્ટ નં. ૧૮. | NPAની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ રૂ.૧૮,૭૭,૬૯૪/- (અઢાર લાખ સિત્તેર હજાર છ હજાર એકસો નેવું માત્ર રૂપિયા) તારીખ મુજબ |
| 3. | (1) ડબગર અશ્વિનકુમાર ભિખિચંદ (2) ડબગર પૂજાબેન અશ્વિનકુમાર | લોન એકાઉન્ટ નંબર 31999430000302 31999410000131 31999410000440 લોન રકમ: 7,05,174/- 3,11,000/- 2,11,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** પ્રોપર્ટી બેરિંગ આર.એસ. નં. ૩૭૫ પ્લોટ નં. ૬ થી ૮, દુકાન નં. એફ/૨૭ ૩૨.૫૦ ચોરસ મીટર અવિભાજિત ૧૦.૦૦ ચોરસ મીટર શિવ રેસિડેન્સી અને પ્લાઝા, પીએસચી પીપલોદ દેવગઢબારિયા રોડ પીપલોદ તાલુકા દેવગઢ બારીયા દાહોદ - ૩૮૯૧૩૦ ગુજરાત ખાતે સ્થિત છે. **સીમાઓ: ઉત્તર:** દુકાન નં. એફ-૨૮, **દક્ષિણ:** દુકાન નં. એફ-૨૬, **પૂર્વ:** કોમન પેસેજ, **પશ્ચિમ:** પ્લોટ નં. ૬ થી ૧૩. | NPAની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | ૧૬/૧૧/૨૦૨૫ના રોજ રૂ.૧૨,૯૮,૬૯૪/- (અઢાર લાખ સિત્તેર હજાર છ હજાર એકસો નેવું માત્ર રૂપિયા) તારીખ મુજબ |
| 4. | (1) ફાલ્ગુનીબેન મુકુંદભાઈ ભટ્ટ (2) બિજેંદ્રકુમાર એમ. ભટ્ટ | લોન એકાઉન્ટ નંબર 31809420001066 31809410000698 લોન રકમ: રૂ.16,94,688/- રૂ.5,00,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** સ્થાવર મિલકતના બધા ટુકડા અને પાર્સલ ચોથા માળે ઓફિસ નં. FF/A/404, ચોથા માળે વિસ્તાર 12.77 ચોરસ મીટર, બિલ્ટ અપ એરિયા એમિનેસ 13.55 ચોરસ મીટર, જમીનનો અવિભાજિત હિસ્સો એમિનેસ 12.71 ચોરસ મીટર. ઓફિસ નં. FF/A/405, ચોથા માળે વિસ્તાર 12.77 ચોરસ મીટર, બિલ્ટ અપ એરિયા એમિનેસ 13.55 ચોરસ મીટર, જમીનનો અવિભાજિત હિસ્સો એમિનેસ 12.71 ચોરસ મીટર, [illegible] ઓફિસ નં. એફએફ/એ/૪૦૬, [illegible] ઓફિસ નં. એફએફ/એ/૪૦૭, [illegible] **"એચ.આર. પ્રાઈમ"** તરીકે ઓળખાતી યોજનામાં [illegible] 3306 ચોરસ મીટર, [illegible] **સીમાઓ: ઓફિસ નં. એફએફ/એ/૪૦૪ દ્વારા સીમાઓ:** [illegible] **ઓફિસ નં. FF/A/405 દ્વારા સીમાઓ:** [illegible] **ઓફિસ નં. A/406,** [illegible] **ઓફિસ નં. FF/A/406:** [illegible] **ઓફિસ નં. FF/A/407 દ્વારા:** [illegible] **ઓફિસ નં. A/408 પર ચોથા માળે, પૂર્વ:** કોમન પેસેજ દ્વારા, **પશ્ચિમ દ્વારા:** સ્કાય માર્જિન 9. મીટર, ટી. પી. રોડ દ્વારા. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ રૂ. ૫૨,૬૧,૩૦૧/- [illegible] |
| 5. | (1) દાઉદીમહમદ બાબુભાઈ વ્હોરા (2) વહોરા પરવીનબાનુ દાઉદીભાઈ | લોન એકાઉન્ટ નંબર 31999430000302 31999410000131 31999410000440 લોન રકમ: 7,05,174/- 3,11,000/- 2,11,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** જિલ્લો-ખેડા, પેટા જિલ્લો નડીયાદ, મોજે નડીયાદ, [illegible] **સીમાઓ: પૂર્વ:** [illegible] **ઉત્તર:** [illegible] **દક્ષિણ:** [illegible] | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | રૂ.૨૨,૦૮,૧૮૮/- [illegible] ૧૬/૧૧/૨૦૨૫ મુજબ |
| 6. | (1) જ્યોતિરામ અર્જુન પાટીલ (2) મનીષા જ્યોતિરામ પાટીલ | લોન એકાઉન્ટ નંબર ૩૧૦૨૯૪૩૦૦૦૨૦૨૬ લોન રકમ: રૂ.૭,૯૮,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** "રાધા" ના બીજા માળે, ફ્લેટ નં. ૨૦૨, ૬૩૨.૮૦ ચોરસ ફૂટ, સુપર બિલ્ટ અપ એરિયા [illegible] **"કૃષ્ણા રેસિડેન્સી"** [illegible] **સીમાઓ: પૂર્વ:** [illegible] **દક્ષિણ:** એડજ. ફ્લેટ નં. ૨૦૩. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ રૂ. ૮,૩૫,૪૩૨/- [illegible] |
| 7. | (1) ખાચર વહાતુભાઈ લખુભાઈ (2) ખાચર હેમુબેન વહાતુભાઈ | લોન એકાઉન્ટ નંબર ૩૧૧૮૪૦૪૩૦૦૦૨૪૩૭ લોન રકમ: રૂ.૫,૦૦,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** [illegible] | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ રૂ. ૫,૩૨,૦૮૦/- [illegible] |
| 8. | (1) કોળારા ભૂપતભાઈ ચીકાભાઈ (2) કોળારા ધનુબેન ભૂપતભાઈ | લોન એકાઉન્ટ નંબર ૩૧૪૮૦૯૪૩૦૦૦૨૩૪, ૩૧૪૮૦૯૪૧૦૦૦૦૫૦૫ લોન રકમ: રૂ.૫,૦૦,૦૦૦/- રૂ.૧,૩૦,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી:** 158.12 ચો.મી ધરાવતી ઘરની જમીનની મિલકત, ગોધાવટા ગ્રામ પંચાયત [illegible] | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ રૂ. ૬,૦૬,૩૦૦/- [illegible] |
| 9. | (1) મેલાજી મનજી ઠાકુર (2) રાજીબેન મનજી ઠાકુર | લોન એકાઉન્ટ નંબર 33209610000254 45169410000227 લોન રકમ: રૂ.4,51,844/- રૂ.4,29,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** [illegible] | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ રૂ.૭,૩૧,૫૮૪/- [illegible] |
| 10. | (1) નટવર જેઠાભાઈ મકવાણા (2) રાઠોડ ભાનુબેન | લોન એકાઉન્ટ નંબર 45189430000912 45189410000616 લોન રકમ: રૂ.5,99,939/- રૂ.1,79,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** બ્લોક નં. E/53 માં સ્થાવર મિલકતનો તમામ ટુકડો અને પાર્સલ કુલ 32.84 ચોરસ મીટર, [illegible] **સીમાઓ: પૂર્વ:** બ્લોક નં. 54, **પશ્ચિમ:** બ્લોક નં. 52, **ઉત્તર:** 6. મીટર રોડ, **દક્ષિણ:** માર્જિન બ્લોક. 48 ઘર. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ [illegible] |
| 11. | (1) પટેલ ભીખીબેન હસમુખભાઈ (2) પટેલ સોમેશ હસમુખભાઈ | લોન એકાઉન્ટ નંબર 31029630000011 33269800000422 33260470000701 લોન રકમ: રૂ.8,10,000/- રૂ.3,97,000/- રૂ.3,80,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** [illegible] | NPA ની તારીખ: 03/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ [illegible] |
| 12. | (1) પ્રવિણભાઈ છગનભાઈ ગોધાણી (2) અશોક ગોધાણી | લોન એકાઉન્ટ નંબર ૪૮૬૪૬૪૨૦૦૦૦૬૦૧ લોન રકમ: રૂ. ૨૩૫૦૦૦૦/- છે | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** [illegible] | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | રૂ.૨૪,૪૩,૨૦૦/- [illegible] ૧૬/૧૧/૨૦૨૫ મુજબ |
| 13. | (1) સંતોષ લક્ષ્મણ ચૌધરી (2) રિંકુ દેવી સંતોષ ચૌધરી | લોન એકાઉન્ટ નંબર 31029610000021 લોન રકમ: રૂ.6,40,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** [illegible] | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | [illegible] ૧૬/૧૧/૨૦૨૫ મુજબ |
| 14. | (1)ટાંક મયૂરસિંહ ધીરજભાઈ (2)ટાંકી દર્શનાબેન ધીરજભાઈ | લોન એકાઉન્ટ નંબર [illegible] લોન રકમ: રૂ.૧૩,૦૦,૦૦૦/- રૂ.૪,૯૩,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** [illegible] | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ [illegible] |
| 15. | (1) તાતમિયા કિરીટકુમાર જયંતિલાલ, (2) ટાટમીયા જેન્તીલાલ રવજીભાઈ અને ટાટમિયા જેંતીલાલ રવજીભાઈ, (3) ટાટમીયા નીતાબેન જયંતિલાલ | લોન એકાઉન્ટ નંબર ૩૧૫૨૯૪૩૦૦૦૧૩૭ લોન રકમ: રૂ. ૫૫૦૦૦૦/- છે | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સ્થિત **"શ્રી રાજ"** તરીકે ઓળખાતી ખામધ્રોલની 65-00 ચોરસ મીટર જમીન / પાઈકે જમીનના પ્લોટ નં. 54 ની જમીન પર બાંધવામાં આવેલું રહેણાંક મકાન. **પૂર્વ:** પ્લોટ નં. 24 ની મિલકત, **પશ્ચિમ:** એડજ. રોડ, **ઉત્તર:** પ્લોટ નં. 55 ની મિલકત, **દક્ષિણ:** પ્લોટ નં. 53 ની મિલકત. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ રૂ. ૫,૫૦,૬૧૬/- (પાંચ પચાસ લાખ છસો સોળ રૂપિયા માત્ર) |
| 16. | (1) વિપુલકુમાર મહેન્દ્રભાઈ ચૌહાણ (2) દરજી મહેન્દ્રભાઈ અમૃતભાઈ | લોન એકાઉન્ટ નંબર 45189430001240 45189410000613 લોન રકમ: રૂ.45,00,000/- રૂ.5,00,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** ચોથા માળે ઓફિસ નં. FF/A/401, 12.77 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા ધરાવતો, 13.55 ચોરસ મીટર જમીનનો અવિભાજિત હિસ્સો ધરાવતો, 12.71 ચોરસ મીટર જમીનનો અવિભાજિત હિસ્સો ધરાવતો, ચોથા માળે ઓફિસ નં. FF/A/402, 12.77 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા ધરાવતો, 13.55 ચોરસ મીટર જમીનનો અવિભાજિત હિસ્સો ધરાવતો, 12.71 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા ધરાવતો, 12.75 ચોરસ મીટર જમીનનો અવિભાજિત હિસ્સો ધરાવતો, 25.55 ચોરસ મીટર સ્થાવર મિલકતનો તમામ ટુકડો અને પાર્સલ. ચોથા માળે મીટર ઓફિસ નં. FF/A/403, 12.77 ચોરસ મીટર, 13.55 ચોરસ મીટર, 12.71 ચોરસ મીટર, જમીનનો અવિભાજિત હિસ્સો ધરાવતો, 4148 ચોરસ મીટર, 3306 ચોરસ મીટર, 3128.09 ચોરસ મીટર, 3148 ચોરસ મીટર, TP સ્કીમ નં. 227 C.S. નં. 227/2 ના અંતિમ પ્લોટ મુજબ, મૌજે, આણંદ, પેટા-જિલ્લો, આણંદ અને જિલ્લા, આણંદ. **સીમાઓ: ઓફિસ નં. FF/401: ઉત્તર:** F. P. નં. 228 ની મિલકત પછી સ્કાય માર્જિન દ્વારા, **દક્ષિણ:** ચોથા માળે ઓફિસ નં. A/402 દ્વારા, **પૂર્વ:** કોમન પેસેજ દ્વારા, **પશ્ચિમ:** 9. મીટર ટી. પી. રોડ પછી સ્કાય માર્જિન દ્વારા. **ઓફિસ નં. FF/402** દ્વારા **સીમાઓ:- ઉત્તર:** ચોથા માળે ઓફિસ નં. A/401 દ્વારા, **દક્ષિણ:** ચોથા માળે ઓફિસ નં. A/403 દ્વારા, **પૂર્વ:** કોમન પેસેજ દ્વારા, **પશ્ચિમ:** 9. મીટર, ટી. પી. રોડ પછી સ્કાય માર્જિન દ્વારા. ઓફિસ નં. FF/403 દ્વારા **સીમાઓ:- ઉત્તર:** ચોથા માળે ઓફિસ નં. A/402 દ્વારા, **દક્ષિણ:** ચોથા માળે ઓફિસ નં. A/404 દ્વારા, **પૂર્વ:** કોમન પેસેજ દ્વારા, **પશ્ચિમ:** 9. મીટર ટી. પી. રોડ પછી સ્કાય માર્જિન દ્વારા, માઉન્ટ ટી. પી. રોડ. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ રૂ.૪૭,૫૦,૮૧૨/- (ચાલીસ સાતતાલીસ લાખ પચાસ હજાર આઠ સો બાર માત્ર રૂપિયા) |
| 16. | (1) વિશ્રુત ખોખાણી (2) નિશાબેન ખોખાણી | લોન એકાઉન્ટ નંબર ૩૩૩૬૯૪૩૦૦૦૦૨૩૨ લોન રકમ: રૂ.૩૦,૬૪,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** છઠ્ઠા માળે આવેલી ઓફિસ નં. ૬૦૭, ફ્રીહોલ્ડ સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને પાર્સલ, જેનો વિસ્તાર ૪૮૬ ચોરસ ફટ (બિલ્ટ-અપ) કાર્પેટ એરિયા એડમિનિસ્ટ્રેશન છે. ૨૨.૮૩ ચોરસ મીટર. જમીન એડમિનિસ્ટ્રેશનમાં અવિભાજિત હિસ્સો સાથે. "HR ELANZA" તરીકે ઓળખાતી યોજનામાં ૧૧૫.૯૭ ચોરસ ફટ. ફાઇનલ પ્લોટ નં. ૨૨૩ અને ૨૩૫ ચોરસ મીટર ૧૦૮૮ ચોરસ મીટરની જમીન પર સ્થિત છે. અમદાવાદ જિલ્લામાં મૌજે: પાલડી, તાલુકા: સાબરમતી અને ગુજરાત રાજ્યમાં અમદાવાદ-૪ (પાલડી) ના નોંધણી ઉપ-જિલ્લાના ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૬ (પાલડી) ના મીટર્સ, ઉપરોક્ત મિલકત નીચે મુજબ **સીમા** ધરાવે છે:- **પૂર્વ:** ઓફિસ નં. ૬૦૬, **પશ્ચિમ:** સીડી, **ઉત્તર:** પહોળો માર્ગ, **દક્ષિણ:** ખુલ્લી જગ્યા. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ રૂ.૩૦,૮૨,૦૨૦/- (ત્રીસ લાખ એંસી બે હજાર અને વીસ રૂપિયા માત્ર) |
| 18. | (1) વાનખેડે કિશન (2) વાનખેડે નીતાબેન કિશન | લોન એકાઉન્ટ નંબર 45259630000021 લોન રકમ: રૂ.5,75,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** જમીનનો તે તમામ ટુકડો અને ભાગ - જેમાં લગભગ ૩૯.૦૧ ચોરસ મીટરનો ખાનગી પ્લોટ નં. ૫૯૩ અને લગભગ ૨૪.૨૧ ચોરસ મીટરનો રોડ અને લગભગ ૫.૫૭ ચોરસ મીટરનો સીઓપીનો અવિભાજિત પ્રમાણસર હિસ્સો છે, કુલ આશરે ૬૮.૭૯ ચોરસ મીટરનો છે. અને તેના પર બાંધકામ - મહાદેવ નગરનો આશરે ૩૪.૭૬ ચોરસ મીટરનો ગ્રાઉન્ડ ફ્લોર - મહેસૂલ સર્વે નં. ૩૫૪ અને તેના બ્લોક નં. ૫૧૨, જેમાં અંતિમ પ્લોટ નં. ૪૧/એ પણ છે, જે લગભગ ૧૯૭૬૫ ચોરસ મીટરનો છે. ડિંડોલી જિલ્લાની અંદર. ઉપરોક્ત મિલકત નીચે મુજબ ઘેરાયેલી છે: **પૂર્વ:** ૨૦ ફૂટ રોડ, **પશ્ચિમ:** ૧૦ ફૂટ. ડ્રેનેજ શેરી, **ઉત્તર:** માર્જિનની જગ્યા, **દક્ષિણ:** પ્લોટ નં. 563/A. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 18/11/2025 | ૧૬/૧૧/૨૦૨૫ ના રોજ રૂ. ૫,૫૯,૬૯૯/- (પાંચ ઓગણપચાસ લાખ હજાર છ એકસો નેવું નવ રૂપિયા માત્ર) |
| 19. | (1) અંકાવિયા કેતનભાઈ નરસિંહભાઈ, (2) નરસિંહભાઈ કાનજીભાઈ પગી (અંકવીયા), (3) અંકાવિયા જશુબેન નરસિંહભાઈ | લોન એકાઉન્ટ નંબર ૩૧૪૮૦૪૩૦૦૦૩૩૬ લોન રકમ: રૂ.૩,૯૦,૦૦૦/- | **ગીરો મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી:** 89.00 ચો.મી. ધરાવતી ઘરની જમીન, રામપરા ગ્રામ પંચાયત અકર્ણી પત્રક અનુક્રમ નંબર 271, અને મિકત નંબર 9/271, રામપરા, તા.સ.ડબલ્યુ. જિલ્લાના રામપરા, તા.સ.ડબલ્યુ.ની હદમાં ગામતળ ગામની ગામતળ જમીન પર આવેલી મિલકત. ગ્રામ પંચાયત. **સીમાઓ: ઉત્તર:** આ બાજુનો રસ્તો, **દક્ષિણ:** રામાજીભાઈ જીવણભાઈની આ બાજુની મિલકત, **પૂર્વ:** સાગરભાઈ રૂપાભાઈની આ બાજુની મિલકત, **પશ્ચિમ:** મનજીભાઈ લવજીભાઈની આ બાજુની મિલકત. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ રૂ.૩,૬૭,૧૭૩/- (ત્રણ લાખ સિત્તેર હજાર એકસો સિત્તેર ત્રણ રૂપિયા માત્ર) |
| 20. | (1) અતુલભાઈ સિરીલભાઈ પરમાર (2)કિંજલબેન અતુલભાઈ પરમાર | લોન એકાઉન્ટ નંબર ૩૧૮૦૯૬૧૦૦૦૧૧૨૦ લોન રકમ: રૂ. ૧૦૫૦૦૦૦/- છે | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** જિલ્લો- આણંદ, ઉપજિલ્લો આનંદ મોજે ગામ- કામરસદ, મહેસૂલ સર્વે નં. ૧૪૮૨/પાઈકી- ૨ કુલ પ્રવેશ વિસ્તાર ૫૫૧૫.૦૦ ચોરસ મીટર **"નીરવ અવન્યુ"** ટાવર- ડી, પ્રથમ માળનો ફ્લેટ નં. ૧૦૫ બાંધકામ પ્રવેશ વિસ્તાર ૩૮.૫૦ ચોરસ મીટર, અવિભાજિત પ્રવેશ વિસ્તાર ૧૯.૭૦ ચોરસ મીટર. **સીમાઓ: પૂર્વ:** ફ્લેટ નં. ૧૦૪ સ્થિત છે, **પશ્ચિમ:** માર્જિન પછી સર્વે નં. જમીન સ્થિત છે, **ઉત્તર:** માર્જિન પછી સર્વે નં. જમીન સ્થિત છે, **દક્ષિણ:** કોમન પેસેજ સ્થિત છે, ઉપર: બીજો માળ ફ્લેટ નં. ૨૦૫ સ્થિત છે, નીચે ખુલ્લી જગ્યા સ્થિત છે. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ રૂ. ૧૦,૮૧,૧૮૮/- (દસ એક્યાસી લાખ એક હજાર એકસો અને એંસી માત્ર આઠ રૂપિયા) |
| 21. | (1) ભરતભાઈ વાસણાભાઈ મોરી (2) લીલાબેન ભરતભાઈ મોરી | લોન એકાઉન્ટ નંબર 51810440000152 લોન રકમ: રૂ.5,00,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** ગ્રામ પંચાયત ગરબાડા (નવા ફળિયા) મિલકત અને મકાન નં. ૧૩૩ નવા ફળિયા પાયકી ૧૪૩.૦૭ ચો.મી. જમીન ગરબાડા નવા ફળિયા તા- ગરબાડા, જિલ્લો- દાહોદ- ૩૮૯૧૭૦. ઉપરોક્ત મિલકત નીચે મુજબ **સીમા** ધરાવે છે:- **પૂર્વ:** રસ્તો પછી મોરી હિમસિંહ રૂપસિંહનું ઘર, **પશ્ચિમ:** મુહાનિયા વિજયભાઈનું ઘર, **ઉત્તર:** મુહાનિયા વિજયભાઈ જમીન, **દક્ષિણ:** ખુલ્લી જગ્યા. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ રૂ.૩,૦૪,૫૬૪/- (ત્રણ ચાર હજાર રૂપિયા ત્રણસો ચારસો ચોર્યાવીસ રૂપિયા માત્ર) |
| 22. | (1) ચૌહાણ વિકાસકુમાર શૈલેષસિંહ, (2) ચૌહાણ મિલમબેન વિકાસસિંહ, (3) ચૌહાણ ઉદાજી નાથાજી | લોન એકાઉન્ટ નંબર ૩૧૭૯૦૪૩૦૦૦૨૯૭ લોન રકમ: રૂ.૪,૦૦,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** પેધામાલા, તા. હિંમતનગર જિલ્લો- સાબરકાંઠા ખાતે આવેલી ગામતાલ મિકત નંબર ૩૬૭ ધરાવતી ગામતાલ જમીન પર બાંધવામાં આવેલી એન. એ. સ્થાવર રહેણાંક મિલકતનો તે તમામ ટુકડો અને પાર્સલ. **સીમાઓ દ્વારા: ઉત્તર:** ખુલ્લી જમીન, **દક્ષિણ:** આર.સી.સી. રોડ, **પૂર્વ:** ચૌહાણનું ઘર વિનોદકુમાર રમેશસિંહ, **પશ્ચિમ:** સૂરજકુમાર કાલુસિંહ ચૌહાણનું ઘર. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ના રોજ રૂ.૩,૮૨,૯૮૫/- (ત્રણ બ્યાસી લાખ નવ હજાર એકસો અને એંસી પાંચ રૂપિયા માત્ર) |
| 23. | (1) ગિરી અભિષેક વિજય (2) ગીરી વિજય જજુરી (3) ગિરી મુમ્મીદેવી વિજય | લોન એકાઉન્ટ નંબર ૩૩૦૨૯૬૧૦૦૦૦૩૧૫ લોન રકમ: રૂ.૨૭,૦૦,૦૦૦/- છે | **મોર્ટગેજ્ડ સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી:** "સીતારામ સિટી" તરીકે ઓળખાતી યોજનામાં સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ, ફ્લેટ નં. એમ/૪૦૨, ચોથા માળે, ૧૧૫ ચોરસ યાર્ડ (સુપર બિલ્ટ-અપ) વિસ્તાર ધરાવે છે. આ યોજના ફ્રીહોલ્ડ બિન-ખેતી જમીન પર બાંધવામાં આવી છે, જે અંતિમ પ્લોટ નં. ૯/૨ એરિયા ધરાવતી યોજના છે. ૯૫૯૧.૪૦ ચોરસ મીટર. મહેસૂલ સર્વે નં. ૧૦૨૧/૨ ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૧૦૫ (વસ્ત્રાલરામોલ)ના સ્થાને ફાળવવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં વટવા તાલુકાનો વિસ્તાર અને ગુજરાત રાજ્યમાં અમદાવાદ-૧૨ (નિકોલ) ના નોંધણી પેટા જિલ્લાનો વિસ્તાર. ઉપરોક્ત મિલકત નીચે મુજબ **સીમા** ધરાવે છે:- **પૂર્વ દ્વારા:** ખુલ્લો માર્ગ અને લિફ્ટ, **પશ્ચિમ:** સામાન્ય પ્લોટ, **ઉત્તર:** ફ્લેટ નં. એમ/૪૦૩, **દક્ષિણ:** બ્લોક-એન. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | રૂ.૨૬,૬૦,૬૦૮/- (છવીસ લાખ સાઠ હજાર છ એકસો આઠ માત્ર રૂપિયા) ૧૭/૧૧/૨૦૨૫ મુજબ |
| 24. | (1) હસમુખભાઈ કોદરલાલ પરમાર (2) મીનાબેન હસમુખભાઈ પરમાર | લોન એકાઉન્ટ નંબર ૩૨૧૪૯૪૩૦૦૦૦૦૫૫ લોન રકમ: રૂ.૨૨,૫૦,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** સ્થાવર રહેણાંક મિલકત બિન-ખેતી જમીન ધરાવતી શહેર સર્વે નં. ૫૯૨૩ પાયકી મ્યુનિસિપલ નં. ૨/૩૭૧/૪૭૩/૧૦, જેનું માપ લગભગ ૭૪.૨૧ ચોરસ મીટર છે, જે ઇડર તા. ઇડર જિલ્લો સાબરકાંઠા ખાતે આવેલું છે. **સીમાઓ દ્વારા: પૂર્વ:** રોડ, **પશ્ચિમ:** ધનેશ્વર ડુંગરી, **ઉત્તર:** ૧૫.૦૦ ચોરસ મીટર રોડ પછી કન્યા છાત્રાલય, **દક્ષિણ:** શહેર સર્વે નં. ૫૯૨૩ ની બાકીની જમીન. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | રૂ.૨૨,૩૦,૫૬૪/- (બાવીસ લાખ પાંચ હજાર એકસો સાઠ માત્ર રૂપિયા) ૧૭/૧૧/૨૦૨૫ મુજબ |
| 25. | (1) લક્ષ્મણલાલ જેઠુલાલ કુમાવત (2) નોશર | લોન એકાઉન્ટ નંબર ૪૮૩૪૯૪૨૦૦૦૨૦૨ લોન રકમ: રૂ. ૨૦,૦૦,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** એન. એ. ના બધા ટુકડા અને પાર્સલ બિન-કૃષિ જમીન ધરાવતી મિલકત પર બાંધવામાં આવેલી સ્થાવર રહેણાંક મિલકત બ્લોક/સર્વે નં. ૫૦૩/૧+૫૦૪/૧/૧, (જૂનો સર્વે નં. ૫૦૩/૧) "દેવ વિલા રેસિડેન્સી" પ્લોટ નં. ૬૭/૧ ગામ-દેવ, તા- બાલાસિનોર, જિલ્લો, મહીસાગર ખાતે આવેલ ૬૩.૬૯ ચોરસ મીટર માપવા યોગ્ય. **સીમાઓ:- પૂર્વ:** પ્લોટ નં. ૫૦૩/૧ નો સર્વે નં. ૬૪, **પશ્ચિમ:** સર્વે નં. ૫૦૩/૧ નો ૭.૫૦ મીટર રોડ, **ઉત્તર:** પ્લોટ નં. ૬૭/૨ નો સર્વે નં. ૫૦૩/૧, **દક્ષિણ:** પ્લોટ નં. ૬૬/૨ નો સર્વે નં. ૫૦૩/૧. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ રૂ. ૨૦,૧૯,૩૪૧/- (વીસ લાખ ઓગણીસ હજાર ત્રણસો એકતાલીસ રૂપિયા માત્ર) |
| 26. | (1) મહેતા આકાશ હરેશભાઈ (2) મહેતા સોનલબેન હરેશકુમાર | લોન એકાઉન્ટ નંબર ૪૫૨૨૯૪૨૦૦૦૩૫૧૪ લોન રકમ: રૂ.૧૧,૩૫,૪૭૧/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** રહેણાંક મિલકત વિસ્તાર વહીવટી ૩૨.૬૩ ચોરસ મીટર કાંગશિયાળ રેવન્યુ સર્વે નં. ૩૩ પી ૧ **"વ્રજ ભૂમિ"** પ્લોટ ખાતે સ્થિત નં. ૧૨ પી કૃષ્ણા આર્કેડ-૧ પી ફ્લેટ નં. ૨૦૩, લોધિકા, રાજકોટ ખાતે બીજા માળે. મિલકતની **સીમાઓ ઉત્તર:** સીડી, કોમન પેસેજ પછી ફ્લેટ નં. ૨૦૨, **દક્ષિણ:** માર્જિન પછી કોમન પ્લોટ, **પૂર્વ:** માર્જિન પછી અન્ય મિલકત, **પશ્ચિમ:** ફ્લેટ નં. ૨૦૪. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ રૂ.૧૧,૫૬,૮૯૧/- (અગિયાર લાખ પચાસ છ હજાર આઠ એક નેવું એક રૂપિયા માત્ર) |
| 27. | (1) મકરાણી યુનુસભાઈ અબ્બુભાઈ, (2) મકરાણી હમીદાબેન યુનુસભાઈ (3)મકરાણી વસીમ યુનુસભાઈ, (4) મકરાણી અસલામ યુનુસભાઈ (5)રફીક ડી બ્લોચ | લોન એકાઉન્ટ નંબર 31529420000147 31529410000578 લોન રકમ: રૂ.6,50,000/- રૂ.2,58,700/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવેલા "નવા દોલતપરા" તરીકે ઓળખાતા દોલતપુરાના પ્લોટ નં. ૧૩૯/પાઈકે જમીન, 33-૭૪ ચોરસ મીટર અને પ્લોટ નં. ૧૪૦/પાઈકે જમીન, ૫૧-૮૮ ચોરસ મીટર (જેને પેટા પ્લોટ નં. ૧૩૯+૧૪૦/3 તરીકે ઓળખવામાં આવે છે) અને ૩૮/પાઈકે જમીન પર બાંધવામાં આવેલું રહેણાંક મકાન. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ રૂ. ૬,૩૭,૧૨૨/- (છ સડત્રીસ લાખ એકસો એકવીસ માત્ર રૂપિયા) |
| 28. | (1) માલવિયા ચંદ્રપ્રકાશ કે. (2) ગોંડકર ગીરાબેન મંગેશભાઈ | લોન એકાઉન્ટ નંબર ૩૩૩૬૯૪૨૦૦૦૫૬૧ લોન રકમ: રૂ.૧૫,૦૦,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** ફ્રીહોલ્ડ સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને પાર્સલ ફ્લેટ નં. E-7, સાતમા માળે, જેનો વિસ્તાર 39.78 ચોરસ મીટર છે અને આનંદ સૌરીન કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડમાં છે. શ્વેતલ એપાર્ટમેન્ટ (રજિસ્ટર નં. GH- 4825 તારીખ 29-05-1974) તરીકે ઓળખાય છે જે અમદાવાદ જિલ્લામાં સિટી સર્વે વોર્ડ શાહપુર-2 તાલુકા શહેરના સિટી સર્વે નં. 4234 થી 4241 પાયકી અને ગુજરાત રાજ્યમાં અમદાવાદ-1 (શહેર)ના રજિસ્ટર સબ ડિસ્ટ્રિક્ટના સિટી સર્વે નં. 4234 થી 4241 પાયકી પર સ્થિત છે, ઉપરોક્ત મિલકત નીચે મુજબ **સીમા** ધરાવે છે:- **પૂર્વ:** દિવાલ સાથે ફ્લેટ નં. D/7, **પશ્ચિમ:** દિવાલ સાથે ફ્લેટ નં. F/7, **ઉત્તર:** મુખ્ય માર્ગ ફ્લેટ ગેલેરી, **દક્ષિણ:** સામાન્ય માર્ગ. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૫,૪૮,૮૪૦/- (પંદર લાખ ચાલીસ આઠ હજાર આઠસો ચાલીસ રૂપિયા માત્ર) ૧૭/૧૧/૨૦૨૫ મુજબ |
| 29. | (1) માંકેશ્વરકુમાર એક પ્રસાદ, (2) અનિતાદેવી માંકેશ્વરકુમાર પ્રસાદ | લોન એકાઉન્ટ નંબર 45249420006603 લોન રકમ: રૂ. 30,00,000/- | **મોરગેઈડ સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી:** "બાપા સીતારામ સોસાયટી" માં, સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ, જેમાં પ્લોટ નં. ૯૮ ૫૨.૦૯ ચોરસ મીટર, ગ્રાઉન્ડ ફ્લોર + ફર્સ્ટ ફ્લોર અને ત્રીજા માળનું બાંધકામ ૧૫૬.૨૭ ચોરસ મીટરનું છે. મોજે ગામ: મોરા, તાલુકા ચોર્યાસી, જિલ્લો- સુરતના રેવન્યુ સર્વે નં. ૪૦ અને ૪૧ ધરાવતી બિન-ખેતી જમીન પર સ્થિત છે. ઉક્ત મિલકતની **સીમાઓ: પૂર્વ:** સોસાયટી ઇન્ટરનલ રોડ, **પશ્ચિમ:** એડજસ્ટ પ્લોટ નં. ૯૧, **ઉત્તર:** એડજસ્ટ પ્લોટ નં. ૯૭, **દક્ષિણ:** એડજસ્ટ પ્લોટ નં. ૯૯. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ રૂ.૩૦,૭૫,૭૬૦/- (ત્રીસ લાખ સિત્તેર પાંચ હજાર સાતસો સાઠ રૂપિયા માત્ર) |
| 30. | (૧) મિસ્ત્રી દિપકકુમાર રસિકભાઈ, (૨)મિસ્ત્રી રસિકભાઈ | લોન એકાઉન્ટ નંબર ૩૩૨૦૯૪૨૦૦૦૩૧૪૭ લોન રકમ: રૂ.૯,૦૦,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** ગ્રામ પંચાયત મિલકત નં. ૧૯૪ ધરાવતી મિલકતનો સંપૂર્ણ હક અને હક, જે લગભગ ૩૬ X ૨૦ ચોરસ ફૂટ વિસ્તાર ધરાવે છે, **"વાલ્મીકી વાસ"** તરીકે ઓળખાતા વિસ્તારમાં, જે મૌજે જલિયામઠ તા - દહેગામ, જિલ્લો - ગાંધીનગર ખાતે રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ દહેગામ અને ગાંધીનગર જિલ્લામાં સ્થિત છે. **સીમાઓ: પૂર્વ:** લાલાભાઈ બાબાભાઈ ઘર, **પશ્ચિમ:** અમરત રેવાભાઈ ઘર, **ઉત્તર:** રોડ, **દક્ષિણ:** ખુલ્લી જગ્યા. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ રૂ.૭,૯૫,૩૬૦/- (સાત પંચાણુ લાખ ત્રણ હજાર સો સાઠ માત્ર રૂપિયા) |
| 31. | (1) પઠાણ સાજીદખાન મજીદખાન, (2) પઠાણ રેશમાબીબી સાજીદખાન | લોન એકાઉન્ટ નંબર 31999430000621 લોન રકમ: રૂ.5,54,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** ફ્લેટ નં. 8 બિલ્ટ-અપ એરિયા 36.78.97 ચોરસ મીટર, તાહા કોમ્પ્લેક્સના બીજા માળે અવિભાજિત 9.254 ચોરસ મીટર જમીન સાથે, પ્લોટ નં. 14 જમીન વિસ્તાર 273.35 ચોરસ મીટર પર બાંધવામાં આવ્યો છે. દાહોદ, તા. દાહોદ, જિલ્લો- દાહોદ ખાતે સ્થિત સીટીએસ નં. 8058/Aમાં **સીમાઓ: પૂર્વ:** બે ફૂટ ખુલ્લી જગ્યા, **પશ્ચિમ:** ઓટીએસ અને સીડી, **ઉત્તર:** રોડ સાથે 3 ફૂટ ઓટીએસ, **દક્ષિણ:** ભૂરણભાઈ ડુંગરાવાલી ફ્લેટ વોલ. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ના રોજ રૂ.૫,૭૧,૭૧૬/- (પાંચ એકસો લાખ સિત્તેર હજાર સાત સોળ માત્ર રૂપિયા) |
| 32. | (1) રાજેશ લક્ષ્મણભાઈ ચૌહાણ, (2) જયાબેન રાજેશ ચૌહાણ | લોન એકાઉન્ટ નંબર ૩૦૭૪૯૪૨૦૦૦૭૭૦ લોન રકમ: રૂ.૨૭,૦૦,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** મહેસૂલ સર્વે નંબર 73/પાયકી ધરાવતી સ્થાવર મિલકત, રહેણાંક હેતુ માટે બિન-કૃષિ જમીનમાં રૂપાંતરિત પાયકી પ્લોટ નં. 138થી 144 ભેળવીને અને ભેળવીને પ્લોટ નં. 138 ને સબ-પ્લોટ નં. 138/P પાયકી સબ-પ્લોટ નં. 138/B માં વિભાજિત કરીને સોંપો. **સીમાઓ:** પ્લોટ નં. 111 સ્થળ, **પશ્ચિમ:** 7.50 મીટર પહોળો રસ્તો, **ઉત્તર:** સબ પ્લોટ નં. 138/A દિવાલ, **દક્ષિણ:** પ્લોટ નં. 138/C દિવાલ. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ રૂ.૨૭,૭૫,૫૨૩/- (વીસ સત્તર લાખ સિત્તેર પાંચ હજાર પચ્ચીસ એકસો અને ત્રેવીસ માત્ર રૂપિયા) |
| 33. | (1) રાજેશભાઈ પરમાર, (2) શાંતાબેન ભીખુભાઈ પરમાર | લોન એકાઉન્ટ નંબર ૩૦૫૫૯૬૧૦૦૦૭૨૫ લોન રકમ: રૂ.૧૫,૦૮,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** પ્લોટ નં. ૧૨૦ ૫ પર રહેણાંક મકાન/બ્લોક, ઉત્તર બાજુની જમીન, પ્લોટ નં. ૧૨૦ ના ૭૨-30 ચો.મી., **"શ્રી પાર્ક"** તરીકે ઓળખાતો વિસ્તાર, નવગઢ રેવન્યુ સર્વે નં. ૧૪૩ ૫, તા. જેતપુર, જિલ્લો- રાજકોટ. **સીમાઓ: ઉત્તર:** પ્લોટ નં. ૧૨૧, **દક્ષિણ:** પ્લોટ નં. ૧૨૦ ૫, **પૂર્વ:** ૬-00 મીટર રોડ, **પશ્ચિમ:** ખેતીલાયક જમીન રૂ. ૧૪૦/૫ ૫. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ના રોજ રૂ.૧૫,૬૫,૫૧૮/- (પંદર લાખ સાઠ પાંચ હજાર પાંચ એકસો અઢાર રૂપિયા માત્ર) |
| 34. | (1) રાઠોડ અબ્દુલખાન અનવર અલી (2) રાઠોડ સાહિનબાનુ અબ્દુલભાઈ | લોન એકાઉન્ટ નંબર 45189420006226 લોન રકમ: રૂ.10,00,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** વડોદરાના મૌજે કરજણમાં બિન-ખેતીલાયક જમીન ધરાવતો સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ, સી.એસ. નં. 2540, શીટ નં. 33, ચલતા નં. 121, પૈકી 644.53 ચોરસ મીટર માપવાવાળી જમીન પર સ્થિત છે જે **"આલમખદુમ પ્લાઝા"** તરીકે ઓળખાય છે, બીજો માળ, ફ્લેટ નં. 201, 39.59 ચોરસ મીટર, એટલે કે 426.00 ચોરસ ફટ, નોંધણી જિલ્લા અને ઉપજિલ્લો કરજણ, જિલ્લો- વડોદરા ખાતે. **સીમાઓ: પૂર્વ:** બીજો માળ ફ્લેટ નં. 202, **પશ્ચિમ:** પાર્કિંગ સ્થળ, **ઉત્તર:** પેસેજ, **દક્ષિણ:** રોડ. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ રૂ. ૧૦,૨૯,૦૪૮/- (દસ લાખ ઓગણત્રીસ હજાર અડતાલીસ રૂપિયા માત્ર) |
| 35. | (1) રાઠોડ દિવ્યાંગભાઈ નવીનભાઈ, (2) રાઠોડ શિલ્પાબેન દિવ્યાંગભાઈ | લોન એકાઉન્ટ નંબર 45229420002906 45229430000652 લોન રકમ: રૂ. 14,89,944/- રૂ. 6,95,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - શેડ્યૂલ મિલકત:** રૈયા રેવન્યુ સર્વે નં. 203, TPS-6 (રૈયા) FP- 566P, પ્લોટ નં. 31P, બ્લોક નં. 4, જિલ્લો- રાજકોટ ખાતે 38-48 ચોરસ મીટરના માપ પર રહેણાંક મકાન. **સીમાઓ: ઉત્તર:** મજમુ ચાલ, **દક્ષિણ:** અન્ય મિલકત, **પૂર્વ:** બ્લોક નં. 14, **પશ્ચિમ:** અન્ય મિલકત. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ના રોજ રૂ.૨૧,૯૨,૯૮૭/- (એકવીસ લાખ બાણું હજાર નવસો સિત્યાશી રૂપિયા માત્ર) |
| 36. | (1) રાઠોડ મહેન્દ્રસિંહ રમેશચંદ્ર, (2) રાઠોડ સુરેખાબેન મહેન્દ્રસિંહ | લોન એકાઉન્ટ નંબર 51810430000892 લોન રકમ: રૂ.5,00,000/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** ગ્રામ પંચાયત બોરડી ઈનામી મિલકત/મકાન નં. ૮૪૪, ૧૬' X ૫૦' = ૮૦૦ ચોરસ ફટ. સ્થિત બોરડી ઈનામી, તા.દાહોદ, જિલ્લો- દાહોદ- ૩૮૯૧૫૧. **વિસ્તાર: પૂર્વ:** રોડ, **પશ્ચિમ:** રાઠોડ વ્રજસિંહ નાથુસિંહ મિલકત, **ઉત્તર:** રાઠોડ અરવિનસિંહ ઘર, **દક્ષિણ:** રાઠોડ ગરવરસિંહ મિલકત. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | રૂ.૪,૯૯,૨૩૩/- (ચાર લાખ નેવું નવ હજાર બે એકસો તેત્રીસ માત્ર રૂપિયા) ૧૭/૧૧/૨૦૨૫ મુજબ |
| 37. | (1) સિંધવ દિનેશભાઈ સવજીભાઈ, (2) સિંધવ સવજીભાઈ અમરશીભાઈ, (3) સિંધવ સુમિતાબેન દિનેશભાઈ | લોન એકાઉન્ટ નંબર ૩૧૪૮૦૪૩૦૦૦૭૭૦ લોન રકમ: રૂ.૪,૯૦,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** ઇંગ્રોડી આકર્ણી પત્રક પર રહેણાંક મકાન અનુક્રમણિકા નં. ૩૭૨ મિલકત નં. ૩૭૨ જમીન ૧૦૮.૫૬ ચોરસ મીટર, જી. એફ. બી/અપ વિસ્તાર ૯૯.૧૦ ચોરસ મીટર, ઇંગ્રોડી ખાતે આવેલી અને આવેલી, પંચાયત હદમાં, તાલુકા- લખતર, જિલ્લો- સુરેન્દ્રનગર અને સવજીભાઈ અમરશીભાઈ સિંધવની માલિકીની. **સીમાઓ: ઉત્તર:** રોડ અને પછી દેવજીભાઈનું ઘર, **દક્ષિણ:** જગદીશ ચતુરભાઈનું ઘર, **પૂર્વ:** રોડ, **પશ્ચિમ:** ઉકાભાઈ માંધાભાઈનો પ્લોટ. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ના રોજ રૂ.૪,૯૨,૪૭૮/- (ચાર લાખ બ્યાણું હજાર ચાર સો ઈઠ્ઠોત્તેર રૂપિયા માત્ર) |
| 38. | (1) ઉમેશભાઈ નારાયણભાઈ પટેલ, (2) સરોજબેન પટેલ | લોન એકાઉન્ટ નંબર ૪૮૩૬૯૪૩૦૦૦૩૪૭ લોન રકમ: રૂ.૨૪,૧૯,૦૦૦/- | **ગીરવે મૂકેલી સ્થાવર મિલકત - અનુસૂચિ મિલકત:** એન. એ. સ્થાવર રહેણાંક મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ જે બિન-ખેતી જમીન ધરાવતી મિલકત પર બાંધવામાં આવ્યો છે જે શહેર સર્વે નં. 2843 98.56 ચોરસ મીટર માપે છે, શહેર સર્વે નં. 5021 એડમેઝરીઓ 837.12 ચોરસ મીટર, ગામ- માણસા, તા- માણસા- જિલ્લો-ગાંધીનગર ખાતે સ્થિત છે. **સીમાઓ: પૂર્વ:** રોડ, **પશ્ચિમ:** રોડ, **ઉત્તર:** પટેલ અમૃતભાઈ નારાયણભાનું ઘર, **દક્ષિણ:** પટેલ દશરથભાઈ કાલિદાસનું ઘર. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૭/૧૧/૨૦૨૫ના રોજ રૂ.૨૪,૯૧,૦૧૪/- (ચોવીસ લાખ એકાણુ હજાર ચૌદ રૂપિયા માત્ર) |
| 38. | (1) યાદવ ધર્મેન્દ્ર, (2) યાદવ હરિરામ દાતાદિન (3)યાદવ કેશાબેન હરીરામ | લોન એકાઉન્ટ નંબર 45169420000881 45169430000262 લોન રકમ: રૂ.6,80,000/- રૂ.6,86,000/- | **મોર્ગેજ્ડ સ્થાવર મિલકત - શેડ્યૂલ પ્રોપર્ટી:** બ્લોક નં. ડી ના છઠ્ઠા માળે ફ્લેટ નં. ડી/૬૦૫ ધરાવતી મિલકતનો તમામ હક, ટાઇટલ અને હિસ્સેદારી, જેનું માપ લગભગ ૩૭.૫૭ ચોરસ મીટર કાર્પેટ એરિયા અને ૨.૦૬ ચોરસ મીટર વોશ એરિયા છે, કુલ ૩૯.૬૩ ચોરસ મીટર વિસ્તાર અને અવિભાજિત હિસ્સો ૧૫.૪૩ ચોરસ મીટર છે. આ યોજના **"ટંકર રેસીડેન્સી-૩"** તરીકે ઓળખાય છે, જે મૌજે: વટવા, તાલુકા: અમદાવાદ ખાતે આવેલી છે. તાલુકા: અમદાવાદ, અમદાવાદ, અમદાવાદ ૧૧ (અસ્લાલી) ના રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ અને જિલ્લામાં સર્વે નં. ૧૧૧૮ ના ટી. પી. સ્કીમ નં. ૮૯ ના અંતિમ પ્લોટ નં. ૯૫ જમીન પર છે. **સીમાઓ: પૂર્વ:** ફ્લેટ નં. ડી/૬૦૪, **પશ્ચિમ:** ફ્લેટ નં. ડી/૬૦૬, **ઉત્તર:** ફ્લેટ નં. ડી/૬૧૦, **દક્ષિણ:** માર્જિન વિસ્તાર. | NPA ની તારીખ: 01/11/2025 માંગ નોટિસ તારીખ: 19/11/2025 | ૧૪,૦૩,૭૩૫/- (ચૌદ લાખ ત્રણ હજાર સાતસો પાંત્રીસ રૂપિયા માત્ર) ૧૭/૧૧/૨૦૨૫ના રોજ |

તેથી, કોલમ નં. 2 માં દર્શાવેલ ઋણ લેનાર/સહ-ઋણ લેનાર/જામીનદાર અને ગીરો આપનારને નોટિસ આપવામાં આવે છે, જેમાં તેમને આ નોટિસ પ્રકાશિત થયાના 60 દિવસની અંદર તમામ સંબંધિત ઋણ લેનાર/સહ-ઋણ લેનાર સામે કોલમ નં. 6 માં દર્શાવેલ તારીખે સંબંધિત લોન ખાતાના સંબંધમાં ઉપરોક્ત રકમ ચૂકવવાપાત્ર હોવાનું જણાયું હોવાથી, કોલમ નં. 6 માં દર્શાવેલ તારીખે કુલ રકમ ચૂકવવાપાત્ર હોવાનું જાણવા મળ્યું છે. એ સ્પષ્ટ કરવામાં આવે છે કે જો કુલ રકમ, ભવિષ્યના વ્યાજ અને ચુકવણીની તારીખ સુધી ચૂકવવાપાત્ર બની શકે તેવી અન્ય રકમો સાથે, ચૂકવવામાં ન આવે, તો **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**, કોલમ નં. 4 માં વર્ણવેલ મિલકતો પર સુરક્ષા વ્યાજ લાગુ કરવા માટે યોગ્ય પગલાં લેવા માટે મજબૂર રહેશે. કૃપા કરીને નોંધ લો કે આ પ્રકાશન કાયદા હેઠળ ઉધાર લેનાર/સહ-ઋણધારક/જામીનદાર/ગીરો આપનારાઓ સામે **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**ને ઉપલબ્ધ અધિકારો અને ઉપાયોને પૂર્વગ્રહ રાખ્યા વિના કરવામાં આવ્યું છે. તમને વધુમાં નોંધ લેવાની વિનંતી છે કે ઉક્ત અધિનિયમની કલમ 13(13) મુજબ, તમને ઉપરોક્ત સિક્યોરિટીનો નિકાલ કરવા અથવા તેની સાથે વ્યવહાર કરવા અથવા સુરક્ષિત લેણદારની પૂર્વ સંમતિ વિના સિક્યોર્ડ સંપત્તિના વેચાણ, લીઝ અથવા અન્ય રીતે ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત/પ્રતિબંધિત કરવામાં આવે છે.

**તારીખ: ૨૪-૧૧-૨૦૨૫, સ્થળ: ગુજરાત** **Sd/- અધિકૃત અધિકારી, જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ વતી**

### દંપતીને ૫૮૦ પેનલ વેચવા સોદો કરી ૨ લાખની ઠગાઇ કરાઇ

ગાંધીનગર : ઓનલાઈન પેમેન્ટના જમાનામાં ગઠિયાઓ સીધી રીતે નહીં પરંતુ આડકતરી રીતે લોકોને ધુતી લેવાના કિસ્સા પણ બને છે. ગાંધીનગરમાં સોલર પેનલનો વ્યવસાય કરતા દંપતિને ખાનગી સોલર પેનલ કંપનીના પૂર્વ કર્મચારીએ રૂપિયા ૨ લાખનો ચુનો ચોપડતાં પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. જેમાં ઓનલાઈન અને એડવાન્સ પેમેન્ટનો આગ્રહ રાખ્યા બાદ આરોપીએ અન્યના એકાઉન્ટ મારફત નાણા મેળવી લીધાં હતાં. દંપતીએ અન્ય એક ગ્રાહક સાથે ચિલોડા લઈ જઈને મુલાકાત પણ કરાવી હતી.

# સિટી એક્સપ્રેસ

### હોમિયોપેથિક હોસ્પિટલના રેકર્ડ રૂમમાં આગ ભભૂકતા અફરાતફરી

ગાંધીનગર : ગાંધીનગરથી મહુડી તિર્થ જતાં રોડ પર આવેલી હોમિયોપેથીક હોસ્પિટલના રેકર્ડ રૂમમાં આગ લાગવાના પગલે દોડધામ મચી ગઈ હતી. સ્થળ પર પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે આગ બુઝાવી ત્યાં સુધીમાં સંખ્યાબંધ ફાઈલો સહિતનું રેકર્ડ, કોમ્પ્યુટર અને ફનચર સળગી ગયા હતાં. ફાયર બ્રિગેડે જણાવ્યું, કે અહીં ફાયર એક્સ્ટીંગ્યુઝર એક્સપાયર થયેલા હતાં. સાથે રેકર્ડ રૂમમાં વીજળીનું જોડાણ નહીં હોવાથી આગનું કારણ અકળ રહ્યું છે. પરિણામે આગ કેવી રીતે લાગી તેનું કોઈ ચોક્કસ કારણ મળ્યુ ન હતું.

# SIRની કામગીરી દરમિયાન બેસવા બાબતે વિવાદ: સામ-સામે ફરિયાદ

## ભાજપના બુથ પ્રમુખે ફોર્મ ભરાવા આવેલા મતદારોને ગાળો અને જાનથી મારી નાખવાની ધમકી આપી

અમદાવાદ | દેશભરમાં અત્યારે SIRની કામગીરી ચાલી રહી છે, ત્યારે આંબાવાડીમાં આવેલી સહજાનંદ કોલેજમાં ભાજપના બુથ પ્રમુખ SIRની કામગીરી દરમિયાન સાથે બેઠા હતા. બુથ પ્રમુખ તેમની જગ્યાએથી ઊભા થયા ત્યારે એક વ્યક્તિ તેમની જગ્યા પર બેસી ગયા હતા. આ દરમિયાન બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારે બુથ પ્રમુખે મહિલા અને તેમના પતિને ગાળો આપી જાનથી મારી દેવાની ધમકી આપી દીધી હોવાની ફરિયાદ નોંધાઈ છે. બુથ પ્રમુખે પણ મહિલા અને તેમના પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. સેટેલાઈટ પોલીસે બંને પક્ષે સામ સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

આંબાવાડીમાં રહેતા ધારિણીબેન શાહે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેઓ તેમના પતિ સાથે સહજાનંદ કોલેજમાં ફોર્મ ભરવા માટે ગયા હતા. આ દરમિયાન BLO મનોજભાઈ બેઠા હતા અને મનોજભાઈની સાથે શ્રીરામ મોદી પણ બેઠા હતા. શ્રીરામ મોદી તેમની જગ્યા પરથી ઉભા થયા ત્યારે તેમની જગ્યા પર ધારીનીબેનના પતિ મનીષભાઈ બેસી ગયા હતા. મનીષભાઈ બેઠા ત્યારે શ્રીરામ મોદીએ તમને પાછળથી ઝાપટ મારી દીધી હતી જેથી બંને વચ્ચે બોલાચાલી થઈ હતી.




### 'મારા ભાઈ-ભાભી વકીલ છે તો મારું કંઈ બગાડી નહીં શકે'

આ દરમિયાન શ્રી રામ મોદીએ ગાળો આપી હતી, જેથી ધારીનીબેને કંટ્રોલરૂમમાં ફોન કર્યો હતો. ત્યારે શ્રીરામ મોદીએ કહ્યું હતું કે, તારે જે કરવું હોય તે કર પોલીસ મારું કાંઈ નહીં બગાડી શકે. જો તું પોલીસ સ્ટેશન જઈશ તો હું તારા પતિને ચાર પાંચ દિવસમાં ગાડીથી મરાવી નાખીશ. મારા ભાઈ-ભાભી વકીલ છે તો મારું કંઈ બગાડી નહીં શકે. શ્રીરામ મોદીએ ધારીનીબેનને પણ એકલી મળીશ તો જાનથી મારી નાખીશ ધમકી આપી હતી. આ અંગે ધારીનીબેને સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

### ભાજપ પ્રમુખ ઉભા થયા તો તેમની જગ્યાએ એક વ્યક્તિ બેસી ગયો

બીજી તરફ ભાજપના બુથ નંબર 15ના બુથ પ્રમુખ શ્રીરામ મોદીએ પણ સેટેલાઈટ પોલીસે ફરિયાદ નોંધાવી છે કે, તેઓ સહજાનંદ કોલેજમાં ઈલેક્શનની કામગીરીમાં મદદરૂપ થવા માટે બેઠા હતા અને તેમની ખુરશી પરથી ઉભા થયા ત્યારે તેમની જગ્યાએ મનીષાભાઈ નામનો વ્યક્તિ બેસી ગયો હતો. મનીષભાઈને ઉભા થવાનું કહેતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન મનીષભાઈના પત્ની ધારીનીબેને શ્રીરામ મોદીને છુટ્ટું ચપ્પલ માર્યું હતું. શ્રીરામ મોદી જ્યાં બેઠા હતા ત્યાં ધારીનીબેન અને તેના પતિ એક્ટિવા લઈને પહોંચ્યા અને ગાળો આપી હતી અને કહ્યું હતું કે, તું મને ઓળખો નથી તારા હાથ પગ તોડાવી નાખીશ અને ક્યાંય ખોવાઈ જઈશ. ધારીનીબેને શ્રીરામ મોદીને ધમકી આપી હતી કે, છેડતીના ખોટા કેસમાં ફસાવી જેલ ભેગો કરાવી દઈશ.

## ન્યુઝ બ્રિફ

### 10.4 ડિગ્રી સાથે નલિયામાં ઠંડીનો ચમકારો દેખાયો

અમદાવાદ રાજ્યમાં ઠંડીના પ્રમાણમાં વધારો નોંધાઈ રહ્યો છે. હવામાન વિભાગના આંકડા પ્રમાણે તમામ મોટા શહેરોનું તાપમાન 20 ડિગ્રી કરતા નીચે નોંધાયું છે. છેલ્લા કેટલાક દિવસથી નલિયામાં સૌથી વધુ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ત્યારે ફરી એક વખત રાજ્યમાં 10.4 ડિગ્રી સાથે નલિયામાં સૌથી ઠંડુગાર શહેર બની ગયું છે. હવામાન વિભાગના આંકડા પ્રમાણે રાજકોટમાં 13.9 ડિગ્રી, ડીસામાં 14.3 ડિગ્રી, અમદાવાદમાં 15.1 ડિગ્રી તાપમાન નોંધાયું છે. પોરબંદરમાં 15.8 ડિગ્રી, ભુજમાં 16.4 ડિગ્રી, ગાંધીનગરમાં 16.2 ડિગ્રી, વડોદરામાં 16.6 ડિગ્રી, કંડલામાં 17 ડિગ્રી, ભાવનગરમાં 17.8 ડિગ્રી સુરતમાં 18.2 ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદ સહિત રાજ્યમાં હાલ પૂર્વના તેજ પવન જમીન પર નીચલા સ્તરે ફુંકાઈ રહ્યા છે. તેની સાથે જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધ્યું છે. આ પરિસ્થિતિમાં હજુ આગામી 24 કલાક સુધી તાપમાનમાં 2થી 3 ડિગ્રી સુધીનો વધારો થવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. અમદાવાદનું લઘુતમ તાપમાન 16 ડિગ્રીની આસપાસ રહેશે જેથી રાતના સમયે ઠંડીનો ચમકારો અનુભવાશે.

### ગાંધીનગરમાં 500 ગુનેગારોની યાદીનું વેરિફિકેશન પૂર્ણ, '100 કલાક'ના અલ્ટિમેટમની અસર

ગાંધીનગર | તાજેતરમાં ગાંધીનગરમાં પકડાયેલા આતંકીઓ, દિલ્હીમાં થયેલા બૉમ્બ ધડાકા સહિત રાજ્યમાં ઝડપાયેલા આતંકીઓની ઘટનાને પગલે ગુજરાતના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ગુનેગારોનો ડેટાબેઝ અપડેટ કરવા માટે તમામ જિલ્લા પોલીસ વડાને છેલ્લા 30 વર્ષમાં રાષ્ટ્ર વિરોધી ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓની વિગતવાર યાદી 100 કલાકમાં તૈયાર કરવાનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું. જે અન્વયે ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા ગંભીર ગુનાના 500 આરોપીઓનું વેરીફીકેશન હાથ ધરીને 100 ટકા કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. દિલ્હીમાં કાર બ્લાસ્ટ અને ફરિદાબાદમાં આતંક વિરોધી કાર્યવાહી જેવી ઘટનાઓ સામે આવી હતી. આથી, ગુજરાતમાં આ પ્રકારની પ્રવૃત્તિને મૂળમાંથી ડામવા અને રાષ્ટ્ર વિરોધી તત્ત્વોના નેટવર્કનો ડેટાબેઝ અપડેટ કરવાના ઉદ્દેશ્યથી રાજ્ય પોલીસ વડાએ તમામ શહેર અને જિલ્લા પોલીસ વડાઓને તાત્કાલિક અસરથી એલર્ટ કરીને એક મોટા ડોઝીઅર તૈયાર કરવા માટે 100 કલાકનું અલ્ટિમેટમ આપ્યું હતું.

ઓઢવમાં કાંસાની તાસણીમાં ચાની ચૂસકી માણી, સાંજે ગોમતીપુર અને જમાલપુરના બુથો પર નિરિક્ષણ

# પ્રદેશ પ્રમુખે SIR કામગીરીનું નિરીક્ષણ કર્યું



અમદાવાદ | ખાસ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સહિત રાજ્ય સરકારના વિવિધ મંત્રીઓ અને હોદ્દેદારો અલગ અલગ મતવિસ્તારમાં બુથો અને સોસાયટીઓમાં જઈને SIR કામગીરીમાં મદદ અને નિરીક્ષણ કરવા પહોંચ્યા હતાં. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા નિકોલ વિધાનસભા વિસ્તારમાં ઓઢવ ખાતે આવેલા ગોકુલ નગરમાં બુથ પર પહોંચ્યા હતા જ્યાં તેઓએ રોડ પર બેસીને કાર્યકર્તાના ઘરની કાંસાની તાસણીમાં ચાની ચુસકી પણ લીધી હતી. પ્રદેશ પ્રમુખ ઈન્દ્રપુરી અને ઓઢવ વિસ્તારમાં પણ આવેલી સોસાયટીઓમાં ગયા હતા સાંજે ગોમતીપુર અને જમાલપુર વિસ્તારના બુથો પર જશે.

શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહે જણાવ્યું હતું કે, સરકારના મંત્રી અને સંગઠના લોકો SIR કામગીરી મદદ કરવા આજે વિવિધ વિસ્તારમાં ગયા છે. બીએલઓ સાથે ભાજપના બીએલઓ - 2 કાર્યકર્તા જશે. સ્થાનિકો સાથે ફોર્મ ભરવાની કામગીરી કરે છે. જે પણ નાગરિકોને ફોર્મ ભરવામાં તકલીફ પડતી હોય તો તેને બૂથ પ્રમુખો મદદ કરે તેના માટેની પણ સૂચના આપી છે. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા SIR કામગીરીના નિરીક્ષણ માટે આજે 23 નવેમ્બરના રોજ નિકોલ વિધાનસભામાં ઓઢવ ખાતે આવ્યા હતા. ઓઢવ, વિરાટનગર ઈન્દ્રપુરી સહિતના વિસ્તારોની સોસાયટીના બૂથમાં ફરી SIRની કામગીરી અંતર્ગત ફોર્મ ભરવામાં આવ્યા છે કે કેમ વગેરે અંગેની તપાસ કરી હતી. રાજ્યમાં ચૂંટણીપંચ દ્વારા SIRની કામગીરી કરવામાં આવી રહી છે જે અંતર્ગત શિક્ષકોને બુથ લેવલ ઓફિસર (BLO)ની કામગીરી સોંપવામાં આવી છે જેમાં રાજ્યના અલગ અલગ શહેરોમાં આપઘાત અને મોત થઈ રહ્યા છે.

### ભાજપ પ્રદેશ પ્રમુખ ઓઢવમાં SIR કામગીરીનું નિરીક્ષણ કર્યું

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા આજે સવારે નિકોલ વિધાનસભા વિસ્તારમાં ઓઢવ વોર્ડમાં આવેલા ગોકુલનગર ખાતે SIR કામગીરીનું નિરીક્ષણ કરવા માટે પહોંચ્યા હતા. ઓઢવના ભૂતપ્રમુખ અને શક્તિ કેન્દ્રના ઈન્ચાર્જ વગેરેને મળ્યા હતા અને તેમના મતવિસ્તારમાં જેટલા પણ નાગરિકો છે તેમના SIR અંતર્ગત ફોર્મ ભરાઈ ગયા છે કે કેમ તે અંગેની માહિતી મેળવી હતી. કાર્યકર્તાના ઘરની બહાર બેસીને તેઓએ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખ પટેલ અને શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહે રબારી સમાજની પરંપરાગત કાંસાની તાસણીમાં ચાની ચુસકી પણ માણી હતી.

**'મતદાર યાદીમાં નામ રહી ના જાય તેના માટે દરેક લોકો આ ફોર્મ જમા કરાવે' :** રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જે ખાસ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે. દરેક લોકોનો મતદાર યાદીમાં નામ રહી ના જાય તેના માટે દરેક લોકો આ ફોર્મ જમા કરાવે. સોસાયટીમાં કોઈપણ નાગરિક રહી ના જાય તેનું ખાસ ધ્યાન રાખવા માટેની પણ જણાવ્યું હતું. જે લોકો અન્ય પ્રાંતમાંથી પણ અહીંયા આવ્યા છે તે લોકોના ફોર્મ પણ જમા કરાવડાવે નહીં તો એક જ જગ્યાએ બે નામ ચાલશે જેથી સોસાયટીમાં કોઈપણ વ્યક્તિ રહી ના જાય તેનું ખાસ ધ્યાન રાખી અને ફોર્મ ભરાવવા માટે જણાવ્યું હતું.

3 વર્ષના દીકરા સાથે માતાએ ટ્રેન હેઠળ ઝંપલાવી આત્મહત્યા કરી

# અમદાવાદના સોલા બ્રિજ પાસેનો બનાવ, પતિ, સાસુ અને સસરા સામે મરી જવા મજબૂર કર્યાની ફરિયાદ

અમદાવાદ | અમદાવાદમાં સોલા બ્રિજ પરની રેલ્વે ટ્રેક પર પરિણીતાએ ત્રણ વર્ષના પુત્ર સાથે પડતું મૂકીને આપઘાત કરી લીધો છે. પરિણીતાએ પતિ અને સાસુ સસરાના ત્રાસથી કંટાળીને દીકરા સાથે આપઘાત કરી લીધો છે. પરિણીતાના ભાઈના લગ્ન હતા ત્યારે લગ્નમાં પણ જવા દીધી નહોતી. વારંવાર માનસિક અને શારીરિક ત્રાસ આપતા પરિણીતાએ કંટાળીને આપઘાત કરી લીધો છે. આ અંગે બોડકદેવ પોલીસે પતિ અને સાસુ, સસરા વિરુદ્ધ આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.





ત્યારબાદ પણ અવારનવાર ત્રણે જણા મળીને મિતાને શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. મીતા તેના પિયરમાં પણ ગઈ હતી ત્યારે તેના પિતાએ તેને પૂછ્યું ત્યારે મિતાએ જણાવ્યું હતું કે સાસુ સસરા સતત ત્રાસ આપે છે અને કહે છે કે અમારે તો જોઈતી નથી તું મરી જા. આમ કંટાળીને મિતાએ 21 નવેમ્બરે સવારે 9:30 વાગે સોલા બ્રિજ પાસેના રેલ્વે ટ્રેક પર 3 વર્ષના પુત્ર સાથે પડતું મૂકીને આપઘાત કરી લીધો છે. બોડકદેવ પોલીસે મિતાના આપઘાત માટે જવાબદાર તેના પતિ હસમુખ, સાસુ શારદા અને સસરા કનુ વિરુદ્ધમાં ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### સાસરિયાઓના ત્રાસના કારણે અંતિમ પગલું ભર્યું

વિરમગામમાં રહેતા અંબારામભાઈ સોલંકીએ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે વર્ષ 2016માં તેમની દીકરી મીતાના હસમુખ મકવાણા નામના યુવક સાથે લગ્ન કરાવ્યા હતા. હસમુખ સોલા બ્રિજ નીચે છાપરામાં રહે છે. હસમુખ અને મિતાને ત્રણ વર્ષનો એક બાળક પણ છે. લગ્ન થયા ત્યારથી હસમુખ મીતા ઉપર શક રાખીને મારઝૂડ કરતો અને ત્રાસ પણ આપતો હતો. હસમુખના માતા શારદાબેન અને પિતા કનુભાઈ પણ મિતાને માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા. દોઢ વર્ષ પહેલાં મીતાના ભાઈના લગ્ન હતા જેમાં સાસરીયોએ જવા દીધી નહોતી અને કહ્યું હતું કે જો તારે તારા ભાઈના લગ્નમાં જવું હોય તો તું મરી જજે પરંતુ અમારા ઘરે પાછી ન આવતી જેથી મીતા લગ્નમાં ગઈ નહોતી.

# વટવામાં પ્રેમ પ્રકરણમાં પ્રેમિકાના ભાઈની હત્યા: તીક્ષ્ણ હથિયારથી હુમલો કરતા મોત

અમદાવાદ | અમદાવાદમાં વટવા જીઆઈડીસી વિસ્તારમાં પ્રેમ પ્રકરણમાં યુવકે પોતાની પ્રેમિકાના ભાઈની હત્યા કરી દીધી છે. પ્રેમી પ્રેમિકાને પ્રેમ સંબંધ રાખવા માટે દબાણ કરતો હતો. જેને લઈને પ્રેમિકાનો ભાઈ પ્રેમીને સમજાવવા માટે ગયો હતો. આ દરમિયાન બંને વચ્ચે તકરારથી થતા પ્રેમીએ પ્રેમિકાના ભાઈને તીક્ષ્ણ હથિયાર વડે મોતને ઘાટ ઉતારી દીધો છે. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હાથીજણ સર્કલ પાસે રહેતી મોનિકા સુથારે વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેને અસારવામાં રહેતા અશ્વિન ઝાલા સાથે પ્રેમસંબંધ હતો. બંને વચ્ચે વાતચીત થતી અને મળતા પણ હતા. પરંતુ મોનિકાના ઘરે ખબર પડતા પરિવાર સાથે તેઓ નારોલથી હાથીજણ રહેવા જતા રહ્યા હતા. ગઈકાલે રાત્રે મોનિકા તેના ફ્લેટની બહાર ચાલવા નીકળી હતી ત્યારે અશ્વિન બાઈક લઈને આવ્યો હતો. અશ્વિ મોનિકાની પાછળ પાછળ આવતો હતો. જેથી મોનિકા ત્યાંથી જતી રહી હતી. મોનિકાને ફોન કરીને કહ્યું હતું કે, 'તું મેરે સે બાત ક્યુ નહી કરતી મે તેરે બીના રહ નહી સકતા. મુજે તુજસે સાદી કરની હૈ, મોનિકાએ અશ્વિનને કહ્યું હતું કે, તુમસે શાદી નહીં કરની તો મુજે ફોન કર કે પરેશાન મત કર. ત્યારે અશ્વિને કહ્યું હતું કે, મેં તેરે બીના રહ નહી શકતા, તું મુજે અભી મિલ જે બાદ મોનિકાએ ફોન કાપી નાખ્યો હતો.

# જમાલપુરમાં મંજૂરી વગર ખડકી દેવાયેલી 6 માળની બિલ્ડીંગ તોડી પાડવામાં આવી

અમદાવાદ | અમદાવાદના ગાયકવાડ હવેલી વિસ્તારના બિલ્ડિંગ માફિયા સામે ગેરકાયદેસર અને નીચી ગુણવતાવાળું બાંધકામ ઊભું કર્યું હતું. AMC દ્વારા આ મામલે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ગુનો નોધી AMC સાથે મળીને ગેરકાયદેસર બાંધકામ તોડી નાખ્યું હતું. પોલીસે આરોપી વિરુદ્ધ તપાસ પણ શરૂ કરી છે. ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ વસંત રજબ પોલીસ ચોકી નજીક આવેલ રહેણાંક ફ્લેટ વર્ષ 2023માં 6 માળના ફ્લેટ બનાવવામાં આવ્યા હતા. જેને પગલે AMC એ ગેરકાયદેસર બાંધકામને લઈ ને 6 નોટિસ આપી હતી તેમ છતાં બિલ્ડર દ્વારા બાંધકામ દૂર કર્યું ન હતું. ત્યારે AMC અને ગાયકવાડ હવેલી પોલીસ દ્વારા 5 હજાર 900 ચોરસ મીટર બાંધકામ તોડી પાડ્યું હતું. ગાયકવાડ હવેલી પોલીસે જમાલપુરના બિલ્ડર માફિયા તૌસિફ કાદરી અને ફારૂક અબ્દુલકાદર સામે ફરિયાદ પણ નોંધીને ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે. ત્યારે પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે ફ્લેટ AMCની પરવાનગી વગર બનાવ્યા હતા. બિલ્ડિંગ સાથે જ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન વિસ્તાર મોન્યુમેન્ટ વિસ્તારમાં આવે છે જેની પણ મંજૂરી વગર ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું હતું.

અમિત શાહે કહ્યું, દિકરીની વિગત અને ઘરનું એડ્રેસ લઇને મારી ઓફિસે પહોંચાડી દેજો

# બુકફેસ્ટિવલમાં વિદ્યાર્થિનીએ કેન્દ્રીય-ગૃહમંત્રી સમક્ષ હાર્મોનિયમ શીખવાની ઈચ્છા વ્યક્ત કરી

(એજન્સી) અમદાવાદ | તા. 23

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે શનિવારે(22 નવેમ્બરે) સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2025ની મુલાકાત લીધી હતી. અમિત શાહે બુક સ્ટોલની મુલાકાત લીધી હતી. બુક ફેસ્ટિવલમાં બાળકો માટે અલગ અલગ સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે વિવિધ સ્પર્ધાઓમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત પણ કર્યા હતાં. નિકોલ વિસ્તારની સ્કૂલમાં ધોરણ પાંચમાં અભ્યાસ કરનારી વિદ્યાર્થિનીને સન્માનિત કરી હતી. ત્યારે વિદ્યાર્થિનીએ કેન્દ્રીય ગૃહ મંત્રી સમક્ષ પોતાને હાર્મોનિયમ શીખવા માટે ઈચ્છા વ્યક્ત કરતા અમિત શાહે સાથે રહેલા ધારાસભ્ય અમિત ઠાકરને કહ્યું, વિદ્યાર્થિનીની વિગત લઈ ઓફિસ મોકલાવજો. ધારાસભ્યએ વિદ્યાર્થિનીની નામ, સરનામું અને વિગત લઈને ગૃહ મંત્રીની ઓફિસે મોકલાવી હતી. 22 નવેમ્બર શનિવારના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ બુક ફેસ્ટિવલ દરમિયાન યોજાયેલી વિવિધ સ્પર્ધાઓના વિદ્યાર્થીઓને સન્માનિત કરી રહ્યાં હતા. જે દરમિયાન અમદાવાદની પુરૂષોત્તમનગર સ્કૂલમાં અભ્યાસ કરતી 10 વર્ષીય વિદ્યાર્થિની પ્રગતિ ચૌહાણને હાર્મોનિયમ સ્પર્ધામાં પહેલો નંબર મેળવવા બદલ સન્માનિત કરી રહ્યાં હતા.



### અમિત શાહે બાળકો સાથે આત્મીય વાર્તાલાપ કર્યો

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે બુક ફેરના વિવિધ સ્ટોલ્સની રૂબરૂ મુલાકાત લીધી હતી અને પુસ્તકો પ્રત્યે પોતાનો વિશેષ લગાવ વ્યક્ત કર્યો હતો. તેમણે આ પ્રસંગે ઉપસ્થિત વિવિધ શાળાઓના બાળકો સાથે આત્મીય વાર્તાલાપ કર્યો હતો અને તેમને વાંચનનું મહત્વ સમજાવી પ્રોત્સાહિત કર્યા હતા. બાળકો સાથેના આ સંવાદે મહોત્સવમાં એક ઉષ્માભર્યો માહોલ સર્જ્યો હતો. ઉલ્લેખનીય છે કે કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહની સાથે મંત્રી જીતુ વાઘાણી અને મંત્રી ઋષિકેશ પટેલ, અમદાવાદ શહેરના ધારાસભ્યો અને AMCના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...